# શ્રી શાંતિનાથ ભગવાનના ભવ

(માનવભવ જેવો ઊંચો, એવો એનો ઉદ્દેશ ઊંચો અને કાર્યવાહી ઊંચી જોઇએ. આ વસ્તુ શ્રી શાંતિનાથ ભગવાનના ૧૨ ભવના ચરિત્રમાંથી સમજવા મળે છે તેથી એ ચરિત્રના આધારે વિચારીએ.

## પ્રથમ ભવ-શ્રીષેણરાજા

રત્નપુર નગર છે, રાજા શ્રીષેણ રાજ્ય કરે છે. એ શાન્તિનાથ ભગવાનનો જીવ છે. એને બે રાણી, એક અભિનંદિતા, અને બીજી શિખનંદિતા. એમાં અભિનંદિતાને બે દીકરા, એક બિન્દુષેણ અને બીજો ઇન્દુષેણ. વખત જતાં આ બે પુત્રોના અકાર્યથી રાજાને કેવો ખેદ થાય છે એ જોવા જેવું છે. બાપ બન્યા પછી દીકરાને માટે શી મુખ્ય ઇચ્છા હોય એ વિચારવા જેવું છે. દીકરાના અકાર્યથી શ્રીષેણના રાજ્યપાટ, સમૃદ્ધિ કે સુખવિલાસને વાંધો નથી આવ્યો, યા દીકરો રાજા થશે, ત્યારે એના રાજ્યપાટ વગેરેને વાંધો નથી આવવાનો, છતાં આર્યમાનવ અવતારને અયોગ્ય કાર્ય એક આર્ય પિતા સહન ન કરી શકે એ આમાંથી બોધપાઠ છે.

વિચારવા જેવું છે, બચ્ચાના બા બાપા બનીને બચ્ચાને શું આપવાનું ને શું શિખવવાનું મન થાય છે ? તે એના જનમથી માંડીને આપણી હયાતી હોય ત્યાં સુધી શું શું આપવાનું ને શું શું શિખવવાનું મન થાય ? પૈસા ટકા, એની વિદ્યા અને સુખસામગ્રી જ આપવાનું મન રહે ? કે દેવ-ગુરુ-ધર્મની મમતા-શ્રદ્ધા-બહુમાન પણ આપવાનું મન રહે ખરું ? કેવળ દુનિયાદારી જ શિખવવાનું મન ? કે દુષ્કૃત દુર્ગુણોનો ત્યાગ અને સુકૃત-સદ્‌ગુણો શિખવવાનું મન ખરું ?

**માનવ જનમ જેટલો ઉચ્ચ કોટિનો છે, એટલું જીવન પણ ઉચ્ચ કોટિનું જીવવું જોઇએ, અને એ માટે જીવનમાંથી અ-કાર્ય, અ-કર્તવ્ય, અ-ભક્ષ્ય, અ-પેય, અ-વાચ્ય, અ-વિચાર્ય વગેરેના ત્યાગવાળું અને સત્કાર્ય-સત્કર્તવ્ય-સુકૃત વગેરેથી ભર્યું ભર્યું જીવવું જોઇએ,**

એવું જો દિલમાં બેઠું હોય તો જ સંતાનને યોગ્ય આપવાનું અને યોગ્ય શિખવવાનું મન રહે.





શ્રીષેણ રાજાને એવો પ્રસંગ આવી લાગે છે બંને પુત્ર સારા કેળવાયેલા અને ગુણિયલ છે. એ બાપની પછી રાજ્યપાટ સારું સંભાળી શકે એવા છે, એટલે રાજાને એ વાતનો કોઇ અસંતોષ નથી. કિન્તુ એક વાર જુએ છે કે એ બંને એક પરદેશી વેશ્યાને પોતાની કરવા ઝગડી રહ્યા છે. બસ એટલી વાત પર રાજા શ્રીષેણ દુઃખિત થઇ જાય છે. તે જોજો એટલો બધો દુઃખિત કે એમને રોકવામાં પોતાનું નથી ચાલતું ત્યારે આ જોવા જીવવું ભારે લાગે છે.

માનવભવનાં મૂલ્ય માત્ર પોતાના માટે જ નહિ, પણ પોતાના આશ્રિતના માટે પણ અકાર્યથી બચવામાં લાગે.

**અકાર્યથી બચવામાં જ ભવનાં મૂલ્ય સમજાય ત્યાં જ આર્યત્વ ઝગમગતું હોય.**

**માનવતા ત્યાં જીવંત દેખાય.** આજેય માનવને બીજા પ્રાણીઓ કરતાં વિશિષ્ટ પ્રાણી માનવામાં તો આવે છે, પરંતુ તે વિશિષ્ટતા શી સમજે છે ? બીજા પ્રાણીઓને મારીને જીવવાની ! તે ય યોજનાપૂર્વક ફસાવીને અને ક્રૂરપણે મારવાની વિશિષ્ટતા ! આ સારી વિશિષ્ટતા છે ? કે નરસી છે ? દૈવી વિશિષ્ટતા ? કે દાનવી રાક્ષસી વિશિષ્ટતા ?

**રાક્ષસી વિશિષ્ટતા પર માણસ બીજા કરતાં સારું પ્રાણી ન કહેવાય.**

એ તો ભયંકર ખરાબ પ્રાણી કહેવાય. માણસ જો દાવો રાખે છે કે બીજા પ્રાણીઓ કરતાં હું શ્રેષ્ઠ પ્રાણી છું, તો પછી ઉદ્દેશમાં અને કાર્યમાં શ્રેષ્ઠતા જોઇએ, ભયંકરતા નહિ.

સમ્રાટ અશોકે કલિંગદેશ પર ચઢાઇ કરી, એમાં ખૂનસમાં આવીને પ્રજા પર ભયંકર કત્લેઆમ ચલાવી !

મોગલ સમ્રાટ અકબ્બરે ચિત્તોડ પર રાણા પ્રતાપને નમાવવા વરસો સુધી આક્રમણ ચાલુ રાખેલું, એને ચિત્તોડ સર કરી ચિતોડના હજારો બ્રાહ્મણો પર ભયંકર કત્લેઆમ ચલાવેલી.

રશિયા અને ચીને સામ્યવાદ લાવવા માટે ભયંકર માનવસંહાર કરેલા.

શું આ બધી સારા શ્રેષ્ઠ પ્રાણી તરીકેની વિશિષ્ટતા છે ? એ જો મનાય તો તો પછી આજના છોકરાઓના હાથે મા-બાપ પણ બચી નહિ શકે. કેમકે એમને મા-બાપ પોતાના તુચ્છ સ્વાર્થની આડે આવતા દેખાય છે.

પરંતુ એવા રાક્ષસીવેડા એ કાંઇ વિશિષ્ટતા જ નથી, નહિતર વાઘ-વરુ-

બિલાડાને વિશિષ્ટ પ્રાણી કહેવા પડે.

**માનવની વિશિષ્ટતા સારા ઊંચા ઉદ્દેશ અને સારી ઉચ્ચ કાર્યવાહી ઉપર જ ગણાય.**

સતા-સતીઓને કેમ પ્રભાતે ઊઠીને યાદ કરીએ છીએ ? કેમ એમનું એકલું નામસ્મરણ પણ મંગળરૂપ માનીએ છીએ ? કહો, એ બધા પરલોક ઉજ્જવલ બનાવવાના ઉંચા ઉદ્દેશવાળા અને શીલ સંયમની ઉચ્ચ કાર્યવાહીવાળા હતા તેથીસ્તો.

રાજા શ્રીષેણને એટલે જ દુઃખ લાગી ગયું કે 'મારા પુત્રો કુશીલના માર્ગે જઇ એક વેશ્યા ખાતર લડી મરે છે ?' તે એ દુઃખની આંધીમાં છોકરાઓને ખૂબ સમજાવે છે, છતાં એ ન સમજ્યા એટલે જીવવું ભારે લાગ્યું, તે વિષપ્રયોગથી વિષમય ફૂલ સુંઘીને પોતાનું જીવન ટુંકાવી નાખ્યું. એની પાછળ એની બે રાણીઓ અને આશ્રયે રહેલી એક બ્રાહ્મણી સત્યભામાએ પણ એ જ રાહ લઇ જીવનનો અંત આણ્યો. આ સારું કર્યું કે નહિ, એ સવાલ પછી છે, પણ રાજાની માનવજીવનમાં કઇ ઉચ્ચ કાર્યવાહી હોય એ અંગેની મનોદશા જોવાની છે. આવું કાંઇક જુઓ તો સારું પામી જવાય. નહિતર નિરર્થક સવાલમાં પામવાનું ચૂકો.

આમાં જે સત્યભામા બ્રાહ્મણી સામેલ થઇ એ પણ અલબત આ રાજકુમારો સાથેની કોઇ સગાઇ નિસ્બતથી નહિ, પરંતુ અ-કુલીન પતિ સાથે જીવનને નહિ વિડંબવાના ઉચ્ચ ઉદ્દેશથી હતું.

**સત્યભામા કેમ કપિલને પરણેલી !-**

બનેલું એવું કે સત્યભામાના વિદ્વાન બ્રાહ્મણપણાનો દાવો રાખનારા એક દાસીપુત્ર કપિલ સાથે અજાણમાં લગ્ન થઇ ગયેલા. અજાણમાં એ રીતે કે દાસીપુત્ર કપિલ પરદેશથી આવેલો, અને પોતાને શાસ્ત્રો ભણેલા ખાનદાન બ્રાહ્મણપુત્ર તરીકે ઓળખ સત્યભામાના પિતા બ્રાહ્મણને આપેલી અને એને ત્યાં જ કેટલોક વખત રહીને શાસ્ત્રબોધનો પડચો દેખાડેલો, તેથી સત્યભામાનાં એની સાથે લગ્ન કરેલા.

કપિલ અચલગ્રામથી રત્નપુર આવેલો. એ કપિલ કોણ હતો ? અચલગ્રામમાં એક ધરણીજઢ નામે કુળવાન ભણેલો બ્રાહ્મણ રહેતો. એને કુળવાન બ્રાહ્મણ કન્યા પરણવા મળેલી. પરંતુ એના ઘરમાં પત્નીને કામકાજમાં રાહત મળે એટલા માટે એક કપિલા નામની દાસી રાખેલી, તે ધરણીજઢ બ્રાહ્મણ એના પ્રત્યે મોહાંધ બનેલો બ્રાહ્મણે શાસ્ત્રો ભણેલો હતો. પણ,





**પરનારીના સંપર્ક અને આકર્ષણ ભૂંડા, ચિત્ત કલુષિત કરી નાખે.**

ત્યાં પછી વિદ્યા, કુળ, ધર્મિષ્ઠતા...વગેરે બાજુએ ઊભા રહી જાય છે. અલબત, કુળવાનપણું એ શ્રાવકના ૨૧ ગુણોમાંનો એક ગુણ છે, ને તે એટલા માટે કે એ ગુણ અકાર્યથી બચાવે. માથે ભાર રહે છે કે 'હું ઊંચા કુળનો, મારાથી નીચ કુળવાળાની જેમ અકાર્ય-હલકું કાર્ય ન કરાય.'

(૨) કુલીન-કુલીનતા વર્તુલમાં ભય પણ રહે છે કે 'અકાર્ય કરીશ તો ફજેત થઇશ.' તેથી પણ માણસ અકાર્યથી બચે છે.

(૩) એમ કુલીન હોવાથી સદ્‌ગુરુ અને શાસ્ત્રવાણીનો સંપર્ક મળે છે એ પણ જીવને અકાર્યનાં ભારે કૂડાં ફળ બતાવે છે, ને માનવ જનમની ઉચ્ચતા બતાવે છે. તેથી પણ અકાર્ય આવા ઉંચા જનમને છાજતા નહિ એમ સમજીને પણ અકાર્યથી બચાય છે.

**અકાર્યો અધમ કુળવાળવામાં કેમ વધારે દેખાય છે ?**

આટલા જ માટે કે એમને બિચારાને એક તો જનમથી બીજ અને પોષણ ખોટાં મળેલાં છે. માતા પિતા જ હલકા કુળના, એટલે પુત્ર જનમમાં બીજને પોષણ હલકાં જ મળેલાં હોય.

તેમજ બીજું એ, કે અધમ કુળના હિસાબે એવા સદ્‌ગુરુ અને શાસ્ત્રવાણી પણ મળવા મુશ્કેલ. પાસેમાં મળે એમ હોય તો ય પોતાને એ મેળવવા તરફની પરવા જ ન હોય, ગરજ જ નહિ. નીચ ગોત્રનો એ પ્રભાવ છે કે સત્સંગ સૂઝવા ન દે. પૂછો-

પ્ર૦- અધમ કુળ તો માણસે ઉપજાવી કાઢેલા ને ? તો એમાં સત્સંગ કેમ ન ગમે ?

ઉ૦- ભલેને એકવાર માણસે ઉપજાવી કાઢેલા માનો, પણ એમાં એક જીવ ઊંચા કુળમાં જન્મે છે, બીજો નીચા કુળમાં, એ હકીકત છે ને ? તો એમાં ભેદ કોણે પાડ્યો ?' આની પાછળ શું એવું કારણ છે કે એક જીવને ઉપજાવી કાઢેલા ઉંચા કુળમાં જ લઇ આવે ને બીજાને નીચ કુળમાં ?

**શ્રીમંત-ગરીબનો ભેદ પણ મનુષ્યકૃત -**

શ્રીમંતાઇ-ગરીબી પણ માણસેજ ઉપજાવી કાઢેલી જ છે ને ? મનુષ્યકૃત જ ને ? પૈસાનું મૂલ્ય આંક્યું એટલે આ ભેદ ઊભો થયો કે પૈસાવાળો તે શ્રીમંત, અને પૈસા વિનાનો એ ગરીબ. નહિતર યુગલિક કાળમાં જ્યાં સૌને કલ્પવૃક્ષનો લાભ મળતો હતો ત્યાં ક્યાં શ્રીમંત-ગરીબનો ભેદ હતો ? પરંતુ જ્યારે ભેદ પડ્યો તો

પછી એ વિચારવું પડે ને કે એકને શ્રીમંતને ત્યાં જનમ, ને બીજાને ગરીબને ત્યાં જનમ એ ભેદ કેમ પડ્યો ? એની પાછળ કોઇ કારણ તો જોઇએ જ ને ?

કહેવું જ પડે કે જીવના પોતાનાં પૂર્વનાં સબળાં શુભ કર્મ શ્રીમંતને ત્યાં અવતાર આપે, ને અશુભ કર્મ અથવા દૂબળાં શુભ કર્મ ગરીબને ત્યાં જનમ આપે.

એમ અહીં પણ માનવું જ પડે કે પૂર્વનું ઉપાર્જેલું ઉંચ ગોત્રકર્મ ઉંચા કુળમાં જનમ આપે, ને નીચગોત્રકર્મ નીચા કુળમાં જનમ આપે. મેતારજને બીજું બધું સારું હતું, પરંતુ નીચગોત્રકર્મ લઇને આવેલા, તેથી એમને નીચ કુળમાં ઢેડડીના પેટમાં ઉતરવાનું થયેલું ! આવ્યા છે દેવલોકમાંથી, ને તે પણ એની પૂર્વના ભવમાં સુંદર ચારિત્ર પાળીને આવેલા છે, છતાં કેમ નીચા કુળે અવતાર ? કારણ, એ ચારિત્ર પાળતાં સહેજ વિચાર આવી ગયેલો કે 'મહાઅહિંસાદિ ધર્મોવાળું ચારિત્ર તો ઉત્તમ, પરંતુ એમાં અચિત્ત જળથી ય સહેજ શરીર સાફ કરવાનું ન રાખ્યું, તે શરીર મેલું રહે એ ઠીક નહિ' બસ, મેલ પર આ દુગંછા આવી એણે મેલા કુળમાં અવતારનું કર્મ 'નીચગોત્ર કર્મ' બંધાવી દીધું. એ કર્મે મેતારજને મેતરાણી-ભંગણીના પેટમાં ઊતાર્યા.

### કર્મની કેવી વિષમતા અને શિરજોરી છે !

સુંદર ચારિત્રનું વર્ષોસુધી પાલન હતું, તે ય એવું કે હવે પછી દેવનો અવતાર મળે અને તે પછી પણ મનુષ્યઅવતારે મોક્ષ મળે ! છતાં કર્મને એની શરમ ન રહી, તે એને ભંગણીના પેટમાં ઉતાર્યા ! બસ, 'સહેજ પણ ખોટો વિચાર કેમ કર્યો ? લ્યો લેતા જાઓ અશુભ કર્મ. કર્મની વિષમતા આ કે સંયમથી ઊભા થયેલા ઢગલો શુભકર્મ, એમાં ઉચ્ચગોત્રકર્મ પણ ખરાં, એની વચમાં અશુભભાવથી અશુભ નીચગોત્રકર્મ દાખલ થઇ ગયું. સોનાની થાળીમાં લોઢાની મેખ ! કેશરના ચાંલ્લા પર કોલસાની સહેજ ભૂકી ! આ વિષમતા જ છે ને ? નીચગોત્ર પણ એવું ખધું કે દેવજન્મ પછી ઉચ્ચગોત્રને જાણે કહે કે 'હમણાં તું ઊભું રહે, મારું ફળ પહેલું બતાવીશ.'

નીચગોત્રકર્મ ફળ કેવું બતાવ્યું ? ચરમ શરીરી અર્થાત્ તદ્ભવ મોક્ષગામી જીવને ઢેડડીના પેટમાં ઉતાર્યા ! કર્મની આ શિરજોરી જ છે ને ?

**કર્મની વિષમતા એટલે પુણ્યમાં પાપનાં મિશ્રણ. કર્મની શિરજોરી એટલે મહાલાયકને પણ અશુભ કર્મ છોડે નહિ,**





### કર્મની શિરજોરી સમજીએ તો મન ન બગડે:-

મહાવીર ભગવાન કેવાં લાયક ? સર્વોચ્ચ યોગ્યતાવાળા પરમ પુરુષ, પુરુષોત્તમ, છતાં એમને અશુભ કર્મે છોડ્યા નહિ. પહેલાં તો દેવાનંદાની કુક્ષિમાં ઉતાર્યા, ને પછી શૂળપાણી સંગમ-ગોવાળ ચંડકોશિક યાવત્ છેલ્લે ગોશાળકે જીવલેણ દુ:ખ દીધાં ! જગત-દયાળુ તીર્થંકર ભગવાન જેવાને ય ન છોડે એવી કર્મની શિરજોરી જો બરાબર નજર સામે તરવરતી રાખીએ તો આપણાં પર મહાવીરપ્રભુને વરસ્યાં એવા તો ક્યાં કર્મ ત્રાટકે છે ? કિન્તુ એનાથી બહુ ફોરાં અશુભકર્મ ઉતરી પડે ત્યારે મન ન બગાડીએ.

### મન કેમ બગડે છે ?

(૧) દુ:ખમાં જટિલ કર્મને નિમિત્તભૂત ન જોતાં બીજા-ત્રીજાને નિમિત્ત માનવા જઇએ છીએ તેથી એના પર કષાય ચડે છે, ને મન બગડે છે. અથવા

(૨) બીજું પોતાની પાસે સારું મળેલું ભૂલીએ છીએ, એની ઝગમગતી ખુશી નથી રાખતા એટલે પછી કર્મની શિરજોરીએ બગડેલા પર મન દીનહીન રાંકડું બની જાય છે. બહુ લોભી કૃપણને પાસે પાંચ લાખ સલામત છતાં જો કોઇના વાંકે રૂપિયા પાંચ હજાર વેપારમાં ગુમાવ્યા તો જુઓ એ કેટલો આકુળ વ્યાકુળ થાય છે ? અગર ચોરાઇ ગયા તો જુઓ એની દીનહીનતા ? શી મોટી ખોટ પડી ? પાસે પાંચ લાખ રૂપિયા છે. પરંતુ એની ઝળકતી ખુશી પાંચ હજાર ગુમાવવા ટાણે અલોપ થઇ જાય છે તેથી એનું મન બગડે છે. જો એ ખુશી ઊભી રાખે તો મન ન બગડે એમ,

### ધર્મીનું મન કેમ ન બગડે ?

ધર્મી આત્મા જો સમજે કે 'મને અલૌકિક અદ્ભુત અને વિશ્વમાં ન મળે એવા દેવાધિદેવ અરિહંત પરમાત્મા, એમનું ધર્મશાસન, શાસનમાં થયેલા મહાપુરુષોના અજોડ ઇતિહાસ, મંદિર સદ્ગુરુ નવકાર દયાદિધર્મ વગેરે એવું મળેલું છે કે એની આગળ ચક્રવર્તીપણાના ય સત્તા-વૈભવ વિસાતમાં નથી, કેમકે અહીં મહાન સમાધિ અને પરભવે મહાન સદ્ગતિ આદિ અપાવનાર એ સત્તા-વૈભવ નહિ, પણ આ દેવાધિદેવ વગેરે છે'. જો આ સમજ અને એની ખુશી ખુશી ઝગમગતી રાખે તો પછી બાહ્ય નુકસાન અગવડમાં મન ન બગડે.

પરંતુ જો પેલી ખુશી-ખુશી ઝગમગતી ન રાખે, તો કર્મની શિરજોરી પર મન રાંકડું બની બગડે છે.

**ધર્મીને કિંમત ભુલાતાં મન બગડે છે.**

**અજ્ઞાની માણસ કર્મની શિરજોરી ન જોતા બીજાની ભૂલ જોઇ દીન અને કષાયી બને છે, કર્મની વિષમતા ન જોતાં અભિમાની બને છે.**

સારી પત્ની મળી, પૈસા મળ્યા સત્તા મળી એટલે અજ્ઞાનીને અભિમાન થાય છે. એને ગમતી આ ચીજો તો પુણ્યને પરાધીન છે. પુણ્યને આધીન ચીજો મળ્યા પર ગુમાન શું કરે ? ક્યાં એ તારે આધીન છે ? તારી ઇચ્છાને આધીન ? વળી પુણ્ય પણ પાપનાં મિશ્રણથી કલંકિત હોય છે, તેથી એક સારું મળ્યું તો બીજું ખોટું મળે છે, ત્યાં

**ખોટું મળ્યાની નાલેશી ન જોતાં સારું મળ્યાની શાબાશી શું, લે છે ?**

કોણ આજે એવો સુખી છે કે જેને બધું જ મનમાન્યું મળ્યું છે, કશું જ અણગમતું નથી અનિષ્ટ નથી મળ્યું ? કાંઇ ને કાંઇ અનિષ્ટ તો લમણે લાગેલું હોય જ છે. આવક સારી છે તો ટેક્ષમાં બહુ તણાઇ જવાનું અણગમતું રહે છે, યા છોકરો બહુ હોશિયાર નથી, યા ઉદ્ધત છે, કે માંદલો રહે છે. ભાગીદાર બરાબર નથી, કે પોતાને રોગ છે, ગેસ રહે છે, આવું કાંઇ ને કાંઇ અણગમતું હોય છે.

હવે આમાં માણસ જો અભિમાન કરે કે 'મારા જેવો કોઇ સુખી નહિ,' જો પોતાના સુખ ઉપર શાબાશી માનતો હોય, તો એ બેહૂદું છે. કેમકે બીજી બાજુ કર્મે અનિષ્ઠ માથે પાડ્યાં છે, એ જીવની નાલેશી છે. કર્મસત્તા જાણે કહે છે, જા, તું શ્રીમંત થા, પણ બૈરી પાસે તને ગુલામ બનાવું યા 'છોકરો બુડથલ આપું' કે 'ઉદ્ધત આપું' અથવા 'ભારે સરકારી લફરાં રાખું' તો શું આ અણગમતાં માથે લાગે એ જીવની શાબાશી છે ? કે નાલેશી છે ? અવસરે કોઇ આપત્તિ, અકસ્માત્ આવ્યા એ નાલેશી નથી ?

**કર્મથી થતી નાલેશી પર દુઃખ હોય, તો સત્તા-સંપત્તિની શાબાશી ન લેવાય, અભિમાન ન કરાય.**

પરંતુ અશુભ કર્મોથી જીવની થતી નીલેશી સામે જોયું નથી, જે પુણ્યકર્મે અનુકૂળ મળ્યું એના પર શાબાશી લે, ગુમાન કરે, એ કેવો મૂઢ ગણાય ?

કર્મની આ શિરજોરી છે કે ગમે તેવા સારા માણસ પર પણ આપત્તિ ઉતારી દે. સીતાજી કેવા ? બહુ સારા, છતાં એમના પર કલંક ઉતાર્યું, વનમા હકાલપટ્ટી ઉતારી ! એમ તદ્ભવ-મોક્ષગામી મેતારજને ભંગણીના પેટમાં ઉતાર્યા !





એ તો સારું હતું કે નીચગોત્રકર્મ બહુ સબળું નહોતું, એટલે ભંગણીએ જન્મ આપ્યા પછી એના દ્વારા એ તરતજ નગરના મોટા શેઠને ત્યાં શેઠાણીના દીકરા તરીકે મુકાઇ ગયા. બાકી નીચ કુળમાં રહ્યા હોત તો સુસંસ્કરણ સદ્ગુરુ સમાગમ શાસ્ત્રવાણી વગેરે ક્યાં મળવાનું હતું ? અને સારાકુળમાં મળે, તેથી કુળની કિંમત છે. સારા કુળવાળાને બોધ લાગવો સરળ છે. મોટાભાગે હીન કુળવાળાને સારો બોધ ન લાગે.

પ્ર૦-હીન-હલકા કુળવાળાને કેમ બોધ ન લાગે ? પશુ કરતાં ભેજાવાળો માણસ છતાં બોધ ન લાગે ?

ઉ૦-એનું કારણ છે, કે પૂર્વે અભિમાન કે એવું કોઇક પાપ કર્યું એટલે જેમ નીચ ગોત્રકર્મ ઉપાજર્યું, એમ સાથોસાથ જ્ઞાનાવરણીય ને મોહનીયકર્મ પણ ઉપાજર્યાં છે, ને એ કર્મ ભેજા પર બુદ્ધિ ઉપર આવરણ લાવી દે છે જેથી જીવને અજ્ઞાન અને મોહ જ સૂઝે, સદ્બોધ-સુબુદ્ધિ નહિ.

કર્મની આ પણ શિરજોરી છે કે મુખ્ય નરસાં કર્મની સાથે કેટલાય બીજા નરસાં કર્મની ફોજ ચાલી આવે. લખી રાખો,

**કર્મની શિરજોરી, મુખ્ય અશુભ કર્મ સાથે બીજાં અશુભ કર્મની ફોજ ! માટે અશુભ ભાવ રોકો.**

અશુભકર્મ બંધાવનાર અશુભ ભાવ છે. માટે કોઇપણ અશુભ ભાવથી હૈયું બગાડતા પહેલાં થોભવાનું છે, વિચારવાનું છે કે 'જો આ ગુસ્સો-અભિમાન ઇર્ષ્યા, જડની લગન, સ્ત્રીરાગ, ધનરાગ...વગેરે જે અશુભ ભાવ છે, એમાંના કોઇપણ અશુભ ભાવથી મન બગાડીશ, તો એને યોગ્ય એક મુખ્ય અશુભ કર્મ તો બાંધીશ, પણ Sideway વધારામાં બીજા કેટલાંય અશુભ કર્મોનો થોક બંધાવાનો.'

દા.ત. દયા ચૂકીને દ્વેષ કર્યો, હિંસા કરી, તો શું એકલું અશાતાવેદનીયકર્મ જ બંધાય ? ના, સાથે સાથે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયકર્મ, અપયશાદિ નામકર્મ...વગેરે કેટલાંય કર્મ પણ બંધાય જ છે.

**બહુ વિષય વિલાસના ભાવ રાખ્યા, તો મુખ્ય અશાતા અને મોહનીયકર્મ બંધાય,**

પણ સાથે સાથે નીચગોત્ર, અપયશ, દુર્ભાગ્ય, લાભાંતરાય ભોગાંતરાય, વગેરે કેટલાંય અશુભ કર્મ પણ બંધાય. આ કહેનારાં જિનવચન પર જો શ્રદ્ધા હોય, તો સદા સાવધાન રહેવાય અને ચિત્તમાં વિષય વિલાસના ભાવ ઊઠવા જ ન દેવાય અરે ! એ ઊઠે ને વધે એવાં નિમિત્તથી ય દૂર જ રહેવાય.

**વાસનાને ઉશ્કેરે એવાં નિમિત્તથી દૂર રહેવું એ બહુ મહત્વનું છે. કેમકે ઊંચા માનવના અવતારના ઉદ્દેશ ઊંચા સિદ્ધ કરવા છે. તો એ માટે કાર્યવાહી ઊંચી કરતા રહેવાનું છે.**

**આ ઊંચા ઉદ્દેશ કયા ? !-**

જીવને વિષયોની વાસનાથી મુક્ત કરવો તે ઊંચો ઉદ્દેશ છે. વિષયોના આકર્ષણ આસક્તિ -પરિણતિ મુક્ત જીવને બનાવવો તે ઊંચો ઉદ્દેશ છે. માનવ જનમમાં આર્ય કુળમાં આવી આ ઊંચો ઉદ્દેશ થોડો પણ સિદ્ધ ન કરી જઇએ ને એ વાસનાના ખેલ જિંદગીના ઠેઠ છેડા સુધી એમજ ચાલ્યા કરે, તો આ ઊંચા આર્યમાનવ જનમમાં ઉંચુ શું કમાયા ? જનાવરના અવતારે પણ એ તો કર્યું હતું, અનાર્ય માનવ અવતારે પણ એ જ કરેલું, એ અહીં ઊંચો આર્ય માનવના અવતાર મળ્યો છતાં ય એવી જ દુર્દશા ?

❀ ❀ ❀ ❀ ❀ ❀

ખૂબી પાછી એ છે કે જીવને નિમિત્ત સામે નથી આવતું તો સીધું કામ ચાલે છે, કોઇ એવી વાસનાનો ઉશ્કેરાટ નહિ. પણ નિમિત્ત સેવે છે ને મરે છે. રસ્તે સીધો ચાલ્યો જતો હતો, કદાચ મનમાં 'નીચે કોઇ જીવજંત નથી ને ?' એ લક્ષ હતું, ત્યાં વાસનાનો કશો ઉશ્કેરાટ નહોતો. પરંતુ જ્યાં સામેથી આવતી પરસ્ત્રી આવી ને એની સામે જોવા ગયો કે મર્યો ! તરત અરે ! જોવા ન મળી, પણ માત્ર મનમાં લઇ આવ્યો તો ય મર્યો ! તરત ત્યાં ચિત્ત વિહ્વળ થાય છે, વાસના ઉશ્કેરાય છે. એટલા જ માટે પહેલું તો આ જ કરવા જવું છે કે નિમિત્ત ભલે કદાચ સામે આવી ગયું, પણ આપણે એને લક્ષમાં જ ન લઇએ. જાણે એ સામે છે જ નહિ ! ત્યારે,

**વાસના જગાડનારાં નિમિત્ત તરફ દુર્લક્ષ કરીએ એમાં સત્ત્વ અને શુભ ભાવ ખીલે છે.**

**(૧) પાપનિમિત્ત ત્યજી સત્ત્વ કેળવ્યાના મહાલાભ :-**

આ બેઠી કમાઇ છે. આમાં ક્યું તપનું કષ્ટ છે ? ક્યા વહાલા લાગતા પૈસા દઇ દેવાના છે ? કે કયું બીજું ધર્મનું કષ્ટ વેઠવાનું છે ? કયો મોટો પરિસહ સહવાનો છે ? કશું જ નહિ, માત્ર નિમિત્તથી આઘા રહેવાનું છે. તે ય 'જો આ નિમિત્ત ન મળ્યું હોત તો કેવા ચુંથાઇને બેસી રહ્યો હોત ?' એવી મનને સમજ કરવાથી નિમિત્તમાં મન ન ઘાલવાનું સહેલું છે. અને કમાઇ સુંદર ! (૧) સત્ત્વ વિકસતું





જાય ! (૨) શુભ ભાવ જાગતો થાય.

સત્ત્વવિકાસ મોટી ચીજ છે. મનને રોકવા સત્ત્વ જોઇએ છે. અનેકાનેક અશુભ નિમિત્તોમાં મનને ન જવા દઇએ, આવું વારે વારે કરીએ એટલું સત્ત્વ વધુ ને વધુ વિકસતું જાય છે, દ્રઢ થતું જાય છે. એ ખૂબ વિકસિત થયેલું ખૂબ દ્રઢ બનેલું.

(૧) સત્ત્વ અવસરે પાપથી જબરદસ્ત બચાવ આપે છે,

(૨) અવસરોચિત ખરેખરું સુકૃત સધાવે છે.

(૩) એમ કેળવેલું સત્ત્વ રોગ કે બીજી આપત્તિમાં ચિત્તને સ્વસ્થ રાખે છે. સત્ત્વહીન જીવ એવા પ્રસંગે પોક મૂકે છે, કેમકે રોગ આપત્તિ સહી લેવાનું એનામાં સત્ત્વ નથી. સાત્ત્વિક જીવ સહન કરી શકે છે, પછી શું પોક મૂકે ? એ સત્ત્વની દ્રઢતા એવા પ્રલોભક નિમિત્તોમાં મનને જતું અટકાવે છે.

**(૨) પાપનિમિત્ત તજવામાં બીજો લાભ શુભ ભાવ જાગવાનો છે.**

એ આ રીતે કે પતનનું નિમિત્ત સામે આવતાં મનને જે થયું કે 'હું આ પાપનિમિત્ત ન સેવું એમાં ન તણાઉં, એનાથી આઘો રહું. નહિતર મારી બુદ્ધિ બગડે, બુદ્ધિમાં-દિલમાં પવિત્રતા મટીને અપવિત્રતા પેસે, રાગાદિ વિકાર જાગે. માટે એવાં નિમિત્તોથી દૂર ને દૂર રહ્યા સારા.'

**આ પવિત્ર રહેવાનો ભાવ એ શુભ ભાવ છે.**

**પતનનાં નિમિત્તથી દૂર રહેવાની ઇચ્છા એ શુભ ભાવ છે.**

નોવેલ-નવલિકાનાં વાંચન જડની બોલબોલાનાં વાંચન, એવાં દર્શન, દા.ત. પ્રદર્શન જોવા, દિવાળી-દર્શન, સિનેમા-નાટક-ટી.વી. દર્શન, પરસ્ત્રી દર્શન, પરિચય, કુમિત્રસંપર્ક...ઇત્યાદિ ઇત્યાદિ એ અસત્ નિમિત્તો છે, પતનનાં નિમિત્તો છે. એના માત્ર વિચાર પણ ખોટાં નિમિત્ત છે. સ્ત્રીશરીરના માત્ર વિચારમાં ચડો તો ય મન બગડે.

**ઉંચા કુળમાં મળેલા જનમનું મૂલ્ય આંકવું જોઇએ.**

કેમકે આજના કાળે એવાં મલિન ભાવ જગાવનારાં સાધન વધારી દીધાં, સુલભ કરી મૂકવા છે કે જેથી ઊંચા કુળવાળોય નીચકુળવાળાની હરોળમાં બેસી જાય છે.

અસ્તુ વાત આ હતી કે નીચ કુળમાં બોધ ન લાગે, અકાર્ય ન કરવાનો માથે ભાર ન હોય, વગેરે નીચા કુળની ખરાબીઓ છે, ત્યારે ઊંચા કુળમાં સત્સંગ

બોધ-અકાર્યની શરમ, વગેરે લાભો છે, તેથી કુળવાનપણું એ પણ એક ગુણ ગણ્યો.

આમ કુળવાનપણાનો આ પ્રભાવ કે એ માથે ભાર રખાવે, અને અકાર્ય કરતો અટકાવે. છતાં વિષય વાસનાનાં નિમિત્ત ભૂંડા, કે એ એવી વાસના જગાવે કે એ પછી અકાર્ય ન કરવાની શરમ પર ચઢી બેસી અકાર્યમાં જીવને તાણી જાય છે.

**અંધ વિષયવાસના જલ્લાદ છે.**

એ કુળને, બોધને, અને ધર્મિષ્ઠતાને અવગણીને અકાર્ય કરાવે છે.

**કપિલ કેમ દાસીપુત્ર -**

પેલો ધરણીજઢ બ્રાહ્મણ ઉંચા કુળનો અને વિદ્વાન છતાં ઘરમાં રુપાળી કપિલા દાસીના સંસર્ગનું ખોટું નિમિત્ત પામી ભૂલ્યો, અંધ વિષયવાસના જોર કરી ગઇ, તે એની સાથેના અયોગ્ય સંબંધમાં પડ્યો, ને એમાં એનાથી દાસીને ગર્ભ રહી ગયો, અને કપિલનો જનમ થયો. કપિલ દાસીપુત્ર બન્યો.

આ કપિલ આમ દાસીપુત્ર છતાં વિદ્વાન થાય છે ! કેમકે અલબત એને હલકા પેટનો જોઇ ધરણીજઢ ભણાવતો નથી, એટલી એને શાસ્ત્રની વિદ્યાની કદર છે કે શાસ્ત્રવિદ્યા અયોગ્યને-અપાત્રને ન અપાય. આમ વિષયાંધ છતાં શાસ્ત્રની મર્યાદાના ભારવાળો છે. છતાં જ્યારે એ પોતાના બે પુત્રોને વિદ્યાભ્યાસ કરાવે છે ત્યારે કપિલ ઘરમાં જ રહેતો એ બધું સાંભળતો રહે છે, ને એમ કરતાં કરતાં કપિલ વિદ્વાન બની જાય છે.

હવે કપિલ જુએ છે કે અહીં મારી પાસે શાસ્ત્ર બોધ છતાં એક દાસીના પુત્ર તરીકે કોઇ મારી કિંમત નહિ થાય, તેમ મારી પાસે કોઇ વિદ્યા લેવાય નહિ આવે. તો શું છતી વિદ્યાએ મારે અહીં પેટ માટે જિંદગીભર દાસપણું કરવું ? માટે જાઉં પરદેશ જેથી મારી કિંમત થાય, ને વિદ્યાદાન થાય.

જીવને આ જીવન માટે કેટલો ચાંપતો વિચાર છે ! એવો જો પરલોકની દ્રષ્ટિએ ચાંપતો વિચાર આવી જાય તો ?

પરલોકની દ્રષ્ટિએ ચાપતો વિચાર કેવો ? આવો કાંઇક, 'મારી પાસે છતી ધર્મ પુરુષાર્થની શક્તિએ અને છતી પાપત્યાગની શક્તિએ, અહીંના સગાવહાલા એને ઉપયોગ નહિ કરવા દે. તો શું મારે જિંદગીભર ધર્મ પુરુષાર્થ અને પાપત્યાગ ન કરતાં પાપની જ ગુલામી કરવી ? માટે પાપત્યાગ કરીને લાગું ધર્મ સાધનામાં, જેથી અહીં ય ચિત્તની શાંતિ-સમાધિનું મહાસુખ, અને પરલોકે ય સદ્ગતિ-સલામતી મળે.





આ કોને સમજાય ? આ ઊંચા જનમનો ઉંચો ઉદ્દેશ સમજે એને, સમજ્યા પછી પણ પુરુષાર્થ કોણ કરે ? જેની નજર સામે આ રમે છે.

**'ઘોરા મુહુત્તા અબલં સરીરં'**

**કપિલ રત્નપુરે આવે છે -**

કપિલ અચલગ્રામથી નીકળી ગયો, તે પહોંચ્યો રત્નપુરે, જ્યાં શાન્તિનાથ ભગવાનનો જીવ પ્રથમ ભવમાં શ્રીષેણ રાજા તરીકે રહે છે. ત્યાં એક સત્યકી નામનો બ્રાહ્મણ રહે છે એના ઘરે કપિલ એક બ્રાહ્મણ તરીકે જઇને ઊભો, સત્યકી એને આવકારે છે, પૂછે-ગાછે છે. ત્યારે આ કહે છે 'હું ખાનદાન બ્રાહ્મણ કુળનો છું, મારું નામ કપિલ છે, ને પરદેશ નીકળેલો તે અહીં આવ્યો છું.'

સત્યકી કહે છે, 'હમણા અહીં રોકાઓ અમને લાભ મળશે અતિથિસત્કારનો !'

કપિલને તો એ જોઇતું જ હતું, તે વિવેકની થોડી આનાકાની પછી સ્વીકારી લીધું, ને ત્યાં રહ્યો.

કપિલ ત્યાં રહીને સત્યકી પાસે જે વિદ્યાર્થીઓ આવે છે એને એવા પ્રશ્ન કરે છે, અને પછી એના સમાધાનમાં એવી એવી શાસ્ત્રોની વાતો કહે છે, એ એવી એવી વસ્તુઓ કહે છે, કે જેની સત્યકીને પોતાને ય ખબર નથી ! અને સાંભળતાં આનંદ સાથે ચમકારો થાય છે ! 'હેં ? આ અતિથિ આટલા બધા વિદ્યાર્થીઓ આમને જ ભણાવવા સોંપવા દે. એ ભણાવશે તો આ બિચારા વિદ્યાર્થીઓ સારું પામશે, ને એમાંથી મને પણ ઘણું જાણવા મળશે, કેવી વિદ્યાર્થીઓના હિતની કાળજી !

**ગુણિયલને અધિકગુણીની ઇર્ષ્યા-દ્વેષ નહિ, પણ સ્વ-પરની હિતની કાળજી રહે.**

બસ, કપિલને વિદ્યાર્થીઓ સોંપાયા, ને એ એમને જેમ જેમ વિદ્યાભ્યાસ કરાવે છે તેમ તેમ સત્યકિની એના પર શ્રદ્ધા અને બહુમાન-આદર વધતા જાય છે. તેથી કપિલને આગ્રહ કરીને પોતાને ત્યાં જ રોકી લે છે.

'વિદ્યા સર્વત્ર પૂજ્યતે' ગમે તે દેશનાં જાઓ, પરંતુ એ તમારી પાસે વિદ્યા છે, જ્ઞાન છે તો આદરમાન મળવાનાં પણ તે જ્ઞાન આજે સ્કુલ કોલેજોમાં અપાય છે તે નહિ. પણ પૂર્વે જે અપાતું, જે વિદ્યાઓ શિખવાતી, દા.ત. રત્નવિદ્યા, કાષ્ઠ વિજ્ઞાન, મૃત્તિકા વિજ્ઞાન, રસવિદ્યા, અશ્વવિદ્યા, ચાણકયનીતિ, કૌટિલ્ય અર્થશાસ્ત્રો,

વગેરે વગેરે એના પ્રતાપે માણસ ગમે ત્યાં જઇ ઊભો રહેતો, તો એને પૈસા ય મળતા, ને માન પણ મળતું. આજે તો બી. કોમ. પાસ થયેલો 'વ્યાપારનો નિષ્ણાત'ની ડિગ્રી પામ્યો, પરંતુ સ્વતંત્ર કોઇ ધંધો-દલાલી-વગેરે કરવા એ હામ નહિ ભીડે. ગભરાય કે 'આમાં આપણો ગજ શું વાગે ? આપણને અનુભવ નહિ. પાસે મૂડી નહિ' ત્યારે પૂર્વકાળે કળા-વિદ્યા-વિજ્ઞાન મેળવ્યા પછી આ ગભરામણ નહિ, વિના મૂડીએ એકલો પરદેશ ઊપડી જાય, ને કમાઇ લાવે. આજે ડિગ્રીવાળા તો હજારો બેકાર છે, હજારો શરમજનક નોકરીની ગુલામી સેવે છે. આટલું કહેવાનું એટલા માટે છે કે

**ખોટી ડિગ્રીના મોહમાં કોલેજના કુસંસ્કારોમાં સંતાનને ઘાલો નહિ.**

કપિલ ભણેલો હતો એટલે સત્યકી બ્રાહ્મણને ત્યાં વિદ્યાર્થીઓને એવું એવું જણાવે છે કે સત્યકી એના પર આકર્ષાઇ ગયો, તે કપિલને પોતાને ત્યાં જ ઠહે-રાવી દે છે. કપિલની પણ ત્યાં ગામમાં એક પરદેશી વિદ્વાન બ્રાહ્મણ તરીકેની ખ્યાતિ પ્રસરે છે.

એમાં બન્યું એવું કે સત્યકીને એક પુત્રી હતી, નામ સત્યભામા. ઉંમરમાં આવી ગઇ છે, એટલે એની માતા એના પિતાને કહે, આ તમે બીજા ત્રીજામાં પડ્યા છો, પણ આ છોકરી મોટી થઇ, એની સામે કેમ જોતા નથી ? ઊંમરમાં આવેલી પુત્રી કુંવારી તો એક સાપનો ભારો સાચવવાનો છે.

**કપિલની વર તરીકેની પસંદગી -**

સત્યકી કહે, મારા ધ્યાનમાં જ છે. પરંતુ જેવી એ સુશીલ અને ભણેલી-ગણેલી તથા ચતુર-ચાલાક છે, એવો મુરતિયો મળવો જોઇએ ને ? છતાં જો તમારું ધ્યાન બેસે તો આ પરદેશી કપિલ મને તો સત્યભામા માટે યોગ્ય લાગે છે, શાસ્ત્ર ભણેલો છે, કુળવાન બ્રાહ્મણ છે, ગુણિયલ છે. પછી બીજું શું જોઇએ ?

પત્ની કહે 'પણ આપણે ક્યાં જાણીએ છીએ કે એ કોનો પુત્ર છે ? એના મા-બાપ કેવા છે ? કેવા કુળ ખાનદાનીનો છે ?'

સત્યકિ કહે 'ભલેને એ ન જાણતા હોઇએ, પરંતુ આવાં શાસ્ત્ર ભણ્યો છે તે કોઇ ઉત્તમ કુળમાં જનમ્યા વિના થોડો જ ભણ્યો હોય ? કુળહીનને કોણ ભણાવે ?' સત્યકિને બિચારાને ક્યાં ખબર છે કે 'આ દાસીપુત્ર છે, એટલે એને કોઇએ ભણાવ્યો





નથી, કિન્તુ કર્ણા હેટકથી અર્થાત્ ચોરી ચુપકીથી સાંભળીને વિદ્વાન થયો છે !

જગતમાં આવું અંધેર ચાલે છે, યોગ્યતા વિનાના માણસ ઊંચી વસ્તુને બથાવી પડે છે. એમ કહેતા નહિ કે

**અયોગ્યને સારી વસ્તુ નુકસાન કરે, લક્ષ્મી મારે -**

ઉ૦-ના, લાભ નહિ, નુકસાન કરે. આપણા શરીરની જ સ્થિતી જુઓ ને ? હોજરી માંદી પડી હોય, પચાવવાની યોગ્યતા-શક્તિ ન હોય, તો ઊંચી વસ્તુ ખીર-માવો મલાઇ વગેરે ખાધ્યે લાભ નહિ, તુષ્ટિ પુષ્ટિ નહિ, નુકસાન કરે, અજીર્ણ કરે, રોગો વધારે.

ક્ષુદ્ર-ઉદ્ધત-ઉછાંછળો એ લક્ષ્મી માટે અયોગ્ય છે. એને લક્ષ્મી મળે તો નુકસાન થાય છે. લક્ષ્મી મળવા પરજ એ અકાર્ય કરે છે. ધવળશેઠના હાથમાં લક્ષ્મી હતી, તો એણે કેવાં કેવાં અકાર્ય કરેલા ? અને શ્રીપાળકુમાર યોગ્ય હતા, તો એમના હાથમાં લક્ષ્મી આવતા સ્વ-પરને કેવા લાભ કરનારા બનેલા !

**શ્રીપાલની યોગ્યતા -**

ત્યારે તો ઉમદા દિલના શ્રીપાળે પ્રજાપાલ રાજાને પહેલવહેલાં ના પાડી દીધેલી કે 'આવી તમારી રુપાળી કન્યા (મયણાસુંદરી) મને કોઢિયાને કાં દો છો ? હું કોઢ રોગવાળો, આ અપ્સરા જેવી કન્યા માટે અયોગ્ય છું. કાગડાને કોટે કંઠી ન પહેરાવાય. માટે મારે તમારી કન્યા નથી જોઇતી, કોઇ અનાથ દાસી જેવીની કન્યા દેવી હોય તો દ્યો, અને નહિ દ્યો તો ય તમારી અવકીર્તિ નહિ ગાઇએ કે 'લ્યો રાજાએ મોટે ઉપાડે કહ્યું તો ખરુ કે 'માગો તે આપું, ને કશું આપ્યું નહિ' અમે તો તમારા ગુણ ગાઇશું કે મહારાજા પ્રજાપાલ જેવા ઉદાર રાજા શોધ્યા ન મળે ! એમણે તો પોતાની અપછરા જેવી રાજકન્યા અમને દેવા માંડેલી, પણ અમે લીધી નહિ.'

બોલો, શ્રીપાળની આ કેટલી બધી યોગ્યતા છે ! છતાં એ પોતાને અયોગ્ય બતાવે છે ! એક જ વાત પર, કે પોતે કોઢિયો હોઇ સુંદર રૂપવાળી કન્યાને યોગ્ય ન ગણાય. આજે કોઇ શ્રીમંતના રોગિષ્ઠ કદરૂપા છોકરા નીરોગી રુપાળી કન્યાને પરણી બેસતા હશે ને ?

રૂપની યોગ્યતા તો સામાન્ય વસ્તુ છે, પણ ગુણો-લાયકી-આચાર-વિદ્યા વગેરેની યોગ્યતા મોટી ચીજ છે. એ જો ન હોય ને ઊંચી વસ્તુ ઝડપી લે તો નુકસાન થાય.

### ભીલડી રાણી અયોગ્ય કેવી ? - જાત તેવી ભાત પડેઃ-

પેલા રાજાએ, ખબર છે ને, 'જાત વિના પણ ભાત પડે' એવું મંત્રીને સાબિત કરી બતાવવા જંગલમાંથી રૂપાળી ભીલડીને લાવી મહારાણી બનાવી દીધી, અને પોતાની રાણીઓને કડક હુકમ આપ્યો કે 'આની મહારાણીની જેમ સેવા-સરભરા કરવી.' શું પરિણામ ? બિચારી રાણીઓએ તો એને રેશમી જરિયાન ઊંચામાં ઊંચા કપડાં, હીરા-માણેક-મોતીના ઊંચા દાગીના, અને ઊંચામાં ઊંચી જાતનાં ખાનપાન વગેરેથી સેવા સરભરા કરવા માંડી. પરંતુ ૧૦-૧૫ દિવસ પછી હવે જ્યારે રાજા દિવાનને લાવીને 'આ ભીલડી રાણી જુઓ કેવી ઉંચી ભાતવાળી બની છે !' એ બતાવવા જાય છે. ત્યારે જાણો છો ને કે ભીલડી રાણીએ દિવાન આગળ રાજાની કેવી નાલેશી કરી ?

રાજા દિવાન સાથે અંતઃપુરમાં આવી ભીલડી રાણીને બહારના ખંડમાં બોલાવી દિવાનના સાંભળતાં પૂછે છે,-'કેમ ? બધું બરાબર છે ને ?'

ભીલડી રાણી કહે 'શું બરાબર ?'

રાજા કહે છે, 'કેમ વળી ? આ ઝવેરાતના દાગીના મનમાન્યા મળ્યા ને ?'

'શાના મનમાન્યાં ? માણેક-મોતીના દાગીના તો આપ્યા પણ પેલા સણની છાલના રેશાના બલૈયાં ક્યાં આપ્યાં ?'

રાજા કહે, ખેર, પણ કપડાં તો બરાબરને ?'

ભીલડી ઝટ બોલી, 'શું બરાબર ? કપડામાં ય ક્યાં ભલીવાર છે ? રેશમી-જરિયાન કપડાં એકલાથી શું થાય ? પેલાં છાલના બદનિયાં ક્યાં છે ?'

રાજા બે ય ઉત્તર સાંભળીને ઝંખવાણો પડે છે, છતાં હજી આશામાં ત્રીજો સવાલ કરે છે, 'ઠીક, પણ ખાનપાન તો ઉંચા મળ્યાં ને ?'

ભીલડીએ પોત પ્રકાશ્યું, 'શાના ઉંચા ? મેવા મિઠાઇ તો આપ્યાં, પરંતુ પેલાં ખાટા ખાટા બોર ક્યાં છે ?'

પત્યું ? રાજા દિવાન આગળ ઝંખવાણો પડી ગયો. દિવાન કહે 'કેમ મહારાજા સાહેબ ! જોયું ને ? જાત તેવી ભાત પડે, એ બરાબર છે ને ? કજાત પર સારી ભાત ન પડે.'

અયોગ્યને ઉંચી વસ્તુ દેવા જતાં નુકસાન થાય, રાજાને દિવાન આગળ નાલેશી વહોરવી પડી.





### અયોગ્ય વિનયરત્ને કેવું નુકસાન કર્યું ?

વિનયરત્નમાં લાયકી નહોતી, પણ કાલિકસૂરિજી મહારાજે અજાણમાં એને દીક્ષા દઇ દીધી, સેવામાં ઊભો રહેવા દીધો, તો આગળ જતાં આચાર્ય મહારાજ ભૂલા પડી ગયા, ને એને મહાવિશ્વાસનું પાત્ર બનાવ્યો. તે ઉદાયી રાજાને પર્વતિથિએ રાત્રે પોષધ કરાવવા આચાર્ય મહારાજ મહેલમાં રાજાની સાથે આમ તો એકલા જ રહેતા, કોઇ બીજો સાધુય સાથે નહિ, તે હવે આ અયોગ્ય વિનયરત્ન પર વિશ્વાસ મૂકી અને એકવાર સાથે રાખ્યો, શું પરિણામ ? વિનયરત્ન રાતના ઉંઘતા રાજાનું ગળું કાપી નાખી તરત જ ત્યાંથી ચાલતી પકડી ! અને લોહીનો રેલો આચાર્ય મહારાજના સંથારા નજીક આવતાં આચાર્ય મહારાજ જાગી ગયા પરિસ્થિતિ જોઇ ચોંક્યા ! 'હાય ! કોઇ રાજાનો દુશ્મન ઠગી ગયો !'

### આચાર્ય મ.નું દીર્ઘદ્રષ્ટિથી આત્મ-બલિદાન -

હવે શું થાય ? આચાર્ય મહારાજે જોયું કે 'જો હવે હું જીવતો રહું તો મારા પર કલંક ચડે કે 'જુઓ આમણે જ કોઇ દુષ્ટ પાસે રાજાને મરાવ્યો ?' અને પછી તો ભવિષ્યમાં કોઇ માણસ જૈનસાધુનો વિશ્વાસ જ ન કરે ! ભલું હોય તો સત્તાધીશ રાજા જૈનસાધુને પોતાના રાજ્યમાં જ પેસવા ન દે. એટલે હવે તો જો મારું. પણ ગળું કપાઇ ગયેલું હોય તો જોનારને લાગે કે કોઇ દુષ્ટે રાજા અને આચાર્ય બંનેની હત્યા કરી નાખી છે' કાલિકસૂરિજી મહારાજે તરત જ આત્મહત્યાથી મરવાનો નિર્ણય લઇ લીધો, અને એ જ પેલાની છરીથી પોતાના જ હાથે પોતાનું ગળું કાપી નાખી છરી આઘી ફેંકી દીધી.

સવારે માણસો આવ્યા ને આ જોયું તો તાગ કાઢ્યો કે 'કોઇ દુષ્ટ માણસ મહારાજા સાહેબ અને આચાર્યસાહેબ બનેના ગળાં કાપી ચાલતો થઇ ગયો લાગે છે.'

એમ આચાર્ય મહારાજની અને જિનશાસનની આબરુ બચી, પરંતુ અયોગ્યને સંયમ જેવી ઉંચી ચીજ અને જૈનાચાર્યની સેવા જેવી ઉચ્ચ વસ્તુ આપતા નુકસાન કેવાં થયાં ? એમ પૂછો,-

પ્ર૦-નુકસાન તો બીજાને ને ? પણ અયોગ્યને પોતાને તો લાભ થાય ને ?

ઉ૦-ના, આમાં વિનયરત્નને લાભ થયો માનો છો ? રાજા ચંડપ્રદ્યોત

આગળ બીડું ઝડપી આવ્યો હતો કે 'તમારા દુશ્મન ઉદાયી રાજાને આમ જેર કરી આવું' તે હવે જ્યા એણે ચંડપ્રદ્યોત પાસે જઇ કહ્યું કે 'હું આ આ રીતે ઉદાયીને ખત્મ કરીને આવ્યો' ત્યાં ચંડપ્રદ્યોતને એના પર ભયંકર ગુસ્સો ચડ્યો, ને કહે છે 'નાલાયક ! આ રીતે જેર કરવાનું ? મુનિનો પવિત્ર વેશ પહેરી વિશ્વાસઘાત કરીને ખૂન કરવાનું ? જા અહીંથી નીકળી જા, હરામખોર ! મારા આખા રાજ્યમાંથી તું દેશનિકાલ છે.'

વિનયરત્નને શો લાભ થયો ? દેશનિકાલ થયો, અને મહાવિશ્વાસઘાતી તરીકે ફજેત થયો. આ તો અહીંના નુકસાન, પણ પરભવે કેવી ભયંકર દુર્ગતિઓનાં દુઃખ ?'

**અયોગ્યને ઊંચી વસ્તુ એનું પોતાનું ય નુકસાન કરે.**

**કપિલ સત્યભામાને પરણે છેઃ-**

આજે અયોગ્યના હાથમાં પડેલી લક્ષ્મી એને મહા ઘમંડ કરાવે છે, બીજા સજ્જનોનો તિરસ્કાર કરાવે છે, સત્તાનો જુલ્મી ડંડો અજમાવરાવે છે, કંઇ દુરાચાર આદિ કુકૃત્યો કરાવે છે ! અવસરે એનું જ ખૂન કરાવે એવા ય કિસ્સા બને છે.

પેલો કપિલ દાસીપુત્ર વિદ્યાને અયોગ્ય, પણ શાસ્ત્રવિદ્યા શીખી બેઠો છે, તે કુલવાન બ્રાહ્મણ સત્યકિનું વિદ્વત્તાથી મન આવર્જી લઇ એની સુશીલ સુયોગ્ય કન્યા સત્યભામાને પરણી બેસે છે સત્યકિએ પોતાની પત્નીને સમજાવી દીધી કે 'આવી શાસ્ત્રવિદ્યાઓ એની યોગ્યતા કુલીનતા જાણ્યા વિના કોઇ વિદ્યાગુરુ થોડી જ શીખવે ? માટે કન્યા આને જ આપીએ એમ કરી એની સાથે કન્યાનાં લગ્ન કરી લીધાં.

હવે જુઓ કે અયોગ્યને કન્યા આપી. તો એ કન્યાને કેવાં નુકસાનમાં ઊતરવું પડે છે.

**કપિલના નીચા કુળની પરીક્ષાઃ-**

એક વાર બન્યું એવું કે કપિલ કોઇ નાટક ભવાઇ જોવા ગયેલો, તે પાછો ફરતાં વરસાદ પડવા માંડ્યો. એટલે એણે જોયું કે સારા કપડાં ભીંજાઇ જશે, ને અત્યારે અંધારું છે, વરસાદમાં કોઇ બહાર ફરતું દેખાતું નથી, તો અંધારાનો લાભ લેવા દે. નગ્ન થઇ ચાલું તો કોણ દેખવાનું છે ? એમ કરી એણે બધાં કપડાં ધોતી સુદ્ધાં કાઢી નાખી એની પોટલી બગલમાં મારી નગ્ન થઇને ઘરે પહોંચ્યો. ઘરે જઇ ઓસરીમાં કપડા પહેરી લઇ બારણું ખોલવા હાક મારે છે,





ત્યાં પત્ની સત્યભામા સમજી કે વરસાદે એ ભિંજાઇ ગયા હશે, એટલે કહે છે 'બીજા કોરા કપડાં લઇને આવું.'

આ કહે 'શું કામ છે ? જો વિદ્યાના બળે મારાં કપડાં ભિંજાયા જ નથી.'

બાઇને આશ્ચર્ય થયું, તે કપડાં લીધા વિના તરત આવી બારણું ખોલીને જ્યાં દીવાના પ્રકાશે એને જુએ છે તો ખરેખર કપડાં તો કોરાં જ છે. પરંતુ હાથમોં-પગને ભીના જુએ છે. ત્યારે એને વિચાર આવે છે, કે

'અરે ! આ શું ? જો વિદ્યાના બળે કપડાંભીના ન થયાં, તો શરીર કેમ ભીનું થયું ? લાગે છે કે વિદ્યા-બિદ્યા કશી જ નહિ, પણ આ નગ્ન થઇને આવ્યા લાગે છે. હાય ! કુળવાન માણસ નગ્ન થાય ? મને લાગે છે કે 'આ કુલીન નથી ગમે તે સંયોગમાં કુળહીનના પેટે જન્મીને આણે વિદ્યા હડપ કરી લાગે છે. ત્યારે હું ક્યાં આવા કુળહીનના પનારે પડી ? શાસ્ત્રો કહે છે.

**અકુલીનનો થોડો પણ સંપર્ક મારી નાખે, તો આ તો મારે જિંદગી-ભરનો સોદો ! મારું શું થાય ?'**

## વિલાયતમાં ય ઉંચા કુળનું મહત્ત્વ -

સત્યભામા વિમાસણમાં છે શું કરવું ? એ કાળ હતો કે જ્યારે કુળવાનને કુળવત્તા પર મોટી મદાર હતી. એમ તો આજે પણ બ્રિટિશ સલ્તનતની ગાદી પર અમીર લોર્ડ કુટુંબના હોય એને જ રાજા બનાવે છે. એટલું જ નહિ, રાજાએ પત્ની પણ અમીરકુટુંબનીજ કરવી જોઇએ છે. માટે તો આઠમા એડવર્ડે અમીર કુટુંબની નહિ એવી લેડી સીમ્પસેનને ન છોડી, તો બ્રિટિશ સલ્તનતની ગાદી છોડવી પડી. શું આ ઊંચા કુળ પર મદાર નથી ?

પરંતુ લોકોના મન પરથી કુળનો ભાર ઊતરી ગયો છે, તેથી ઊંચા કુળવાળો ગમે તેવા કુળની કન્યાને પરણી બેસે છે. ગમે તેવા કુળના ધંધા કરે છે, ગમે તેવા કુળવાળા સાથે ભોજન વ્યવહાર કરવા પણ બેસી જાય છે, ગમે તેવા કુળવાનના જમેલા વાસણમાં ખાય-પીએ છે. હોટેલોમાં શું ચાલે છે ? કહેતા નહિ, કે

**નીચા કુળવાળા સાથે સંબંધમાં ખરાબી :-**

પ્ર૦- હલકા કુળવાળા સાથેના વ્યવહારમાં કે એમ ધંધા કરવામાં શું બગડી ગયું ?

ઉ૦- ઘણું બગડી ગયું. જુઓ,

**(૧) સારી ઓલાદ નષ્ટ :**

(૧) હલકા કુળની કન્યા લાવવામાં અત્યાર સુધી જે તમારા સુધી વંશપરંપરાએ ઉત્તમ લોહી, ઉત્તમ ઓલાદ ચાલી આવતી હતી તે નષ્ટ થઇ ગઇ. હવેના સંતાન પ્રવિત્ર કુળાચાર પર મદાર નહિ રાખે, અવસરે હલકટ વિચારણા કરતાં નહિ અટકે, ઉદભટ્ વિષય સેવન જાણે એને સહેજ જેવા બની જવાના ! આ પરિસ્થિતિમાં ધર્મ-સંસ્કૃતિની રક્ષા કેટલી રહેવાની ?

**(૨) ધંધા નીચા ક્રૂર વિચારણા**

(૨) હલકા કુળવાળાના ધંધા કરવામાં 'ખપ એનો શોષ નહિ' એ ન્યાયે આદર્શ નીચા ઉતરી જવાના, હલકી ભ્રષ્ટ વિચારસરણી સહેલી થઇ જવાની દા.ત. બૂટનો ધંધો કરતાં 'જીવન બહુ ઓછી હિસાબે ચલાવવું', આ આદર્શ નહિ ઊભો રહે. કેમકે આજે 'ખબર છે કે બૂટ મુએલા ઢોરના ચામડાના નહિ પણ જીવતા ઢોર મારી એના ચામડા ઉઝરડી લઇને બનાવવામાં આવે છે.

**ચામડાના વેપારીની ક્રૂર દાનત -**

પહેલાં મુએલા ઢોરના ચામડાથી બૂટ બનતા ત્યારે પણ એના ધંધા હલકા ગણાતા, કેમકે એમાં ઉંડે ઉંડે હિંસાનો ભાવ રહેતો. જાણો છો ને પેલી ગામડાની ડોશીએ પરદેશી બે રોણામાના એક ચામડું ખરીદવા જતા ચામડાના વેપારીને જમવા બહાર બેસાડેલો હતો. કેમ વારુ ? એની દાનત ખોરી હતી. એના મનમાં આ હતું કે આગળના દેશમાં દુકાળ પડ્યો હોય તો સારું ! જેથી ઢોર ઘણા મર્યા હોય, એટલે ચામડું સસ્સું મળે. કેવી ક્રૂર દાનત ? 'દુકાળ પડ્યો હોય તો સારું' એમ ઇચ્છયું એમાં માણસોએ મરે, ઢોરોય મરે. એ બધાની હિંસા ઇચ્છી ! આવા ધંધાનું જીવન જ બનાવ્યું એટલે આદર્શ જ ખોટો થઇ ગયો 'આવી હિંસાએ પણ જીવન જીવવામાં વાંધો નહિ' એમ ઘોર આદર્શ બની ગયો ! એમ કહેતા નહિ કે-

પ્ર૦-પણ પછી વેચાણ વખતે તો એ સુકાળ ઇચ્છે ને ?

ઉ૦- એ વખતે ય મનમાં રહેશે કે 'ખરીદી વખતે દુકાળ હતો તે સારું હતું કે સસ્તામાં મળ્યું' તો આમાં દુકાળમાં જીવો મરેલા એની અનુમોદના આવી, એ શી રીતે સારી ભાવના કહેવાય ? વળી પહેલાં જ ખરીદી વખતે દુકાળ ઇચ્છીને હૈયું કાળું કર્યું પછી સારી ઇચ્છાની કેટલી કિંમત ? વળી પાછળની સારી સુકાળની ઇચ્છા





પણ શા માટે ? જીવોના ભલા માટે નહિ, કિન્તુ પોતાને જીવો ઓછા મરવાથી પોતાની પાસેના ચામડાના ભાવ ઉંચા મળે એટલા માટે. એટલે આમાં ખરેખર પરાર્થ બુદ્ધિ ક્યાં રહી ? નરદમ સ્વાર્થબુદ્ધિ જ રહી ને ? વાત આ છે કે હલકા કુળવાળાના ધંધામાં આદર્શ બુદ્ધિ ભાવના હલકી કોટિના હોય છે, એથી આ ઊત્તમ માનવ ભવમાં લેવાના બદલે દેવાના થાય છે, ઉત્તમ શુભભાવ શુભ સંસ્કારની કમાણી કરવાને બદલે અધમ અશુભ ભાવ અધમ કુસંસ્કારની કમાણી કરતા રહેવાનું થાય છે ત્યારે,

**(૩) નીચ કુળવાળાની છાયા સારા કુળવાળા પર**

(૩) હલકા કુળવાળા સાથેના ખાનપાનમાં આપણાં છાયા એના પર પડવાને બદલે એની છાયા આપણા પર પડે છે. આ તો કુદરતી વસ્તુ છે કે સારી સો કેરીના કરંડિયામાં પાંચ બગડેલી કેરી હશે, તો સારી કેરી બગડેલીની ઉપર છાયા નહિ પાડી શકે, બગડેલીને નહિ સુધારે, પરંતુ ઊલટું થવાનું. બગડેલીની છાયા સારી પર પડવાની, અને સારી બગડવાની. બસ, એવું જ અહીં છે,-હલકા કુળવાળા સાથે ભોજનવ્યવહાર ઉંચા કુળવાળા પર હલકાની છાયા પાડશે. વ્યવહાર કરનારાના આજે આદર્શ બગડી ગયા, બુદ્ધિ બગડી ગઇ, બોલ બગડી ગયા. પછી એવા પ્રસંગમાં એને દા.ત. આવું બોલતાં ય આંચકો નહિ આવે, કે 'એમને તો મારી જ નાખવા જોઇએ, કાપી જ નાખવા જોઇએ, ઉડાવી જ દેવા જોઇએ' એકલી હિંસાના જ શું, બીજા પણ પાપોના બોલ બોલતાં કે વિચાર કરતાં એને આંચકો કે કંપ નહિ.

કોસ્મોપોલિટન સ્કૂલ-કોલેજોમાં ભણી અને કોસ્મોપોલિટન હોટેલ કેન્ટિનોમાં ખાઇ-પી આજના સારા કુળના કુમાર-યુવાનોની વિચારસરણી તથા બોલ તપાસો તો ખબર પડે કે હલકા કુળવાળા સાથેના ભોજનવ્યવહારે એમના નૈતિક ધાર્મિક સ્ટાન્ડર્ડ-ધોરણ કેટલા બધા નીચા ઉતારી નાખ્યા છે ! શું આમાં નવી આર્યપ્રજાની ઉન્નતિ છે ? કે મહા અધોગતિ-અવનતિ ?

**(૪) હોટેલમાં નીચ કુળવાળાની એંઠ ખાવાની :-**

એવું અધમ કુળવાળાના ખાધેલા-પીધેલા વાસણમાં ખાનાર પીનાર ઉત્તમ કુળવાળાની દશા થાય છે. હોટેલો-કેન્ટિનોમાં જુઓ એક જ બાલટીના એંઠાજૂઠા પાણીમાં એકના પીધેલા પ્યાલા ઉબોળી એમાં બીજાને પીરસાય છે. ત્યાં હલકા ઊંચા કુળવાળાનો કોઇ ભેદ નથી. હલકા કુળવાળાએ પીધેલા પ્યાલા રકાબીનો એંઠવાડ એ જ બાલટીમાં છે. એમાં ઝબોળીને પછી સારા કુળવાળાને પણ અપાય

છે. ત્યાં સારા કુળવાળાને કશો વિચાર છે ખરો કે 'આ પ્યાલા રકાબીમાં નીચ કુળના માણસોના એંઠવાડનો અંશ આવ્યો હોય એ મારાથી કેમ પીવાય ? કેમ મોંમાં ને પેટમાં ઘલાય ? મોંમાં જઇને જીભ કેવી બગાડે ? પેટમાં જઇને બુદ્ધિ કેવી બગાડે ? પછી બગડેલી જીભથી શું હલકું નહિ બોલાય ? બગડેલી બુદ્ધિથી કેવા હલકા વિચાર નહિ આવે ?'

છે આ કશો વિચાર ? તો, કેમકે એને ખબર નથી કે-આહાર તેવો ઓડકાર.

**ખાટી છાશ પીને કઢેલા કેશરિયા દૂધનો ઓડકાર ન આવે.**

**એમ, હલકા માણસનો એંઠવાડ પેટમાં જઇને સારી વિચારસરણી ન લાવે.**

**વાણિયો બગડ્યો નીચનું પાણી પી :-**

વાણિયો પરદેશ વેપાર અર્થે ગયો. ત્યાં સારા લત્તામાં મકાનભાડું વધારે તેથી હલકા લત્તામાં સસ્તા ભાડાના મકાનમાં જઇ રહ્યો. એની સુશીલ પત્નીએ તો કહ્યું કે 'આ ઠીક નહિ, આમાં આપણીય બુદ્ધિ બગડે, ને છોકરાઓનેય સંસ્કાર ખોટા મળે.' પરંતુ લોભી વાણિયો માન્યો નહિ, લોભ બૂરી ચીજ છે.

વાણિયાને એક હલકા કુળવાળા સાથે મહોબત થઇ ગઇ, તે એકવાર એના ઘરે ગયેલો, તરસ લાગી છે, તેથી પાણી પીવા માટે ત્યાંથી ઊઠવા જાય છે.

પેલો કહે 'કેમ આટલામાં ચાલ્યા ?'

આ કહે 'જરા કામ છે, જવું પડશે.'

પેલો આગ્રહ કરે છે 'અરે પણ ! ૦। કલાક તો બેસો, એટલામાં કામ ક્યું બગડી જવાનું છે ?'

વાણિયાથી બોલાઇ ગયું, 'બહુતરસ લાગી છે ને, એટલે જાઉં છું.

પેલો કહે 'ઓહો એમાં શું ? આ અહીં ચોકખું મટકું છે, ચોકખો ગલાસ છે, પાણી દઉં.'

વાણિયો શરમાયો, 'ના કેમ કહેવાય ? કહે છે 'સારું લાવો ત્યારે મન વાળી લીધું કે 'ચોકખું છે ને ? પછી શો વાંધો ?' ખરેખર તો એ ઘરવાળાઓએ એજ ગલાસથી પીધેલું હોય, એટલે એમના મોંની એંઠ એને લાગી હોય. પછી એને ધોઇ નાખો તો ય અંશ તો રહે જ. બસ, પેલાએ પાણી આપ્યું, ને વાણિયે પી લીધું !

હવે જુઓ હલકા કુળવાળાના વાસણમાં પીધું છે તો બુદ્ધિ કેવી બગડે છે. બન્યું એવું કે એક વાર ત્યાં નગરના નાકે કોઇ વેપારી આવેલો, તે અચાનક રાતના





હાર્ટફેઇલથી મર્યો એની પત્ની સાથે જ હતી. એ બિચારી ભલી ભોળી, તે માલ સંભારી લેવાના બદલે રડવા કૂટવામાં પડી. હલકા લોકને ખબર પડી કે ધણી મરી ગયો છે એટલે માલમાંથી લૂંટવા મંડયા. આ વાણિયાના પાડોશીઓ પણ લૂંટવા આવેલા, તે વાણિયો પણ લલચાયો ને ગયો લૂંટવા. પેલી વિધવા બનેલી બાઇ રોતી કકળતી રોકવા જાય છે, પણ કોને દયા હોય ?

**હલકા માણસ શાને કહેવાતા હશે ?**

બીજાના કકળાટની પરવા કર્યા વિના એનું લૂંટે એટલે જ હલકા કહેવાય, ઊંચા કુળવાળા એવું ન કરે.

બોલો, દુકાને વેપારકરતી વખતે આવો કોઇ ખ્યાલ રાખો ખરા ? સામાના હૃદયસંતાપને જોઇ એની દયા આવે ? કે ધંધો એટલે બસ ધંધો ? આપણામાં હલકાઇ-ક્ષુદ્રતા છે ? કે ઉમદાપણું ? એની પારખ માત્ર ધર્મ કરતી વખતે નહિ, પરંતુ સાંસારિક જીવન વખતે ય ખરી. ઘરે દુકાને વ્યવહારમાં વગેરે સ્થાને ય પારખ થાય છે કે સામાના હૃદયને સંતાપ ન થાય એ લક્ષ કેવું રાખો છો ? ત્યાં ક્ષુદ્ર વતવિ છે ? કે ઉમદા ?

વાણિયો માલ લૂંટી ઘરે ગયો, પત્નીને દે છે, ત્યારે પત્ની પૂછે છે,-'આજે આટલું બધું ક્યાંથી લાવ્યા ?'

વાણિયો કહે, 'આ તો ગામ બહાર એક વેપારી મરી ગયેલો એનો માલ લૂંટાતો હતો એમાંથી હું પણ લઇ આવ્યો.'

પત્ની પૂછે,-'પણ એ મરનારની પાછળ કોઇ હશે તો ખરું ને ?'

આ કહે 'હતી એક બાઇ, રોતી હતી, પણ એને કોણ ગણે ?'

**પત્નીનો સુંદર ઉપદેશ :-**

વાણિયણ કહે, 'આ તમારું ભલું થાય, આ તમે એ ઊંચાકુળના ઊંચી ખાનદાનના, ને આ શું લૂટારાગીરી કરી આવ્યા ? નિરાધાર પરદેશી બાઇને ઊલટું મદદ કરવાને બદલે વિધવા બાઇનું લૂંટી આવ્યા ? આ તમારી હિંમત કેમ ચાલી ? પરલોકનો ભય ન લાગ્યો ? આ તમારી બુદ્ધિ કેમ ફરી ગઇ ? જરૂર તમે અહીંવાળા કોઇનું કાંઇ ખાધું પીધું હશે એટલે જ તમારી બુદ્ધિ બગડી લાગે છે.'

વાણિયો કહે 'હા' એક વાર બહુ તરસ લાગેલી ત્યારે પેલા નીચ કુળવાળાને ત્યાં એના આગ્રહથી પાણી પીવું પડેલું.'

'બસ, બસ,' પત્ની તડૂકી 'એમાં જ આ બુદ્ધિ ભ્રષ્ટ થઇ. પેટમાં હલકા કુળનું એંઠજૂઠવાળું પાણી પણ ગયું એ બુદ્ધિનો બગાડો કેમ ન કરે ? હજી તમારી આંખ ઉઘડે તો સારું. મુઆ ભાડાના વધારે પૈસા લાગે તો, પણ ઝટ સારા પાડોશમાં મકાન ભાંડે રાખી લો ને ત્યાં જ રહેવાનું રાખીએ. નહિતર જેવી તમારી એવી સંતાનોની બુદ્ધિ બગડશે તો એમનો આખો પરલોક ભયંકર સરજાશે ! ને બચારા જનમ જનમ દુર્ગતિમાં ભટકશે ! કિંમત પૈસાની છે ? કે આપણી અને સંતાનોની સદ્‌ગતિની છે ?'

વાણિયો આ ફિલસુફી સાંભળી ડઘાઇ ગયો, એના દિલને જડબેસલાક બેસી ગયું, કહે છે 'જરૂર, જરૂર, હવે હું તરત મકાન બદલો કરી લઉં છું.'

પત્ની કહે, 'બહુ સરસ-હવે એક કામ વધુ કરો, આ તમે પેલી બિચારી નિરાધાર વિધવા બાઇનું લૂટી લાવ્યા તે ય એને પાછું દઇ આવો, અને લૂંટવાની સજારૂપે બીજા તેટલા પૈસા એમાં ઉમેરીને પણ આપી આવો !

પત્ની ધર્મપત્ની હતી, પાપપત્ની નહિ, વાણિયે કબૂલ કર્યું ને તેમ કરી આવ્યો.

**કુળહીનના ચારે ય ખોટા -**

વાત આ હતી-હલકા કુળવાળાના બોટેલા વાસણમાં આજે હોટેલ વગેરેમાં ખાવાનું થઇ ગયું ! એ બુદ્ધિ કેટલી ભ્રષ્ટ કરે ? કુળહીનનો સંપર્ક ખોટો, એનો ધંધો ખોટો, એની સાથે ભોજનવ્યવહાર ખોટો, એની એંઠ પણ ખોટી. પેલી સત્યભામા પતિને વરસાદમાં તદ્દન નગ્ન થઇને આવેલો જાણી કલ્પી લે છે કે આવું કુળવાન ન કરે. કુળવાનને તો બોલ-ચાલ વેશ-વ્યવહાર બધે મર્યાદાનું પાલન હોય. માટે આ કુળહીન લાગે છે. પણ મારે આનો નિર્ણય કેવી રીતે લાવવો ?

**ધરણીજઢ ગરીબીમાં -**

એમાં બન્યું એવું કે કપિલનો જનક પિતા ધરણિજઢ અચલગ્રામે કર્મવશ અત્યન્ત ગરીબ થઇ ગયેલો, અને એણે સાંભળ્યું કે 'કપિલ રત્નપુર નગરમાં સારા વિદ્વાન તરીકે પ્રસિદ્ધ થઇ ગયો છે, તેમજ પૈસેટકે સુખી પણ છે,' તેથી એણે વિચાર્યું કે 'આમ તો કપિલ હલકા પેટનો દાસીપુત્ર છે, એટલે એ આશરો કરવા લાયક નહિ, પરંતુ અહીં મારે અન્ન-દાંતના વૈર થયા છે, ખાવાના સાંસા પડ્યા છે, ને પેટ કરાવે વેઠ, તેથી એની પાસે જવું પડશે. જાઉં તો થોડી ખાધા-ખરચી લઇ આવું.' એમ વિચારી એ ગામ છોડી આવ્યો રત્નપુરે કપિલને ત્યાં.





**કર્મસત્તા શું કામ કરે છે !**

ધરણીજઢ વિદ્વાન બ્રાહ્મણ છે, કપિલ એનો જ પુત્ર, અને એનાથી જ વિદ્વાન થયેલો પરંતુ એ પૈસે ટકે સુખી ! અને ધરણીજઢ ગરીબ થઇ ગયેલો ! શુભાશુભ કર્મ વિના આમાં કોણ જવાબદાર છે ? એને બે છોકરા પણ હતા, એણે એમને ભણાવેલા ય ખરા, છતાં એને ગરીબી ભારે આવી ગઇ ! એવી કે અન્નને ને દાંતને વૈર ! આ ખૂબ સમજવા જેવું છે. માણસને સારાસારી હોય ત્યારે અભિમાન રહે છે, ને એના કેફમાં ઉપકારી મા બાપ સાથે અંટસ પાડે છે, પણ એ જોવું ભૂલી જાય છે કે જ્યારે કર્મની થપાટ પડી ને કપરા સંયોગ ઊભા થઇ ગયા, એવા કે જેમાં પેલા અવગણેલા ઉપકારી કે સ્નેહીની જરૂર પડશે, ત્યારે તું શું કરીશ ?' અભિમાનનો અંધાપો આ દેખવા દેતો નથી.

**જીવ ગુસ્સો અભિમાન વગેરે કષાયોમાં માત્ર વર્તમાન જોઇ અંધ બનેલ છે.**

**પણ જો ભાવી વિપરીત કર્મસત્તાને નજર સામે રાખે તો કષાયમાં અંધ ન બને.**

કર્મસત્તા પર એટલે વિશ્વાસ એ કષાયથી બચવાની એક ચાવી છે. મનમાં કશી વસ્તુનો લોભકષાય ઉઠ્યો. હવે જો એ જુએ કે 'અત્યારે મારી પાસે વેપાર કરવા પૈસા તો છે, પરંતુ જો કર્મસત્તા રુઠી તો લેવાના દેવા થશે, એટલા પૈસાનું સુકૃત કરવાનું તો જશે, ને એ પૈસા પાસે ય રહેશે નહિ. માટે સંતોષ રાખીને બેસવા દે. વધુ લોભ કરવો નથી.'

અથવા સારું ખાઇ લેવાનો લોભ થયો. ત્યાં મનને એમ થાય કે આજે પુણ્ય અનુકૂળ છે તે સારું ખાવાનું મળી શકે છે, ને પચી શકે છે. પરંતુ કાલે કર્મસત્તા વિફરી તો સારું મળવાના વાંધા કે પચવાના વાંધા, એ વખતે જીવને આ સારું સારું ખાવાની બગાડેલી બુદ્ધિ, એ ખોટી લત રોદણાં ને ભયંકર આર્તધ્યાન સતત કરાવશે. એના કરતાં કર્મની સારાસારીમાં સારું ખાવાનો લોભ જતો કરવા દે' તો લોભથી બચાય. આજે મોંઘવારી અને અછતમાં જુઓ છે ને કે માણસ આ રોદણાં રુએ છે કે 'હાય ! કેવો કપરો કાળ આવ્યો કે ચોકખાં ઘી દુધ ન મળે, સારું ખાવાનું ગયું !' કેમ રોદણાં ? કર્મની સારાસારી હતી સસ્તીવારી હતી, ત્યારે સારું સારું ખાવાનો લોભ હરામચસકો પોષ્યો હતો માટે.

**દિલ ઉમદા કે ક્ષુદ્ર એ રોદણાની જાત પર મપાય -**

**ઉંચા જનમમાં રોદણાં કઇ વસ્તુના હોય ?**

ખૂબી તો જુઓ કે આવા ઉંચા માનવભવમાં રોદણા હોય તો શાના હોય ? આ ઉચ્ચ જનમના ઉંચા કાર્ય અને ઉચ્ચ ગુણો ન સાધી શકાયાના રોદણાં હોય ? કે સારું સારું ખાવાનું ન મળ્યાના રોદણાં ? આમાં તો દિલનું માપ નીકળે છે કે એ ઉમદા છે ? કે ક્ષુદ્ર-તુચ્છ ? રોદણાં ઉચ્ચ ગુણો ઉચ્ચ કાર્ય સુકૃતો ન સધાયાનાં હોય તો તો સમજાય કે દિલ ઉમદા છે. એના બદલે રોદણાં સારાં ખાનપાન, સારા પૈસા, સારું નીરોગી શરીરમાત્રનાં જ હોય તો સમજવું પડે કે દિલ શુદ્ર છે, તુચ્છ છે.

વિચાર તો કરે કે રામ-સીતા-લક્ષ્મણે બાર વરસ વનવાસમાં કેવા કાઢ્યા હશે ? ત્યાં રોજ ને રોજ શું સારું ખાધું પીધું હશે ? તો શું રોજ એનાં રોદણાં રોતાં હશે કે 'હાય ! કેવા દહાડા જોવાના આવ્યા ? સારાં રાજાશાહી ખાનપાનથી ટળ્યા !' ના જરાય નહિ. આવાં રોદણાંના દિલ હોત તો તો વનવાસ સ્વીકારી જ લીધો ન હોત, વનવાસમાં ય ઉમદા કાર્ય કર્યા ન હોત, દિલ ઉમદા હતા, તેથી તો.

રામને એ રોદણું હતું કે 'હાય ! રાજ્યનો લોભ કરું ?' પિતૃવચન પાલનનું ઉચ્ચ કર્તવ્ય જતું કરું ? હરગીજ નહિ.'

સાતીજીને એ રોદણું હતું કે 'હાય ! મારી સુકોમળ કાયાની માયામાં પતિની કિંમતી છાયામાં રહેવાનું ઉચ્ચ કર્તવ્ય ગુમાવ્યું ? ના, જરાય નહિ.'

લક્ષ્મણજીને એ રોદણું હતું કે 'હાય ! રાજાશાહી સુખોના લોભમાં મહાગુણિયલ ને પૂજ્ય મોટાભાઇની સેવામાં રહેવાનું ઉચ્ચ કર્તવ્ય ચુકાય ? ના.'

આવા ઉચ્ચ કર્તવ્ય ચુકાઇ જવાનાં રોદણાં પર એ ત્રણ મહારથીઓ વનવાસે નીકળી પડેલા ! તે હવે ખાનપાનનાં રોદણાં રુએ ? કર્મસત્તા પર અટલ વિશ્વાસવાળા હતા એટલે સમજે છે કે

**કર્મસત્તાની શિરજોરી સામે તુચ્છ વસ્તુનાં રોદણાં રોવાની કાયરતા કંગાલિયતતા દાખવવી એ મૂર્ખાઇ છે, મૂઢતા છે, કુમતિ છે.**

**કર્મનો અટલ વિશ્વાસ કુમતિને મિથ્યામતિને અટકાવે છે.**

કર્મસિદ્ધાન્ત પર વિશ્વાસ મૂકો, એને નજર સામે રાખો તો વર્તમાન કપરા કાળમાં પણ કાળને દોષ દેવાની, રાજ્ય સત્તા અને લાંચિયા રાજ્યકારભારીઓને ભાંડવાની અને દ્વેષમાં સબડવાની કુમતિ નહિ થાય, હાયવોયની કાયરતા નહિ





થાય.

શું જૈન બચ્ચો, અને કર્મસિદ્ધાન્તની અટલ શ્રદ્ધા વિનાનો ? હોય નહિ. એ કાંઇ દુનિયાના પામર જનોની જેમ તુચ્છ વાતોનાં રોદણાં રુએ નહિ. એ તો સમજતો જ હોય કે મારે જો મહાન થવું છે તો દિલ ઉમદા જ બનાવવું, ઉમદા જ રાખવું જોઇએ. એ માટે મારે કર્મસત્તા નજર સામે રાખી તુચ્છ વાત-વસ્તુનાં રોદણાં નહિ રોવાનાં.

**તુચ્છ વાત-વસ્તુનાં દિલદુઃખ નહિ કરવા. દિલ દુઃખ તો મારે આજનાં મહાપાપભર્યા જીવન જીવવાં પડે એનાં જ કરવાના.**

ને એ સાચાં દિલ દુઃખનાં હિસાબે ભગવાન જિનેશ્વર દેવે ફરમાવેલા શ્રાવકજીવનના આચાર-આદર્શ મર્યાદાઓના પાલનમાં જ ખાસ પ્રયત્ન રાખવાનો. એમ પાપોથી બચવાનું અહીં સરળ છે. સહેલું છે. નહિતર પછીના ભવોમાં એ પાપોના વળતર ભયંકર છે. બુંદસે બિગડી હોજસે નહિ સુધરે, એવો ઘાટ થાય છે.

**બુંદસે બિગડી હોજ સે નહિ સુધરે -**

અમુક નક્ષત્રમાં નરસા પાણીના વરસાદથી અંકુર ફુટ્યો, એનો પાક હવે અમુક પ્રકારનો જ થવાનું નક્કી થઇ ગયું. હવે પછી એ અંકુર પર નક્ષત્રમાં સારા પાણીના ધોધ વરસે છતાં એ પાક સુધારવાનો નહિ. એમ બહુ ભયંકર વિચારના સંયોગમાં ગર્ભાધાન થવું એ કલુષિત વીર્યના બુંદથી થયું. કેમકે માનસિક વિચારની જેવી રીતે પાચક રસો પર અસર પડે છે. એમ લોહી વીર્ય પર પણ અસર પડે છે એનાથી ગર્ભનું શરીર અમુક પ્રકૃતિનું બાંધવાનો પ્રારંભ થયો. હવે પછીથી વિચાર સુધર્યા અને પછી ગમે તેટલા સંયોગ થઇ હોજની જેમ વીર્ય વહ્યા કે માતાએ સારાં પોષણ સિંચ્યા, છતાં હવે કાંઇ પેલા ગર્ભના શરીરની પ્રકૃતિ સુધરે નહિ કેમકે ગર્ભાધાન થતાં ગર્ભનું દ્વાર જ બંધ થઇ જાય છે. પછી એ બહાર ફોગટમાં વહી જનાર વીર્યનો હોજ શી અસર કરે ? મૂળ બુંદથી પ્રકૃતિ જ ખોટી બંધાઇ, હવે માતાના હોજ જેટલા સારાં પોષણ એ પ્રકૃતિ શી રીતે ફેરવી શકે ? બુંદસે બિગડા હોજ સે નહીં સુધરે માટે તો વિષયાંધ ન બનવા સાવધાન રહેવાનું. બુંદથી બગડ્યું પછી ખલાસ બાજી હાથથી ગઇ.

**ક્ષણમાં બાંધ્યા નિકાચિત પાપકર્મ વર્ષોના ધર્મથી ય નહિ હટે -**

એમ અહીં ખરાબ ભાવમાં કર્મ નિકાચિત ઉપાર્જ્યું પછી વિચાર સુધર્યા, એ

હવે ગમે તેટલા સારા ચાલો, પણ પેલા નિકાચિત કર્મનો ફેરફાર સંક્રમણ કે નિકાલ થાય નહિ. એ તો એવું ભોગવવું જ પડે. રાજા શ્રેણિકે મિથ્યાત્વી અવસ્થામાં નરકની ઘોર અશાતા વગેરે તથા નરકનું આયુષ્ય બાંધી દીધું હતું, પછી સમ્યકત્વ પામ્યા અને ઉમદા ઉત્તમ વિચારો કરવા લાગ્યા, છતાં નરકના આયુષ્ય કર્મમાં, તેમજ નરકમાં જ ભોગવવા યોગ્ય ઘોર અશાતા-વેદનીય, નીચગોત્ર, દૌર્ભાગ્યનામકર્મ, વગેરે પાપ કર્મોમાં ફેરફાર થયો નહિ.

શ્રેણિક પ્રભુ મહાવીરદેવને કહે છે, 'પ્રભુ આ તમારો સેવક નરકે જાય ? તમે કહો તે કરું, પરંતુ મારી નરકગતિ મિટાવી આપો.'

પ્રભુ કહે છે ! 'શ્રેણિક ! એ કર્મો નિકાચિત બંધાઇ ગયા છે, તેથી ફેરફાર થઇ શકે નહિ. પરંતુ તારે આ મહાન આશ્વાસન છે કે પછીના ભવે તું મારી માફક તીર્થંકર થઇ મોક્ષ પામશે !

કેવી કઠણાઇ ? તીર્થંકરપણાના ઉત્કૃષ્ટ પુણ્યોનો સમુહ ઉપાજર્યો ત્યારથી દિલમાં સમ્યકત્વનો ભાવ અને સર્વ જીવકરુણાનો ભાવ વહેતો થઇ ગયો છતાં એવા શુભ ભાવના હોજ પણ પેલું એક બુંદ-બિંદુ જેટલા કાળના સક્લિષ્ટ ભાવથી બગડેલું સુધારી શકતા નથી !

**બુંદસે બિગડવા સામે ઉપાયઃ સ્થિર મૈત્રી આદિભાવ -**

બસ, આ દ્રષ્ટાન્ત નજર સામે રાખી વર્તમાનમાં એવા (૧) અ-મૈત્રી વૈર-વિરોધ, ક્રૂરતા, ઇર્ષ્યા-દ્વેષ અને પરદોષ પિંજણના ખરાબ ભાવથી અર્થાત્ એવા સંક્લિષ્ટ પરિણામથી પાછા ફરી જવા જેવું છે, સંક્લિષ્ટ ભાવ પડતા મૂકવા જેવા છે, અને એના બદલે મૈત્રી-સર્વજીવ સ્નેહભાવ-કરુણા-પ્રમોદ અને માધ્યસ્થ્ય-પર દોષ ઉપેક્ષાભાવમાં સ્થિર થવા જેવું છે.

(૨) એમ, ક્રોધ-માન-માયા-લોભ, હાસ્ય-મજાક રતિ-અરતિ, હરખ-ઉદ્વેગ-શોક, બીજાની ઘૃણા-દુગંછા તથા કામવાસના...વગેરે કષાયના ભાવ પડતા મૂકવા જેવા છે, રોકવા જેવા છે, ને એના બદલે ક્ષમા મૃદુતા-સરળતા-નિર્લોભતા અને સહિષ્ણુતા-ગાંભીર્ય ઉદાસીનતા, તથા નિત્ય પ્રસન્નતા, તેમજ શીલ બ્રહ્મચર્યના ભાવ જાગતા રાખવા જેવા છે, સ્થિર કરવા જેવા છે.

(૩) એમ, વિષયરાગના ચિત્ત સંકલેશ પડતા મૂકીને-રોકી વિષય-વૈરાગ્યના તથા વિષયત્યાગના ભાવ જાગતા રાખવા જેવા છે.





(૪) એમ, આહારસંજ્ઞા, આરંભ સમારંભની સંજ્ઞા તથા પરિગ્રહની સંજ્ઞાના ભાવ અટકાવી તપ-અહિંસા દાન-પરોપકારના ભાવઃ જાગતા રાખવા જેવા છે.

**અવળાનું સવળું કરવા :-**

આ બધું અવળાનું હવે સવળું કરવા માટે આ સૂત્ર વારંવાર યાદ રાખવાનું કે બુંદસે બિગડી હોજ સે નહીં સુધરે. ક્ષણવાર ખરાબ ભાવમાં ખરાબ કર્મ બાધી નિકાચિત કરેલું, એ પછીથી લાંબા સમય સુધી પણ કરેલા સારા ભાવથી નહિ સુધરે. એના ભયંકર કટુ વિપાક તો ભોગવવા જ પડશે. માટે ક્ષણ વાર પણ એવો ખરાબ ભાવ નહિ કરવો.

મહાવીર ભગવાનના જીવ મરીચિએ ક્ષણવાર કુળ-મદ કરી નીચ ગોત્રકર્મ બાંધ્યું, એ કેવું નિકાચિત કર્યું હશે કે પછીથી વિશ્વભૂતિ મહામુનિના ભવે, પ્રિય મિત્ર ચક્રવર્તી મુનિના ભવે, અને નંદન રાજર્ષિના એક લાખ વરસના માસખમણના ભવે ખૂબ સારા ભાવના હોજ શું, મોટી ગંગાઓ વહેવડાવી, એમાં ઢગલો ઉચ્ચ-ગોત્રકર્મ પણ ઉપાર્જ્યાં, છતાં એ ત્રીજા ભવનું નીચ ગોત્રકર્મ રદબાતલ ન થયું ! ને એણે પ્રભુના તીર્થંકરના ભવે પણ હલકા કુળમાં ઉતાર્યા ! કર્મની કેવી શિરજોરી ? એની પાછળ

**ખરાબ ભાવની કેવી શિરજોરી કે એનું કરેલું પછીનો ઢગલો શુભ ભાવ સુધારી શકે નહિ !**

તો હવે એમ કહેતા નહિ, કે-

પ્ર૦-તો પછી જો ખરાબ ભાવ એનો ભાગ ભજવવાના જ છે, તો અત્યાર સુધી તો પાર વિનાના અશુભ ભાવ કર્યા છે, એનાં દુઃખદ પરિણામ આવવાનું જ છે, તો હવે શુભ ભાવ કરવાથી શું વળવાનું હતું ?

**(૧) શુભ ભાવથી અનિકાચિત કર્મ રદ -**

ઉ૦-વળવાનું છે. ખરાબ ભાવમાં બાંધેલા અશુભ કર્મમાં બે જાત છે,- નિકાચિત કર્મ અને અ-નિકાચિત કર્મ. એમાં આત્માના સ્ટોકમાં નિકાચિત તો બહુ થોડા છે. બાકી મોટા ભાગના કર્મ અનિકાચિત છે, ને અ-નિકાચિત કર્મોનો શુભ ભાવથી સંક્રમણ વગેરે દ્વારા પણ ફેરફાર થાય છે, આમ સમજીને હવેથી શુભ ભાવનો જ ખપ કરવાનો, જેથી કેટલાય અનિકાચિત અશુભ કર્મ શુભમાં સંક્રમણથી પલટાઇને શુભ થશે.

શુભ ભાવનો બીજો લાભ આ છે કે-

**(૨) જેટલો સમય શુભ ભાવમાં રહો એટલો સમય અશુભ ભાવથી બચાય, એટલે અશુભ કર્મોથી, અશુભ સંસ્કરણ ને અશુભ અનુબંધોથી બચાય.**

આ લાભ પણ જેવો તેવો નથી. જુઓ-

(૧) શુભભાવે જે શુભ કર્મ ઉપાર્જ્યા એ આગળ પર એના શુભ વિપાક દેખાડશે. ત્યારે ધર્મ આરાધના અને શુભ ભાવોની અનુકૂળ સામ્રગી ભેટ કરશે. શુભ કર્મ વિના અનુકૂળ સામગ્રી ને સુખસગવડ મળે નહિ, એટલે સમજો કે અહીં પણ જે કાંઇક ધર્મ-આરાધનાને તથા શુભ ભાવને અનુકૂળ સામગ્રી પામ્યા છે, એ પૂર્વના શુભ ભાવના પ્રતાપે, શુભ ભાવથી ઊભા થયેલ શુભ કર્મના પ્રતાપે.

આ હિસાબે શુભ ભાવથી જે અશુભ કર્મ બંધાતા અટકે, એનો ય કેવો મહાન લાભ કે એથી એ અશુભ કર્મો વિઘ્નભૂત પ્રતિકૂળ સંયોગ ઊભા કરત, તે પણ અટક્યું. તો બોલો, હવે પછી શુભ ભાવની ઉપેક્ષા કરાય ? શુભ ભાવ વિના ચાલે ? ના, મનને નિર્ધાર જોઇએ કે

**મારે બીજા બધા વિના ચાલશે, પણ શુભ ભાવ વિના નહિ ચાલે.**

ખાવા-પીવા-પહેરવા-ઓઢવાનું, કે પૈસા-પરિવાર માનસન્માન ઓછા મળશે તો ચાલશે, પરંતુ શુભ ભાવ હૈયામાં નહિ હોય તો નહિ ચાલે. શુભ ભાવ તો જીવને મહાન આશીર્વાદરૂપ છે. (૨) શુભ ભાવથી શુભ સંસ્કરણ થાય, એ પણ મોટો લાભ છે. કેમકે એનાથી ભવિષ્યમાં સારી બુદ્ધિ રહે. સારું સૂઝે, સારા ભાવ આવે. આજે દેખાય છે, કેટલાક બાળકો શાંત સ્વભાવી, સંતોષી ઓછા મોહવાળા, સહિષ્ણુ અને ક્ષમાશીલ હોય છે. એ આગળ પર પણ જીવન એવું જ જીવે છે. અલબત જો એ ખરાબ સંગે ચડી જાય તો આ સારા સંસ્કારો દબાઇ જાય, ને અનંતાનંત કાળના કુસંસ્કારો તો જીવમાં પડેલા જ છે. એટલે ખરાબ પ્રવૃત્તિમાં અને દુર્ગુણોમાં લાગી જવાનો.

ત્યારે જો પૂર્વનું સુસંસ્કરણ લઇને આવ્યો છે, એટલે અમુક અમુક ગુણો છે, એમાં માબાપ તરફથી સારું શિક્ષણ મળે સારા સંસ્કાર મળે તો પૂર્વના સંસ્કરણમાં વૃદ્ધિ થાય છે. તો જુઓ અહીંના શુભ ભાવથી આ પણ કેવો મહાન પારલૌકિક લાભ કે એ અહીંના સુસંસ્કરણથી ત્યાં જીવન ઉન્નત બનાવે, ગુણિયલ બનાવે.

આ હિસાબે શુભ ભાવમાં અશુભ સંસ્કરણ અટક્યું તેથી પરલોકમાં એના





કૂડા પ્રત્યાઘાતોથી પણ બચાય. એ પણ એક મોટો લાભ છે. હવે ત્રીજું,-

**(૩) શુભ ભાવથી પૂર્વના આવેલા અશુભ અનુબંધો તુટે.**

**સારી નરસી બુદ્ધિ શુભ-અશુભ અનુબંધોથી મળે -**

જીવ પરલોક જેમ કર્મ લઇને જાય છે, એમ શુભાશુભ અનુબંધો પણ લઇ જાય છે. એ જીવને શુભાશુભ બુદ્ધિ કરાવે છે શુભાનુબંધથી સારી બુદ્ધિ અને અશુભાનુબંધથી નરસી બુદ્ધિ જાગે છે, ત્યાં વિચિત્રતા આ થાય છે કે કર્મ અશુભ હોય તો એ દુઃખ આપે, પણ જો એ શુભાનુબંધવાળું અર્થાત્ શુભાનુબંધી કર્મ હોય તો દુઃખમાં પણ બુદ્ધિ સારી રહે. દા.ત. શુભાનુબંધી અશાતા વેદનીય કર્મ કે અપયશ નામકર્મ ઉદયમાં હોય, તો શરીરે અશાતા રોગ કે અપયશ મળે, પણ બુદ્ધિ સારી રહે, અર્થાત્ મનને આવું કાંઇક થાય કે-'મારી પૂર્વના અશુભ કર્મનું આ ફળ છે. માટે ભોગવી જ લેવાનું. કશી હાયવોય નહિ કરવાની કે કોઇના પર દ્વેષ નહિ કરવાનો. ભગવાનનું નામ લેવાનું, જીવો પર દયા કરવાની, દાનાદિ ધર્મનું બળ વધારવાનું'. આવી આવી બુદ્ધિ થાય,

એથી ઊલટું ઉદયમાં કર્મ શુભ હોય, દા.ત. શાતા વેદનીયકર્મ, યશનામકર્મ, પણ એ અશુભાનુબંધી હોય તો એ અશુભાનુબંધથી બુદ્ધિ બગડેલી રહે, પાપબુદ્ધિ થાય, અભિમાન, વિષયાસક્તિ , બીજાનો તિરસ્કાર અપમાન વગેરે કરવાનું મન થાય.

શુભભાવ આ પૂર્વના અશુભ અનુબંધ તોડે છે.

એટલે અનિકાચિત કર્મો તો તૂટે, પણ નિકાચિત કર્મ ભલે ન તૂટે કિન્તુ એની સાથેના અશુભ અનુબંધ તૂટે છે. તેથી જ્યારે એ નિકાચિત અશુભ કર્મ ભવિષ્યમાં ઉદયમાં આવે ત્યારે ભલે એ ફળમાં દુઃખ દેખાડે, પણ અશુભ અનુબંધ હવે નહિ હોવાથી બુદ્ધિ બગડે નહિ. એટલે દુઃખ છતાં આત્માનું કાંઇ બગડવાનું નહિ.

ભગવાન મહાવીરસ્વામીને નિકાચિત અશુભ કર્મના ઉદયે ભારે દુઃખ આવ્યાં, કાનમાં ખીલા ઠોકાયાની ને ખીલા પાછા ખેંચાયાની ઘોર પીડા આવે, પરંતુ એમની બુદ્ધિ બગડી નહિ, સામા દુઃખદાતા જીવ પર ગુસ્સો કે દ્વેષ ન થયા. કેમ વારુ ? કાનમાં ખીલા ઠોકાવાનું કર્મ ત્રિપૃષ્ઠ વાસુદેવના અવતારે શય્યા-પાલકના કાનમાં ધગધગતું સીસુ રેડાવીને ઉપાર્જેલું, તે કર્મ ભારે અશુભ અનુબંધવાળું બાંધ્યું હશે તો એ અનુબંધથી અહીં પાપ બુદ્ધિ કેમ ન થઇ ? કેમ મન બગડ્યું નહિ ? કહો, વચગાળાના વિશ્વભૂત મુનિ, પ્રિયમિત્ર ચક્રવર્તી મુનિ, અને નંદન રાજર્ષિના ભવે તપ સંયમાદિની સાધના સાથેના શુભ ભાવેલ્લાસથી અનુબંધ તોડી નાખ્યા, એટલે

હવે અનુબંધ વિનાનું એ લુખ્ખું કર્મ ઉદયમાં આવી દુઃખ આપી ગયું, પણ બુદ્ધિ શાની બગડે ?

**બુદ્ધિ બગાડનાર પાપાનુબંધો છે.**

પાપાનુબંધો તૂટી ગયા પછી સુખ-દુઃખ ગમે તેટલા આવે, છતાં બુદ્ધિ ન બગડે, કષાયો ન થાય. દુર્ધ્યાન અસમાધિ ન થાય. જીવનમાં કરવા જેવું મહાન કામ આ છે કે પાપ અનુબંધો તોડી નાખો, ને એ માટે શુભ ભાવ ખૂબ કેળવો. એ મારા શુભ સાધના-આરાધના અને જિનવાણીની ઉપાસનામાં રમતા રહો. દેવગુરુ ભક્તિ અને દાન-શીલ-તપના અનુષ્ઠાનોમાં તથા શાસ્ત્રોમાં ચિંતન-મનનમાં લાગ્યા રહો એમાં શુભ ભાવો હૈયામાં ઉપસ્યા કરે એથી પાપાનુબંધો તૂટતા આવે.

**પાપાનુબંધો તૂટી જાય એ ભવિષ્ય માટે મોટી સલામતિ.**

કેમકે પછી ભવિષ્યમાં પરલોકમાં પાપિષ્ઠ બનવાનું નહિ આવે. પાપાનુબંધો બુદ્ધિ બગાડીને જીવને પાપરક્ત પાપિષ્ઠ ભનાવનારા છે.

ત્યારે, શુભ ભાવના કેવા કેવા મહાન લાભ !

પેલો ધરણીજઢ બ્રાહ્મણ ગરીબ બની જવાથી કપિલને ત્યાં આવેલો છે. કપિલ એનું સન્માન કરે છે, ને પોતાની પત્ની સત્યભામાને ઓળખ કરાવે છે કે 'આ મારા પિતાજી છે'. પછી કહે છે 'તું એમની સારી સરભરા કરજે.' ધરણીજઢે કપિલને પોતાની ગરીબાઇની વાત કરી એટલે કપિલ એને આશ્વાસન આપે છે કે 'તમે કશી ચિંતા ન કરો. અહીં સુખેથી રહો, આ ઘર તમારું જ છે, અને જવું હોય ત્યારે સારી રકમ કપડાં વગેરે લઇ જજો. પરંતુ હમણાં જવાની વાત કરતા નહિ અહીં સુખેથી રહો.'

કપિલ એનાથી જન્મેલ દાસીપુત્ર છે, પરંતુ સમજે છે કે 'આ મારા પાલક પિતા છે, શાસ્ત્રવિદ્યા એમની પાસેથી મળી છે, તેથી મારા ઉપકારી છે. તો મારે એમની સેવા કરવી જોઇએ' કપિલ ભલે દાસીપુત્ર એટલે હલકા પેટનો, છતાં આર્યદેશમાં જનમેલો છે ને ? તેથી કૃતજ્ઞતા ભૂલતો નથી. આર્યદેશની આ ખૂબી છે કે

**આર્ય ઊંચા કુળવાળાના સમાગમથી નીચ કુળવાળા ય અમુક અમુક ગુણો શીખે છે.**

માટે તો આર્યદેશના ભંગી પણ અમુક મર્યાદાનું પાલન કરતા, અને સચ્ચાઇ-નેકી વગેરે ગુણો પણ જીવનમાં ઉતારતા, ઉંચા કુળવાળા કુસંસ્કારથી ઉચ્ચ





મર્યાદાઓ, ઉચ્ચ ગુણો, અને ઉચ્ચ કરણીનું જીવન જીવતા એની પેલાઓ પર છાયા પડતી.

આજે ઊંચા-નીચના ભેદ મિટાવી દેવાય છે, પરંતુ આશ્ચર્ય છે કે એમાં ઊંચા કુળવાળાને ઉચ્ચ મર્યાદાઓ-ગુણો-કરણીમાં વધુ મક્કમ બનાવીને નહિ પરંતુ નીચ કુળવાળાને ભેગા ભેળવી લઇને. એથી પરિણામ શું ? નીચ કુળવાળાને સારી મર્યાદાઓ, સારા ગુણો, સારી પરલોક હિતકારી કરણી નથી શીખવવી, કિન્તુ ભેળાં ભોજન, ભેળાં બેસવાનું, પરસ્પર લગ્નવ્યવહાર વગેરે ચલાવવું છે, એટલે નીચા કુળવાળામાં ગુણની દ્રષ્ટિએ કશો ઉત્કર્ષ લાવવો નથી, ને એના ભેગા ઊંચા કુળવાળા ભળતાં પોતાની ઉચ્ચ મર્યાદાઓ ગુણો અને કરણીથી નીચા ઉતરે છે...ત્યારે પૂર્વકાળની આ બલિહારી જોવા જેવી છે કે ઉચ્ચ કુળવાળાના આચાર વિચારની અસર હીનકુળવાળા પર પડતી હતી. આર્ય દેશની આ વડાઇ હતી.

**ભારત અને પરદેશ વચ્ચે મોટો ફરક**

ત્યારે આર્યદેશમાં જન્મનો મહિમા ધ્યાન પર લેવા જેવો છે. જો મન પર એનું મહત્વ, એનું મહામૂલ્ય અંકિત રહે તો પાશ્ચાત્ય દેશની સંપત્તિ અને ભૌતિક લીલા પર ઓવારી ન જવાય. આજે અમેરિકામાં ફરિયાદ ઊઠી છે કે લગભગ લાખ જેટલા શ્રીમંત ઘરના નબીરાનાં જીવન બગડી રહ્યા છે, એનાં મન અસ્વસ્થ બની ગયાં છે, એને ઊંઘ નથી આવતી ! ત્યારે દારૂ-વ્યભિચારની બદીમાં પાર વિનાના યુવક-યુવતીઓ ફસાયેલા છે, પછી એની પાછળ બીજી શેતાનિયત તો સહેજે તણાઇ આવે. કેમ વારુ આમ ? કહો, કોરી ભૌતિક લીલાનાં કારણે. આત્મા, પુણ્ય-પાપ, પરલોક વગેરેની ત્યાં વાત નથી તો વ્યભિચાર એ પાપ હોવાનું સમજાય જ શી રીતે ? દારૂ-માંસમાં પણ પાપબુદ્ધિ નહિ. એ વિના પાપનો ડર શાનો રહે ? સંયમ ક્યાંય આવે ? ઇન્દ્રિયદમન શા સારુ જરુરી લાગે ?

ત્યારે આર્યદેશનો પ્રભાવ છે કે અહીં આર્ય જનતામાં આત્મા, પુણ્ય, પાપ, પરલોકની વાતો રીઢ થઇ ગયેલી છે, અને જીવન પર એનો પ્રભાવ હોવાથી જીવનમાં સંયમ, ઇન્દ્રિય દમન, ત્યાગ તપસ્યા, સદાચાર, સાત વ્યસન ત્યાગ, પરમાત્મ-ભજન, સંત સમાગમ વગેરે વ્યાપક બની ગયેલા છે, એટલે એની છાયા હલકા કુળવાળા પર પણ પડે છે, તેથી એમના જીવનમાં પણ ભલે અંશે અંશે ય પાપ-ભય, નેકી કૃતજ્ઞતા...વગેરે ગુણ દેખાય છે.

કપિલ દાસીપુત્ર છતાં પિતા ધરણીજઢ પ્રત્યે કૃતજ્ઞતા સમજે છે, તેથી એની ગરીબીમાં આશ્વાસન આપતાં કહે છે, અહીં ખુશીથી રહો, ને જ્યારે જવું જ હશે ત્યારે રકમ લઇ જજો.

આર્યદેશમાં જનમ પામવાનું મહત્ત્વ-સમજતા હો તો જીવનમાં આર્યસંસ્કૃતિ અને ધર્મ-આચારો સારી રીતે જીવવા પર લક્ષ રાખો, કષ્ટ વેઠીને પણ એનું પાલન કરો.

ધરણીજઢને નિશ્ચિન્તતા થઇ. ત્યાં રહે છે અને પોતાના કુળધર્મની રુએ ઉભયકાળ સંધ્યા પાઠ-ચર્યા શૌચ, તથા બીજા ધાર્મિક આચાર-અનુષ્ઠાન પાળે છે.

**સત્યભામાની સૂઝ -**

ધરણિજઢના સારા આચાર જોઇને સત્યભામાને વિચાર આવે છે કે આ તો ઉચ્ચ આચાર અનુષ્ઠાન પર ચુસ્ત છે, જ્યારે કપિલમાં તો એવું કાંઇ દેખાતું નથી ! તો પછી શું એ આમના ન્યાય-પ્રાપ્ત પુત્ર હોઇ શકે ?

સત્યભામા પોતાના પતી કપિલને પૂર્વ નગ્ન થઇને આવેલો જાણી દિલમાં દાઝેલી તો હતી જ, એમાં વખત જતાં અહીં જુએ છે કે 'સસરો ધરણીજઢ બ્રાહ્મણધર્મના જેવા શુદ્ધ આચાર અનુષ્ઠાન પાળે છે એવા શુદ્ધ આચાર-અનુષ્ઠાન પતિ કપિલમાં દેખાતા નથી. એટલે તો એની અકુલીનતાનો સંદેહ વધારે દ્રઢ થાય છે !' હવે એનો નિર્ણય લેવા સસરાને અવસર પામી હાથ જોડીને કહે છે,-

**સત્યભામાનો સસરાને વિવેકભર્યો પ્રશ્ન :-**

'બાપુજી ! એક વાત આપને પૂછવી છે, કેમકે મારા દિલમાં કેટલાક વખતથી એ વાત શલ્યની જેમ ડંખી રહી છે. સોગનથી આપ સત્ય ઉત્તર કરો તો હું પૂછું. આપ મહાન આત્મા છો એ આપના વિશુદ્ધ આચારથી જોઇ શકું છું, અને મહાનપુરુષો હૃદયના પીડિત આત્માઓને આશ્વાસન આપનારા હોય છે તેથી મને વિશ્વાસ છે કે આપ મારી પ્રાર્થના પર ધ્યાન દેશો.'

ધરણીજઢ આમે ય સત્યભામાની સેવા સરભરાથી આવર્જિત હતો, અને સ્વયં ઉત્તમ બ્રાહ્મણ હતો, એટલે સત્યભામાના દિલમાં ઉંડું દુઃખ દેખી દયાર્દ્ર બની કહે છે,

ખુશીથી પૂછો જે પૂછવું હોય તે 'કહેવા યોગ્ય હશે તે સત્ય કહીશ' ત્યારે સત્યભામા કપિલે પૂર્વે વરસાદમાં નગ્ન થઇને આવ્યા સુધીની વાત કરી કહે છે, 'આ પરથી મને સંશય પડ્યો છે કે આ મારા પતિ કુલીન છે કે કેમ ? તો હું આપને





હવે એ જ પૂછું કે શું એ ખરેખર આપના પુત્ર છે ? કે કોઇ અનાથના પુત્રને આપે આશરો માત્ર આપ્યાથી આપ પિતા કહેવાઓ છો ?'

સત્યભામા વિવેકવંતી છે, એટલે સીધેસીધું નથી પૂછતી કે આ આપનો ન્યાય-પ્રાપ્ત પુત્ર છે ? કે, અન્યાય પ્રાપ્ત ?

**આમા સમજદાર આત્માને પૂછતાં યોગ્ય ભાષાનો વિવેક વાપરવો જ જોઇએ.**

ઉલ્લંઠ પ્રશ્ન ન પૂછાય. ઉલ્લંઠ ભાષા ન વપરાય ધરણીજઢ જુએ છે કે આ કુલીન કન્યા ફસાઇ ગઇ છે, તો એને અસત્ય યા ગોળગોળ જવાબથી વસવસો ઊભો રહેશે, શાંતિ નહિ થાય. કપિલ જ્યારે અકુલીન જ છે, તો અકુલીનતાનું સત્ય કેટલું ઢાંક્યું રહેવાનું હતું ? હું અહીં આને ગમે તેટલો સવાસલો કરું પણ વખત જતાં અકુલીનની અકુલીનતા એક યા બીજા પ્રસંગમાં ઉપસી આવવાની. વળી આ કુલીન બાળા મારા પર વિશ્વાસ મૂકે છે તો એને ધોખો ન દેવાય.

ધરણીજઢ એમ વિચારી કહે છે,-

**ધરણીજઢનો સ્પષ્ટ ઇકરાર -**

'બેન ! તને એની વાત શું કરું ? પહેલી તો મારી જ નબળાઇ તને કહું કે સુખી સ્થિતિમાં ઘરે કપિલા નામની દાસી રાખેલી, એનાં રૂપ-યૌવન અને ઘરમાં સતત દર્શન-સમાગમના હિસાબે હું ભૂલ્યો, એનામાં લુબ્ધ બન્યો, એના અયોગ્ય સબંધમાં આવ્યો અને દાસીને આ કપિલ પુત્ર થયો. પછી મોટો થતાં એને હું શાસ્ત્ર તો ભણાવું નહિ, પરંતુ મારા પુત્રોને ભણાવતાં ભણાવતાં એ સાંભળી સાંભળીને બે અક્ષર જાણતો થઇ ગયો. તે ત્યાં તો લોક એને દાસીપુત્ર તરીકે જાણે તેથી એની કિંમત શાની રહે ? એટલે એ અચલગ્રામ છોડીને અહીં આવ્યો છે. વખત જતાં ભાગ્યના વિલક્ષણ ખેલ છે તે માટે અત્યંત ગરીબી આવી ગઇ, અને જાણવા મળેલું કે કપિલ રત્નપુરમાં વિદ્વાન તરીકે પંકાઇ શ્રીમંત બન્યો છે.

'બેન ! તને શું કહું, પેટ કરાવે વેઠ. તે આજે મારે પેટની ખાતર અકુલીનનો આશરો લેવો પડ્યો છે-'એમ બોલતાં બોલતાં એની આંખે પાણી આવી ગયા. પછી આગળ એ કહે છે,-

**કિંમતી હિતશિક્ષા -**

બાકી ભગવતી ! તારે હવે મનમાં વિમાસણ કરવાની જરૂર નહિ, કેમકે પ્રારબ્ધે જે નિર્માણ કર્યું એમાં હવે ફેરફાર શક્ય નથી એટલે વ્યર્થ અફસોસ નહિ

કરવો. જીવન નભાવી લેવું, અને ભગવાનની ઇચ્છા બળવાન અને શિરોધાર્ય કરીને ભગવાનને વિશેષ સમર્પિત થવું, ને ધર્મપરાયણ રહેવું.'

ધરણીજઢના આ ખુલાસાથી સત્યભામાને એકવાર તો કમકમી આવી ગઇ કે 'હે ! ત્યારે મારો પતિ દાસીપુત્ર ? આવા હલકા પેટના પતિના પનારે હું પડી ?'

**અનિષ્ટ પર સત્યભામાની સ્વચ્છ વિચારણાઃ-**

પણ એણે મન વાળ્યું કે 'જ્યારે આવા શાસ્ત્ર ભણેલા અને કુળવાન બ્રાહ્મણને પણ દૈવ અઘટિતમાં જોડે, તો હું કોણ વિસાતમાં. કઇ મોટી લાયકાતવાળી કે મને ય એ કુટિલ દૈવ અઘટિત પતિયોગ ન કરાવે ? દૈવ વિચિત્ર છે, અઘટતું કરાવે. એટલે જ મારા સુજ્ઞ પિતાજીને પણ ભુલાવ્યા કે એમને આમની સાચી ઓળખ ન થવા દીધી. એટલે વાંક પિતાજીનો નહિ પણ દૈવનો કે આ પતિની સાથે મને જોડી, દૈવની સત્તા પ્રબળ છે, એ ભગવાનની સત્તાને પણ ન ગણે, તો હવે બની ગયેલ બાબત પર મારે અફસોસી શી કરવી ? એથી કાંઇ ન બન્યું નથી થવાનું. પરંતુ હવે મારે મારા આત્માનું ન બગડે એ જોવાનું.'

સત્યભામાએ મન વાળ્યું. સસરા ધરણીજઢને કહે છે, 'બાપુ ! આપે મારા પર અનહદ ઉપકાર કર્યો, મારા મનનો સંશય ભાંગી દીધો. તે આપની વાત સાચી છે કે હવે ભગવદ્-ઇચ્છા બળવાન ગણી નભાવી લેવું. આમ મન વાળ્યા છતાં એને ભવિષ્યની ચિંતા થઇ કે 'આવા અ-કુલીન માણસ સાથે જીવન કેમ નભે ? કારણ કે કુલહીનતા અસત્ સંસ્કારનો મને ચેપ લાગે. કુલહીનનો સંપર્ક ખોટો, એની છાયા ખોટી. કોને ખબર કુલહીન ક્યારે શું કરી બેસે ? હવે મારે શી રીતે બચવું ?'

❀ ❀ ❀ ❀ ❀ ❀

**સત્યભામા રાજા પાસે -**

સત્યભામાએ સસરાનું વચન તો તહત્તિ કરી લીધું જેથી વડિલની આમન્યા જળવાય. કહી દીધું 'આપે હિતશિક્ષા આપી, આપનો આભાર માનું છું. હવે હું બની ગયાની અફસોસી નહિ કરું. આપે અમૂલ્ય તત્ત્વજ્ઞાન આપ્યું છે આપની મહાન કૃપા.' પરંતુ એના મનમાં હવે ભાવીની ચિંતા પેઠી છે.

એ પછી ધરણીજઢ કપિલ પાસેથી સહાય મેળવીને ત્યાંથી ચાલી જાય છે, ને હવે સત્યભામા અકુલીનના સંપર્કથી બચવાનો માર્ગ વિચારી રહી છે. એ જુએ છે કે નગરવાસી કોઇ મને છતે ધણીએ આશરો આપે નહિ, પણ નગરના રાજા શ્રીષેણ





ન્યાયપ્રિય છે, પ્રજા પર વાત્સલ્યવાળા છે, પરદુઃખભંજક છે, તેથી એમનો જ મારે આશરો શોધવો પડે. તેથી હું ઝટ મહારાજની પાસે પહોંચી જઉં. હવે નક્કી જાણ્યા પછી અકુલીનની એક ઘડીની પણ છાયા ખોટી. આ ઉંચો જનમ ખરાબના સંપર્ક અને ખરાબ છાયા લેવા માટે નથી. નહિતર ભાવી દીર્ઘકાળ બગડી જાય ! હું એવો કુસંગ છોડું અને સંસાર-સુખ ગુમાવવા પડે તો ભલે, જહન્નમમાં ગયા પશુસુલભ સંસારસુખો.'

સત્યભામાની ઉત્તમ વિચારસરણી જોવા જેવી છે.

**જેને સંસ્કારોની મૂડી એ મોટી મૂડી લાગે એ એને સાચવવા-વધારવા દુન્યવી સુખ સગવડને વિસાતમાં નહિ ગણે.**

**સંસારસુખ કેમ ભુંડા ? -**

દુન્યવી સુખ-વિલાસની લંપટતા ભૂંડી છે, કેમકે એ સંસ્કાર-ધનને બગાડી નાખે છે, અરે ! એને લેખામાંય નહિ ગણે. ત્યારે તો એવા દોષ ભરેલા માણસ પાસેથી કશું ચાટવા મળતું હોય તો તે લેવા માણસ દોડે છે. એને કશો વિચાર જ નથી કે 'આવાના સંગમાં મારા સુસંસ્કારો ખત્મ થવા માંડશે તો ?' એક જ વાત છે, 'આવાના સંબંધથી પૈસા કમાવા મળે છે ને ? મોજમજાહ મળે છે ને ?' એટલે જ આજની છોકરીઓ એવા ફટાકિયાને પસંદ કરે છે, ધર્મિષ્ઠ કે ગંભીરને નહિ.

એમ કેટલીક બાઇઓની એવી સ્થિતિ છે ખોટો ધણી માથે પડી ગયો છે. ધણી જુગારી છે, દુરાચારી છે, લોફર મિત્રોમાં રખડતો છે, પરંતુ એની પાસેથી સંસારસુખની લાલસામાં એને કશું કહી શકતી નથી, કશું દબાણ લાવી શકતી નથી. ભય છે કે 'કાંઇક કડક કહેવા જઇશ તો આ ઘરે જ નહિ આવે યા મારો ત્યાગ કરશે, મારી સાથે બોલશે ચાલશે નહિ !' આમાં, બોલો, પોતાના સુસંસ્કાર ખોવાઇ જવાનો ઘસાઇ જવાનો, બગડી જવાનો ડર ક્યાં રહ્યો ?

**દુષ્ટના સંગમાં સુસંસ્કારની મૂડીને ધક્કો લાગ્યા કરે.**

આજે છોકરા-છોકરીઓ કેમ બગડી ગયા છે ? શું સારા ઘરમાં એમને સારા સંસ્કાર નથી મળ્યા ? મળ્યા છે, પણ આજના કુસંગમાં એ સુસંસ્કારો નબળા પડી ગયા, ને કુસંસ્કારો માથે ચડી બેઠા. આજના કેટલાક શિક્ષકો પણ કુસંગરૂપ થઇ ગયા છે. સિનેમા-નોવેલ-નવલિકાના શોખીન યુવાન માસ્તર માસ્તરાણીઓ પોતાની બદીનો ચેપ છોકરા-છોકરીઓને કેમ નહિ આપે ? એ ય ભૂંસાય, જો

માબાપ ઘરે રોજ હાજરી લે કે 'નિશાળે શું શીખી આવ્યો ? શું સાંભળી આવ્યો ?' ને પછી એનું વારણ કરવા માટે યોગ્ય હિતશિક્ષા-શિખામણ-અનુભવ આપે. પરંતુ આજે માબાપને ક્યાં આની પડી છે ? આની ફુરસદ જ નથી. જીવનમાં બીજાં ટાયલાંની ફુરસદ છે, મિત્રો સહિયરો સાથે વાતોચિતોની ફુરસદ છે, પણ કરુણા પાત્ર આશ્રિતોના દીર્ઘ પરલોકના હિતની ચિંતા રાખવાની ફુરસદ નથી ! પછી છોકરા-છોકરી બહારનાં કુસંગમાં સંસ્કારધન ખોઇ નાખી બગડી જાય એમાં નવાઇ શી ?

**કુસંગ સંસ્કાર બગાડે -**

તમને ખબર નથી, સાધુને પણ એવા ભગતનો સંગ લાગે તો સાધુ બગડી જાય. ભગત લાવીને દુનિયાની માંડે એ સાંભળતાં સાંભળતાં સાધુનું મગજ બગડી જાય. વળી ગુરુ એવા મળ્યા હોય કે એ ભક્તોના મોંઢા સાચવવામાંથી ઊંચા જ ન આવતા હોય, એટલે શિષ્યને વાચના-હિતશિક્ષા આપવાની એમને ફુરસદ જ ન હોય, પછી સાધુ પણ કેમ ન બગડે ?

**દુનિયાને સંભાળવા પહેલાં આશ્રિતને સંભાળવા એ મોટી ફરજ છે.**

શાસ્ત્ર કહે છે જે ગુરુઓ શિષ્યોને સારણા-વારણાદિ નથી કરતા તે કસાઇ કરતાં ખરાબ છે, કેમકે કસાઇ પોતાના પનારે પડેલાના એક જીવનને ખત્મ કરે છે, ત્યારે સારણાદિ નહિ કરનાર, ગુરુ તો એમના વિશ્વાસે રહેલા આશ્રિતોના અનેક જનમ બગાડે છે. કેમ ? સારણાદિ નહિ એટલે તેવી હિતશિક્ષા અને માર્ગદર્શનના અભાવે આશ્રિતોનાં જીવન પ્રમાદી, યથેચ્છાચારી અને અસંયમાદિ દોષભર્યાં બની જાય છે. એમાંથી દુર્ગતિનાં પાપિષ્ઠ જનમ સર્જનારાં પાપાનુબંધો ઊભા થાય છે, પાપસંસ્કારો ખડા થાય છે. પછી એ જનમ જનમ પાપિષ્ઠ જ બન્યો રહે એમાં અનેક જનમ બગડ્યા જ ગણાય ને ? શ્રદ્ધાળુ ગૃહસ્થને કદાચ યથેચ્છાચારી સાધુની જેમ આ દુર્દશા ન થાય.

**ગૃહસ્થ કરતાં સાધુની સ્થિતિ જોખમી છે, સાધુ કેમ સમ્યકત્વથી ભ્રષ્ટ થાય ?**

એનું કારણ છે, ગૃહસ્થને હજી ખટકો થશે કે 'આ દોષ સેવું છું એ ખોટું છે. આ પાપ કરું છું એ સારું નથી' તેથી હજી તેનામાં સમ્યગદર્શન રહી શકે. પરંતુ સાધુ થયેલાને જો ગુરુ ગ્રહણશિક્ષા-આસેવનશિક્ષા નહિ આપતા હોય, વાચના પ્રેરણા નહિ આપતા હોય, તો સાધુ દોષો અને પાપો તરફ ઘસડાશે, એમાં એને એમ નહિ લાગે કે 'હું આ ખોટું કરું છું' એ તો જોશે કે 'ગુરુ ભક્તો સાથે વાતો કરે





છે, તો આપણે ય કરીએ એમાં શો વાંધો ? ગુરુ ય શાસ્ત્ર-સ્વાધ્યાય નથી કરતા તો આપણે ય ન કરીએ એનો વાંધો નહિ.' હવે જ્યા કર્તવ્યહાનીમાં અને અકર્તવ્યસેવનમાં વાંધો ન દેખાય ત્યાં સમ્યકત્વ ક્યાંથી રહે ?

પછી તો હિતશિક્ષા-વાચનાના અભાવે સાધુમાં સાધુતાને બાધક બીજા ય દોષો પેસે. અસંયમ, અજતના, ઇષ્ટ ખાનપાન,-વગેરે બદી પેસે. એમાં સાધુને અફસોસી નહિ થાય કે 'હાય ! ક્યાં હું આ શિથિલતાઓમાં ને આ બદીઓમાં બેઠો ?' એને તો ઊલટું એ બધું એને સાધુ-જીવન માટે જરૂરી લાગશે ! એમાં કશો વાંધો કે દોષરૂપતા નહિ લાગે ! હવે આમાં સમ્યગ્દર્શન શી રીતે ઊભું રહે ?

આટલા જ માટે કહેવાય કે સાધુજીવન એ જોખમી જીવન છે. 'પોતે ચારિત્ર લીધું એટલે તરી ગયો, પાપથી છૂટી ગયો,' એવું એને લાગે છે. પછી એને જિનાજ્ઞાનો ભંગ, શિથિલાચાર, પ્રમાદ, બાહ્ય ભાવ...વગેરેમાં પાપ લાગવાનું શાનું લાગે ?

ગુરુનો સંગ સુસંગ ન હોય એનું આ ફળ છે. એ માત્ર સાધુતાથી નહિ, પણ સમ્યકત્વથી ય ભ્રષ્ટ થાય.

માટે 'સુસંગ સારો, કુસંગ ખોટો'. ગુરુ પણ ગુરુપણામાં ન વર્તે, તો એવા ગુરુનો સંગ પણ કુસંગરૂપ બની જાય. એવા પ્રમાદી તથા શિથિલાચાર અને બાહ્યભાવમાં પડેલા ગુરુના સંગે જ શિષ્યમાં ખોટા સંસ્કાર આવે.

પેલી સત્યભામા આ ઉતાવળમાં છે કે 'હવે આ અકુલીન પતિનો સંગ ખોટો. એમાં હવે એક ઘડી ન બેસાય.' તેથી એ લાગ જોઇને પહોંચી રાજા પાસે. સત્યભામા જઇને રાજાને કહે છે, 'મહારાજા સાહેબ ! આપના શરણે આવી છું. મને શરણ આપો.'

'શાને શરણ જોઇએ છે તારે ?'

'મહારાજા ! કુળહીનને પનારે પડી ગઇ છું, એનાથી મને છોડાવો.' એ પછી સત્યભામાએ કપિલ દાસીપુત્ર છતાં કેવી રીતે કુળવાન બ્રાહ્મણ થઇને આવેલ અને એની વિદ્વત્તાનાં અંજામણમાં કેવી રીતે પોતાના પિતાએ ફસાઇને એની સાથે પોતાના લગ્ન કરાવેલ...વગેરે સમજાવ્યું.

રાજા પૂછે,-તો હવે તને શી રીતે ખબર પડી કે એ ખરેખર વિશુદ્ધ બ્રાહ્મણ નહિ પણ દાસીપુત્ર છે ?

એના ખુલાસામાં સત્યભામાએ ધરણીજઢે આવી જે વિગત કહેલી તે કહી સંભળાવી, એમાં પહેલા વરસાદમાં કપિલ નગ્ન થઇને આવેલ એથી એની કુલીનતામાં

શંકા પડેલ તે પણ વાત કહી.

રાજાને ખાતરી તો થઇ ગઇ, પરંતુ ન્યાયી રાજા છે, એટલે કપિલ પર એકદમ દંડો શી રીતે ચલાવે ? શી રીતે આને એમ જ એકદમ રાખી લઇ કપિલ લેવા આવે તો સિપાઇ પાસે ડંડા લગાવી કાઢી મુકે ? એની ન્યાયીવૃત્તિ આવું કરવા ના પાડે છે.

તેથી રાજાએ કપિલને બોલાવી સમજાવ્યો કે 'જો તું વિશુદ્ધ બ્રાહ્મણ હોવાનો ડોળ કરીને આને પરણી તો ગયો, પણ તું વરસાદમાં નગ્ન થઇને આવેલો એ પરથી પત્નીને ખબર પડી ગઇ કે તું હીનકુળનો છે. હવે આ તને ઇચ્છતી નથી, માટે આને તું છોડી દે. એ હવે બાકીના જીવનમાં પ્રભુભજન અને વ્રતનિયમ તપસ્યા કરવા ચાહે છે.'

કપિલ કહે 'મહારાજા સાહેબ ! આ પત્ની તો મારે પ્રાણરૂપ છે. એના વિના હું જીવી શકીશ નહિ. એને પૂછો કે આજ સુધી મેં એના પર કેટલો બધો અનુરાગ રાખેલો, અને કેવા એના પડતા બોલ આનંદથી ઝીલ્યા છે ! એના પરના પ્રેમમાં તો ક્યાંય હું બહાર જતો નથી. એનો એક દિવસ પણ વિરહ સહન કરવા હું શક્તિમાન નથી.''

**વિદ્વાન કેમ વિષયાંધ ?-**

જોજો, કપિલ વિદ્વાન થયેલો છતાં કેટલો બધો મોહમૂઢ છે ? કેટલો બધો વિષયાંધ છે ? શા પરથી સમજાય છે ને કે વિષયપિપાસા વિષયાસક્તિ બહુ ભૂંડી ચીજ છે ? વિદ્વાનને પણ એક સારી સેવાકારી સુશીલ અને રૂપાળી પત્ની મળી એટલે એ એનામાં લીન બની જાય છે ! આર્યદેશના શાસ્ત્રો તો આત્મા પરમાત્માની સચોટ વાતો કહે છે. એની વિદ્વત્તાને પ્રાપ્ત કરનારો પણ જોગમાયાની કેવીક કેવીક માયા છે કે એથી અંજાયેલો પરમાત્મામાં લીન નથી બની શકતો, પરમાત્માને તેવા નથી ભજી શકતો. ત્યારે આર્યશાસ્ત્રો નહિ પામેલાની કઇ દશા ? માણસ જેવો પત્નીમાં લીન બની જાય છે, એવો જો પરમાત્મામાં લીન બને તો તો પરમાત્માનું સ્વરૂપ જ એવું છે કે એમાં ઠર્યા પછી, પત્ની શું કે પૈસા શું, ક્યાંય દિલ ઠરે નહિ. પરમાત્માનું રટણ લાગ્યા પછી પત્ની કે પૈસા આવે તો શું, કે જાય તો શું, એને કશી એની બહુ અસર નહિ, એનું એને મન એવું મહત્ત્વ નહિ.

**પરમાત્મા પોતાના લાગે, પત્ની નહિ, તો પરમાત્મામાં દિલ ઠરે,**





**અને લીનતા આવે.**

પ્ર૦-તો શું વિદ્વત્તા-શાસ્ત્રબોધ પરમાત્મામાં લીનતા ન લાવી શકે ?

ઉ૦-લાવી તો શકે, પરંતુ વિષયોની કારમી આસક્તિ ઊભી હોય એ પ્રભુમાં લીનતાને આવવા જ દે નહિ. ઇંદ્રિયોની વિષયો તરફ આસક્તિ એટલી બળવાન છે ! અનંતકાળની છે ને ? એટલે એટલી બધી બળવાન છે કે મોટા વિદ્વાનોને પણ નડી જાય છે ! વિદ્વાનને પણ ઇંદ્રિયોને ગમતું ગમે એટલું બધું ઇન્દ્રિયોનું આત્મા પર વર્ચસ્વ રહે છે. માટે તો મહાભારત શાસ્ત્ર પણ કહે છે-

**પારાશર કેમ પડ્યા ? -**

**'बलवान् इन्द्रियग्रामः पण्डितानपि पीडयेत् ।'**

અર્થાત્ ઇન્દ્રિયોના સમૂહ એટલો બધો બળવાન છે કે પંડિતોને પણ પીડે. ઇતરોમાં એમ માને છે કે મહાભારતના રચયિતા શ્રીવ્યાસે પારાશર ઋષિને એ શાસ્ત્ર તપાસવા આપ્યું, ત્યારે પારાશરઋષિએ, આ પંક્તિ દેખી કહ્યું કે ''જે ખરેખર વિદ્વાન છે એ તો જાણતો જ હોય કે 'ઇન્દ્રિયાસક્તિનાં કેવાં કટુ ફળ !' પછી એ શાનો ઇન્દ્રિયોને વશ થાય ? અને વશ થાય તો એણે જાણ્યું શું ? એ વિદ્વાન શાનો ? માટે આ પંક્તિ પર હડતાલ મારો.

શ્રી વ્યાસે કહ્યું 'આપણે બંને આના પર થોડા દિવસ વિચાર કરીએ તો વાંધો નહિ ને ? પછી જરૂર લાગશે તો હડતાલ મારી દઇશું.'

**વ્યાસ બાળાના રૂપમાં -**

પારાશરે કબૂલ કર્યું. પછીથી અવસર પામીને વ્યાસે યુવાન ગોરી બાળાનું રૂપ કર્યું, અને જંગલમાં પારાશરઋષિની ઝુંપડીની નજીકમાં વરસતા વરસાદમાં બાળા ચીસ નાખીને પડી. ઋષિ બહાર દોડતા આવ્યા, ભીંજેલા બારિક વસ્ત્રોવાળી બાળાને જોતાં સહેજ ક્ષોભાયમાન થઇ જાય છે.

પૂછે છે' બાઇ ! કોણ છે તું ? અહીં ક્યાંથી ?' બાળા રોતી રોતી કહે 'હું રાજકુમારની પત્ની છું, પતિ સાથે ફરવા નીકળેલી, દૂરથી વાઘ દેખાતાં અમે ભાગ્યા, હું આગળ ને એ પાછળ. દૂર નીકળી જઇને પાછું વળી જોઉ છું તો પતિ દેખાતા નથી. શોધમાં દોડતાં અહીં આવી ચડી, વરસાદથી શરદી ચડી જતાં પટકાઇ પડી, હાય ! મારા પતિ ક્યાં ગયા ? શું વાઘની પકડમાં આવી ગયા ? ઓ મારા બાપ રે...!' કહીને કરુણ રુદન કરવા મંડી.

ઋષિ જુએ છે કે બાળા ઠંડીથી કંપી રહી છે, એને આશ્વાસન આપે છે, 'બાઇ ! એવી શંકા કર નહિ. હમણાં તો તું ઝુપડીમાં બેસ, એટલે આ વરસાદથી તને વધારે ઠંડી ન ચડે. પછી તારા પતિની શોધ કરશું ?

બાળા કરુણ રોતી રોતી કહે 'પણ હાય ! મારાથી ઉઠાતું નથી એટલી બધી ઠંડી ચડી ગઇ છે.' એમ કહેતી ધ્રુજી રહી છે.

શાનો ધ્રુજારો ? ઠંડી-બંડી કાંઇ નહિ, પણ અંગોપાંગના ચાળા કરવા છે, એટલે ઠંડીનું બહાનું છે. ઋષિનું મન એ જોતા જોતા પીગળી રહ્યું છે. કહે છે, 'તને ઉઠાતું નથી, તો લે તને ટેકો આપું. આ મારા હાથનો ટેકો લે.'

પેલી કહે 'હાય રે ! કમકમી કેટલી બધી ! મારે હાથ પણ પહોળા નથી થતા ! શી રીતે આપનો હાથ પકડું ?

**ઋષિ કેમ પડે છે ? -**

ઋષિ કહે 'લે, ચિંતા ન કર, હું તારો હાથ પકડી ટેકો આપું છું. ઊઠ ઊભી થા.' એમ કહી ઋષિ એનો હાથ પકડી ઊભી કરે ને ધીમે ધીમે ઝુંપડીમાં લઇ આવે છે. પણ સુવાળો હાથ પકડતાં ઋષિ વધારે ક્ષોભાયમાન થઇ ગયા ! છતાં હજી બહારથી કોઇ તેવી ચેષ્ટા નથી દેખાડતા. એટલે બાળાએ શરીર કંપાવતી હુંકાર, લેવા માંડ્યા 'હુમ્ હુમ્...હાય ! કેટલી બધી ઠંડી ! ને કરુણ રોવા માંડી.

ઋષિને આમ તો દયા આવી જાય છે, વ્યાઘ્રચર્મનું આસન ઓઢાડે છે, તો ય પેલી લાંબી પાટ પડેલી પગ ધ્રુજાવી રહી છે, રુએ છે, 'હાય ! પગ તૂટી પડે છે !'

એટલે હવે ઋષિ પાસે બીજું ઓઢાડવાનું નહિ, તે કહે છે, 'લાવ ત્યારે તારા પગ દાબું ?'

બાળા કહે 'હાય ! આપ મોટા ગુરુ, આપની પાસે હાથ પગ દબાવાય ? મરવા દો મને, મરીશ' કહેતી અંગોના ચેનચાળા કરે છે.

બાળાના જેમ જેમ કરુણ કોમળ બોલ, અને અંગ પ્રદર્શન-ચેનચાળા, તેમ તેમ ઋષિનું દિલ ઓગળતું જાય છે. હવે એમાં 'કોઇ ચિંતા ન કર, આવી કંપારીમાં કોઇ દોષરૂપ નથી' એમ કહીને ઋષિ એના પગ દબાવવા જાય છે. પગના તળિયેથી મૂઠી દબાવતાં દબાવતાં ઢીંચણ તરફ આગળ વધે છે.

**પતનના પગથિયાં સ્ત્રીદર્શન સ્પર્શાદિ -**

ઋષિ આમાં ભૂલા નથી પડતા ? પડે જ છે. પહેલું તો સ્ત્રીનું દર્શન જ





ખોટું. તે ય એકાંતમાં ! ને વળી ભીંજેલા વસ્ત્ર એટલે શરીર ખુલ્લા જેવું દેખાય એ જોવું મહાભયંકર ! ત્યાં પાછું, પહેલાં હાથનો સ્પર્શ, હવે પગનો સ્પર્શ, આ બધાં પતનના પગથિયા છે, તેથી ઋષિ વાસનાની ખીણમાં પડે છે, જ્યાં ઢીંચણથી ઉપર હાથ ગયો કે ઋષિ વિહ્વળ થઇ ગયા, અને જ્યાં બાળાને ભેટવા જાય છે કે તરત જ વ્યાસે બાળાનું રૂપ સંહરી લીધું અને અસલરૂપે પ્રગટ થઇ ગયા.

પારાશર ઋષિ આ જોતાં જ ચોંકી ઉઠ્યા ! ભારે લજવાઇ ગયા ! મોંઢું ઊંચું કરવાની હામ રહે ? સમસમી ગયા કે 'આ શું ? પૂર્વે વ્યાસને કહેલું શું ? તે પોતે આ શું કરી નાખ્યું ?'

વ્યાસ કહે 'કેમ મહારાજ ! હવે પેલા વાક્ય પર હડતાલ લગાવું ? વિદ્વાનને તો ઇન્દ્રિયો ન પીડે ને ?'

ઋષિ હાથ જોડી કહે છે, 'કવિરાજ ! ગજબ કરી તમે. તમે મારો મદ ઉતારી નાખ્યો. મારી આંખ ખોલી નાખી. એ લખાણ જરૂર રહેવા દો. એને ભૂંસવાની જરૂર નથી. વાત તમારી સાચી છે, ઇન્દ્રિયો જોરાવર છે, વિષય મળતાં જ દોડવા માંડે, ત્યાં બોધ પર આવરણ નાખી આત્માને કંગાળ બનાવીને ન કરવાનું કરાવનારી ઇન્દ્રિયો છે. તમારી ક્ષમા માગું છું.

પારાશર ઋષિ કેમ ભૂલા પડ્યા ? આવા મોટા ઋષિ, ને આટલી હદે નીચા ઉતરી જાય ? પણ એકદમ જ નીચા નથી ઉતરી ગયા. ક્રમશઃ પતન થતું આવ્યું છે. બાળાનું દર્શન ભૂંડું એમાં જ ચિત્ત ચલાયમાન થવા માંડ્યું, ચિત્તમાં સહેજ કોમળતા સુંવાળાશ ઊભી થઇ.

**પરરૂપદર્શને રાગથી બચવા શું કરવું ? -**

ઋષિ છે, બ્રહ્મચારી છે, એટલે તો રૂપાળા રૂપ સામે, ને તેમાં ય વિશેષે વિજાતીયના અર્થાત્ સ્ત્રીનાં રૂપ સામે તો આંખ કઠોર રહેવી જોઇએ, લાલ આંખ રહેવી જોઇએ, એટલે જ્યાં, ચાહીને દ્રષ્ટિ પરપુરુષમાં તો લઇ જવાની નહિ. પરંતુ અચાનક દ્રષ્ટિમાં પરરૂપ આવી પડે, તો ય કઠોર લાલ આંખ તરત જ એના પરથી ખસેડી લેવી જોઇએ, અને મનમાં ભાસવું જોઇએ-'ભયંકર ભયંકર ભયંકર રૂપ ! નરકની ભઠ્ઠીમાં શેકાવનારું ! અગ્નિની ઝાળસમું ! પાછું ત્યાં રૂપનું સ્મરણ જ ન રહે એ માટે મનને નરકની જુદી જુદી જાતની કારમી વેદનાઓનાં દ્રશ્ય જોવામાં જોડાય, અથવા બીજા કોઇ તત્ત્વચિતનમાં કે તીર્થોનાં ક્રમસર દર્શનમાં, યા હૃદયમાં

નવકારમંત્રના પ્રત્યેક અક્ષર ક્રમશઃ જોવામાં જોડી દેવાનું.

આ છે સુંવાળા પરરૂપનું અચાનક દર્શન થઇ જતાં બચવાની વિધિ-એના બદલે પારાશરઋષિ ચાહીને એ જોવામાં પડ્યા, ત્યાં પતન કેમ ન થાય ? બોલાય ભલે દયાથી કે 'આ બિચારી કોઇ રૂપાળી બાળા અહીં ભયથી પડી છે,' પરંતુ એમાં 'રૂપાળી' શબ્દ અંતરમાં એ રૂપની પ્રત્યેની કુણાશને પોષે છે. હૃદય

**ઇન્દ્રિયની વિષય પ્રત્યેની દિલની કુણાશ પતનનું કારણ છે.**

**મનને કોણ બગાડે ? કોણ સુધારે -**

બચવું છે વિષસમા વિષયોથી ? તો દિલમાં એના પ્રત્યે કુણાશ ન આવવા દેતાં, જેમ વિષ પ્રત્યે ને જેમ સાપ પ્રત્યે કઠોરતા અને લાલ આંખ, તેમ એ વિષયો પ્રત્યે કઠોરતા ને લાલ આંખ લાવો. કેવી રીતે ? આ વિચાર કરીને, આ વિષય સારો ? આ રૂપ, આ ગીત આ રસ-ગંધ સારા ? ના, ના, આ તો ભયંકર, મારા મનને સત્ત્વહીન, કંગાળ, લાલચુ બનાવી મારા ઉત્તમ જનમને નીચ બનાવનારા.

સારા તો પંચ પરમેષ્ઠી, વર્તમાનમાં પાંચ મહાવિદેહમાં સમવસરણ પર બિરાજમાન વીસ તીર્થંકર ભગવાન ! સારા તો બે ક્રોડ કેવળજ્ઞાની ! ને વીસ અબજ મુનિઓ ! સારા તો અનતાનંત સિદ્ધ ભગવાન ! એ બધા મારા મનમાં હુબહુ જાણે સામે દેખાતા હોય એમ મનમાં આવીને મનને સ્વસ્થ, સ્વચ્છ અને પ્રફુલ્લિત કરનારા.'

આ વિચાર કરીને

**મનમાં હુબહુ પંચ પરમેષ્ઠી ક્રમશઃ એકેક એમની વિશેષતા સાથે લાવવાના, તો વિષયોથી બગડતું મન સુધરે.**

**અરિહંતનું ધ્યાન કેવી રીતે ?-**

એમાં એકેક પરમેષ્ઠીને વિશેષતાઓ મન પર લાવીએ એટલે તો વળી મન એમાં સારું સ્થિર થાય દા.ત. અરિહંત પ્રભુને મન પર લાવવામાં પહેલાં રંગબેરંગી રત્નોથી જડેલું દિવ્ય સિંહાસન દેખાય. પછી એના પર જગદગુરુ તીર્થંકર ભગવાન સુવર્ણ વર્ણના ગોરા દેખાય, તે સિંહાસન સાથે દેખાય. પછી બે બાજુ સફેદ ચામર વિંઝાતા દેખાય. અર્થાત્ ત્રણેય એક સાથે જોવાના. પછી પ્રભુના મુખની આસપાસ પાછળ ભામંડળ તેજઃપુંજ દેખાય, તે ય પૂર્વના ચારની સાથે જોવાનો. પછી સાથે લીલું કલાર વિશાળ અશોકવૃક્ષ દેખાય. તે ય પૂર્વના પાંચની સાથે જોવાનું. આંખ મીંચીને એકી સાથે ગોરા પ્રભુજી, નીચે રત્ન સિંહાસન બાજુમાં સફેદ ચામર, મુખ





પાછળ ભામંડળ, માથે લીલું વૃક્ષ જોવાનું. બધું એક સાથે દેખાય.

આમ, આંખ મીંચીને ૨૦ પ્રભુની પાછળ સુવર્ણ કમળો પર બિરાજમાન બે કરોડ કેવળજ્ઞાની જોવાના. એમની પાછળ ઊભેલા ૨૦૦૦ ક્રોડ અર્થાત્ ૨૦ અબજ મુનિઓ દેખાય.

**મુનિનું ધ્યાન કેમ કરાય ?**

વળી એકલા મુનિઓ જ જોઇએ ત્યારે એ વિવિધ સાધનામાં રક્ત દેખાય, દા.ત. કોઇ ધમધોખ તાપમાં ઉગ્ર વિહાર કરી રહેલા, તો કોઇ તડકામાં ઊભા રહી આતાપના લેતા, ત્યારે કોઇ સ્વાધ્યાયમાં લીન, કોઇ ૪-૮ ઉપવાસના પારણે લુખ્ખો આહાર વાપરતા, કોઇ સેવાવૈયાવચ્ચ કરતા, કોઇ ધ્યાન કરતાં અરે ! કોઇ ઉગ્ર પરીસહ ઉપસર્ગ સહન કરતા દેખાય. આ જોવાની મજા છે. પાલક પાપીની ઘાણીમાં મુનિઓ એક પછી એક હોંશે હોંશે કૂદી પડતા દેખાય, તે અંદરમાં પીસાઇ જતા કે કરવતીના દાતાઓની વચમાં કપાઇ જતા દેખાય, એમાંથી લોહીના ફુંવારા ઉંચે આકાશમાં ઉછળતા, ને આવી ઘોર વેદનામાં પણ મુનિઓ ખૂબ જ પ્રસન્ન અને સમાધિવાળા તથા અરિહંતના ધ્યાનમાં સ્થિર લીન ડૂબી ગયેલા દેખાય, વીતરાગતા સાથે કેવળજ્ઞાન પામી પામી એમના આત્મા જ્યોતિ જેવા ઉપર સિદ્ધશિલા તરફ જતા દેખાય, ને ઉપર પૂર્વની સિદ્ધજ્યોતિમાં ભળી જતા દેખાય.

આ બધું જોવાની મજામાં વિષયો પ્રત્યે કુણાશ શાની રહે ? વિષયોનું ધ્યાન શાનું રહે ?

પેલો કપિલ આવા કોઇ આલંબન વિનાનો, તે વિદ્વાન છતાં પત્ની સત્યભામાના રૂપ-સ્પર્શમાં લંપટ હોઇ રાજાને રહે છે, 'મહારાજ ! એના વિના હું ઘડી ય રહી શકું નહિ.'

**કપિલને રાજા શું કહે છે ? -**

રાજા કહે 'પણ જો તું એવો આગ્રહ રાખીશ, તો આ કહે છે હું આપઘાત કરીશ. તો તારે એને એમ મરવા દેવી છે ? ને એના મર્યા પછી તો તું જિંદગીભર સુખે રહી શકીશ ને ? જા, જા, એમ કર, હમણાં એનું મન ઉંચકાયું છે, તો થોડો વખત એને અહીં રહેવા દે, એને સ્વસ્થ થવા દે.'

શ્રીષેણ રાજાનું આ કહેવું કપિલે આખરે માની લીધું. આશા રાખી કે 'થોડા વખત પછી પત્ની સ્વસ્થ થઇને મને મળશે.'

પરંતુ જુઓ માણસનું ધાર્યું કેટલું પાર પડે છે ? અહીં એક દુઃખદ ઘટના બની આવે છે. પ્રારંભે સામાન્ય રૂપે કહ્યું છે કે શ્રીષેણ રાજાના બે પુત્રો બહારથી આવેલી અનંગસેના નામની રૂપાળી વેશ્યામાં આસક્ત બનેલા, તે વેશ્યાને પોતાની કરવા બંને જણ પરસ્પર ઝગડી રહ્યા છે. પિતા રાજાને એ જાણી દુઃખ થાય છે, અને અટકાવવા શિખામણ આપે છે,-

**વેશ્યાથી અટકવા રાજાની શિખામણ -**

**ઉચ્ચ જનમના ઉદ્દેશ કાર્યવાહી ઊંચા હોય -**

'હે નાદાન પુત્રો ! તમે કયા કુળમાં જન્મેલા, ને આ કોની પૂંઠે પડી ગયા છો ? કોની ખાતર પરસ્પર ઝગડો છો ? દુનિયામાં હલકામાં હલકી સ્ત્રી ગણાય એવી વેશ્યાની પૂંઠે ? આ ઊંચા માનવજનમના ઉદ્દેશ અને કાર્ય-વર્તાવ કેટલા બધા ઉચ્ચ કોટિના હોય ? તે ભૂલીને અધમ જનાવરની જેમ પરાયી સ્ત્રીમાં લુબ્ધ ?

**વેશ્યા એટલે જગતની એઠ -**

એમાં સારા માણસ રાચે ? પણ ઉચ્છૃંખલ ઇન્દ્રિયો એમાં જીવને તાણી જાય છે. પરંતુ એથી અનંત શક્તિના માલિક આત્માને ઇન્દ્રિયોના અને વિષસમ વિષયોના કેવા ગુલામ બનવું પડે છે ! એ તો વિચારો, આત્માનું વર્ચસ્વ આત્મા પર હોય ! અને આ ગુલામી કરીને ય ક્ષણિક આનન્દની સામે જીવ આ લોકમાં કેવી બેઆબરુ, સંપત્તિની બરબાદી, તથા અનાદિના કુસંસ્કારોની કેવી જાલિમ વૃદ્ધિ નોતરે છે. ત્યારે, પરલોકમાં નરકાદિના કેટલા ભયંકર દુઃખો માથે લે છે.

મારા વહાલા દીકરાઓ ! જરા સમજો, દુરાચારના પંથેથી પાછા વળો, કુળની ઇજ્જત ન ગુમાવો. ભૂલો નહિ,

**વેશ્યાગમનની ભયંકર લતમાં, જીવનમાં જે ઘણું બધું સારું થઇ શકે એમ છે, એ ગુમાવવાનું થાય છે.**

**વેશ્યાથી સુકૃત-સત્ત્વ-સંપત્તિ-પુણ્યનાશ -**

અરે ! ભવિષ્યમાંય સારું કરી શકવા જે સત્ત્વ જોઇએ એ સત્ત્વનો, આવા અનાચારના માર્ગે, નાશ થઇ જાય છે, એટલે ભવિષ્યમાં ય સારું કરી શકાતું નથી. આ બધો વિચાર કરવાને અવકાશ જ રહેતો નથી એટલી બધી વેશ્યાદિના રાગમાં અક્કલ બહેર મારી જાય છે. હિતૈષી અક્કલ આપે તો ય તો લેવી નથી.

અલબત રાજા પુત્રોને અક્કલ આપે છે, કહે છે, 'જુઓ દીકરાઓ ! વેશ્યા





તો બજારું વસ્તુ છે. સારો માણસ એવી હલકી બજારુ વસ્તુ ખાતો ય નથી, તો બજારુ વેશ્યામાં લોભાય, શું તમે નથી જાણતા કે વેશ્યાની પાછળ સંપત્તિનો નાશ થાય છે ?

એ વેશ્યા ય સંપત્તિ ખાઇ જાય છે ને વેશ્યાગમનનું પાપ પણ સંપત્તિનું પુણ્ય ખાઇ જાય છે. 'પુણ્ય પાપને ઠેલે,' એમ 'પાપ પુણ્યને ઠેલે' ઉગ્ર પાપે પુણ્યનો નાશ થાય છે.

આવી વેશ્યાની કોડીની કિંમત છે, જ્યારે તમારો આ માનવદેહ કરોડોની કિંમતનો છે. એવા મહાકિંમતી દેહને કોડીની કિંમતની વસ્તુ ખાતર વેચવા તૈયાર થયા છો ?

**કોડી ખાતર કરોડોનો નાશ ? -**

**વેશ્યાને માણસની કિંમત નથી રાગનું ઠેકાણું નથી -**

વેશ્યાને તમારી કશી કિંમત નથી. એને તો ધનની કિંમત છે, ધનનો ખપ છે. તેથી ધનવાન કોઢિયો હશે તો ય એના પર વેશ્યા રાગ કરશે, પરંતુ સારા અને કામદેવ જેવા રૂપાળા પણ નિર્ધન પર પણ રાગ નહિ કરે. એને ક્યાં માણસની કિંમત જ છે ? એને તો ધનની કિંમત, તેથી ધનવાનની કિંમત, એટલે માણસ તરીકે તમારી જેને કિંમત નથી, એ વેશ્યાની તમે કિંમત આંકો છો ?

જુઓ, ધનવાન પણ અનેક જણ એની પાસે આવનાર હોય, એમાં વાણીથી કોઇની સાથે રાગ દેખાડતી હોય, પરંતુ આંખના ઇશારાથી એટલે કે કાયાથી વળી બીજાને રાગ બતાવતી હોય, ત્યારે મનથી વળી કોઇ ત્રીજાનું જ રાગભર્યું ચિંતન કરતી હોય છે. આવી બીજા-ત્રીજા પર રાગ દેખાડનારી ને ખરેખર તો રાગના ઠેકાણા વિનાની વેશ્યા પાછળ તમે રાગમૂઢ બનો છો ? છોડી દો વેશ્યાને. આમ પિતાએ અક્કલ આપવા છતાં અક્કલ લેવી છે કોને ?

શ્રીષેણ રાજાએ ઘણી ઘણી શિખામણ આપી. પરંતુ બંને પુત્રો પાછા વળ્યા નહિ, ને વેશ્યા ખાતર બંને અરસપરસ ઝગડતા રહ્યા. રાજાને હવે આ અસહ્ય થઇ પડ્યું. એને ભારે શરમ લાગવા માંડી કે 'મારા પુત્રો ? ને એક વેશ્યા પાછળ લંપટ ? આ જોવાનું મારાથી બને એવું નથી, તેથી હવે તો આપઘાત જ કરી લઉં, પછી મારે આ દેખવું નહિ, દાઝવું નહિ.'

અલબત આ વિચાર યોગ્ય નથી, કેમકે

**આપઘાતમાં કિંમતી સુકૃતશક્તિ ભરેલા માનવજીવનને ગુમાવવાનું થાય છે.**

**જ્યાં સુધી આ જીવન હાથમાં છે ત્યાં સુધી ભરપૂર સુકૃતો કરવાની તક છે.**

જીવન ગયું એટલે એ તક ગઇ. એમ, જીવન હાથમાં છતે સમજપૂર્વક પ્રતિજ્ઞાપૂર્વક પાપોને વોસરાવવાની તથા પરમાત્મધ્યાન, સંયમ અને તપ દ્વારા પાપકર્મોનો ક્ષય કરવાની તક છે, તે પણ જીવન ગયાની સાથે ગઇ ! પરંતુ આ વસ્તુનો વિચાર ન રહ્યો ને શ્રીષેણ રાજાના મન પર એક જ ચીજ રહી ગઇ કે 'ઉત્તમ કુળમાં જન્મેલા એવા મારાથી આ પુત્રોની વેશ્યા પાછળ લગન અને ઝગડો મારાથી જીવતા જીવ કેમ જોઇ શકાય ? આ જોતાં મારે જીવંત રહેવું એના કરતાં મરવું સારું.' એને આત્મઘાતનો આવેશભર્યો વિચાર આવ્યો, માત્ર વિચાર નહિ, નિર્ણય કરી લીધો.

**દીર્ઘદ્રષ્ટિ વિનાનો આવેશભર્યો વિચાર ખોટો, એ બીજી સારી કેટલીય વસ્તુના વિચારને અટકાવે છે.**

**શ્રીષેણનો આપઘાત -**

શ્રીષેણ રાજાએ વિષમય કરેલું પુષ્પ સુંઘીને મૃત્યુ સ્વીકારી લીધું. તો રાજાની પાછળ એની બે રાણીઓ અભિનંદિતા અને શિખનંદિતાએ પણ એ જ રીતે આપઘાત કર્યો. એમ પેલી કપિલપત્ની સત્યભામાએ પણ એ જ રીતે પોતાનું જીવન ટુંકાવી નાખ્યું. છોકરાઓની અવળચંડાઇના નિમિત્ત ચારેયના પ્રાણ ગયા ! અનુચિત કરનારને વિચાર નથી હોતો કે એથી હિતૈષીને કેટલો આઘાત પહોંચશે ? ને એ આઘાતમાં એનું શું થશે ? આનો વિચાર નથી હોતો. તેથી જ આજે દેખાય છે કે કેટલાય છોકરાઓ અનુચિત આચરણમાં પડી જઇ હિતૈષી ઉપકારી માબાપને બાળનારા સંતાપ કરાવનારા બની રહ્યા છે. વિચાર જ નથી કે અમારા અયોગ્ય વર્તવાથી ઉપકારી માતાપિતાનું હૃદય રાત ને દિવસ કેટલું શેકાતું રહેતું હશે !

ત્યારે આપણા અનુચિત બોલ કે અનુચિત ચાલના લીધે ઉપકારીનાં દિલ શેકાતા રહે ? એ જોવાની પરવા નહિ એ આપણી કેટલી બધી વિચારહીનતા ? કેટલી નિર્ઘૃણતા ? કેટલી બધી નિષ્ઠુરતા ?' અસલમાં-

**વિષયોનો રાગ ભૂંડો છે કે જે અનુચિત આચરાવીને ઉપકારીને ય**





**સંતોષવામાં નિમિત્ત બની એમની પ્રત્યે નિર્દય બનાવે છે.**

આ સમજવાનું ક્યાં મળે ? કીડા મંકોડાના અવતારે ? પશુ-પંખીના અવતારે ? અરે ! અનાર્ય મનુષ્યના અવતારે મળે ? ના ! સમજવાનું ય ન મળે તો દિલમાં દયા લાવવાનું મળે ? દયા લાવીને ઉપકારીના આપણા નિમિત્તે થતા સંતાપ પર કંપવાનું બને ? 'અરે ! મારા અનુચિત વર્તાવના લીધે ઉપકારીને સંતાપ ? ધિક્કાર છે મને ! કેવો ગોઝારો મારો વિષયરાગ કે આવું અનુચિત કરાવે !' સમજી રાખો આવો બધો વિચાર-ખેદ-અફસોસી-દયા વગેરે થઇ શકવાનું આ ઉત્તમ આર્યમાનવભવે જ સુલભ છે. તો અહીં આ વિચાર નહિ ? દયા નહિ ?

ત્યારે અહીં એ જુઓ કે બંને રાજપુત્રો ઇન્દુષેણ બિન્દુષેણને પિતાના જીવતા તો આ વિચાર ન આવ્યો, પિતાના હૃદયસંતાપ પર ખેદ ન થયો, કેમકે વેશ્યારૂપી વિષયના રાગની આંધી ચડી હતી. પરંતુ હવે રાજા-રાણીના મૃત્યુ પછી જુઓ કેવો ચમત્કારિક પ્રસંગ બની આવે છે ! એક બાજુ માતા-પિતાનાં મોત થયાં, ત્યારે બીજી બાજુ એક વિદ્યાધર વિમાનમાં આવીને ત્યાં ઊભો રહે છે.

**મણિકુંડલી વિદ્યાધર ઇન્દુ-બિન્દુ પાસે -**

આકાશમાંથી વિમાન સાથે ઉતરેલા ને સામે આવી ઊભા રહેલા વિદ્યાધરને જોઇને ઇન્દુષેણ બિન્દુષેણ ચમક્યા ! 'હેં ? વિમાન સાથે જાણે ઝગમગતો દેવ અહીં આવ્યો છે !' બધે ઐશ્વર્યને માન છે. પણ ક્યાં ? અજ્ઞાન અબુઝના ટોળામાં, સુજ્ઞ સમજદાર કાંઇ ઐશ્વર્યમાત્ર પર ચમકી ન ઊઠે, ઓવારી ન જાય. પરંતુ જગતમાં આવા સમજદાર કેટલા ? જગતનો મોટો ભાગ અબૂઝ છે તેથી ઐશ્વર્ય પર ચમકી ઊઠનારા ઘણા. અહીં ઇન્દુષેણ-બિન્દુષેણ ચમકી ઊઠ્યા ! અંજાઇ ગયા ! વિદ્યાધરને હાથ જોડે છે, પૂછે છે 'આપ કોણ છો ? અહીં શાથી પધાર્યા ?'

વિદ્યાધરે એમના અંજામણનો લાભ લીધો, તે ખખડાવીને કહે છે,-'અરે મૂર્ખાઓ ! આ વેશ્યા તો તમારી બેન છે, બેનના પર કાળ રાત્રે આંધળા થતાં તમને શરમ નથી આવતી ?

મને ભગવાન કહે,

**ઇન્દુ-બિન્દુના પૂર્વભવ -**

ઇન્દુ-બિન્દુ ચમકીને કહે 'હેં ? અમારી બેન ?'

'હા જી'.

'બેન શી રીતે ?'

વિદ્યાધર કહે છે, 'હા જુઓ, હું વૈતાઢ્ય પર્વત પર રહેનાર મણિકુંડલી નામે વિદ્યાધર છું. હું પુષ્કલાવતી વિજયમાં અમિતયશ નામના વિચરતા તીર્થંકર ભગવાન પાસે ગયેલો, ત્યાં પ્રભુને નમસ્કાર કરીને મેં પૂછ્યું કે પ્રભુ ! હું સમૃદ્ધિવાળો વિદ્યાધર શી રીતે થયો ?'

જો, તું હાલ મણિકુંડલી વિદ્યાધર પુષ્કરવદ્વીપના મહાવિદેહમાં રત્નધ્વજ રાજાની કનકશ્રી નામે રાણી તરીકે હતો. રાજાની બીજી રાણી હેમામાલિની હતી. કનકશ્રી તારે બે પુત્રી હતી, કનકલતા અને પદ્મલતા, અને હેમામાલિનીને એક પદ્મા નામની દીકરી થયેલી. તારી એ બે પુત્રીઓ હાલ ભરતક્ષેત્રમાં શ્રીષેણ રાજાના ઇન્દુષેણ અને બિન્દુષેણ નામના રાજપુત્ર થયેલા છે, અને પદ્મા હાલ અનંગમનિકા નામની વેશ્યા થયેલી, તે એના પર એ રાજપુત્રો મોહિત થઇને એને પોતાની કરવા પરસ્પર ઝગડી રહ્યા છે, ને એથી એમના પિતા માતા વગેરે આપઘાત કરી મર્યા !

ભગવાન કહે 'આ સંસારની ઘટમાળ કેવી વિચિત્ર છે કે એક ભવની બે સંપિલી અને પ્રેમાળ સગી બેનો બીજા ભવે બે ભાઇ થવા છતાં ઝગડી રહેલ છે ! ત્યારે સંસારની વિચિત્રતા કેવી કે ત્રીજી અપરમાતાની દીકરી બેન ભવાંતરે વેશ્યા થાય છે ! એટલે જ

**આ સંસારના એક ભવના સગાઇ સબન્ધ પર મમત્વ કરવા જેવું નથી.**

નહિતર એક ભવે 'મારી વહાલી બેન, મારી વહાલી બેન' કરનારી, એ જ બીજા ભવે એની જ સાથે ઝગડનારી શાની બને ? એમાં પૂર્વનું મમત્વ ક્યાં કામ લાગ્યું ? મમત્વ જો તાત્ત્વિક પારમાર્થિક હોય તો બીજા ભવે શું કરવા ઊડી જાય ? એ તો જીવની ઘેલછા છે કે એક ભવના સગાઇ-સંબંધ પર માની લે છે કે 'મારી મમતા દિલની છે, વાસ્તવિક પારમાર્થિક છે, બનાવટી નથી' અરે ! જો વાસ્તવિક હોય તો બીજા ભવે શાની તૂટી જાય ? ને શાની શત્રુતા રૂપે ખડી થઇ જાય ? જ્યારે એવું બને છે, તો પછી સગાઇ સંબંધને વાસ્તવિક-પારમાર્થિક માનવો અને મમતા કરવી એ ખોટુ નથી ? ખોટી મમતા

**(૧) મમતા ખોટી એટલા માટે કે એ એક બાજુ દેવ-ગુરુ-સુકૃત ભુલાવે, ને બીજી બાજુ રકમબંધ પાપો કરાવે છે.**

**(૨) એમ, એક ભવની સારી સ્થિતિ પર અભિમાન કરવું ય ખોટું.**





કેમકે ભવાંતરે એનાથી તદ્દન જુદી બેહુદી સ્થિતિ પણ થઇ શકે છે. કેમકે, અહીં પદ્મા રાજપુત્રી, એ ભવાંતરે વેશ્યા તરીકે બનીને ઊભી રહે છે. માણસ 'હું આવો હોશિયાર, આવો ભણેલો, આવા ઉંચા કુળવાળો, આવી સમૃદ્ધિવાળો,...એવાં એવાં ગુમાન કરે, પણ એ હોશિયારી વગેરે કેટલું ટકવાના હતાં ? કદાચ પુણ્ય હોય તો બહુ બહુ તો આ ભવના અંત સુધી જ ને ? પછી તો એ ય સંભવ છે કે હોશિયારીને બદલે મૂર્ખતા આવી જાય ! વિદ્વત્તાને બદલે નિરક્ષરતા માથે ચડી બેસે, ઉંચા કુળને બદલે હલકા કુળમાં અવતારે જકડાઇ જવું પડે ? ને સમૃદ્ધિને બદલે ગરીબી ય લમણે લાગે ! માણસનાં એક ભવની સારી સ્થિતિ પરનાં ગુમાન શા કામ લાગે. મનને એમ પ્રશ્ન થાય કે

પ્ર૦-સારી સ્થિતિ છે ને એના પર અભિમાન કર્યુ ? એમાં શું ખોટું કર્યું ? ન હોય ત્યારે અભિમાન ન કરે, પણ હોય ત્યારે કર્યું એમાં શો વાંધો ?

**દોષો કેમ ટળે ? -**

ઉ૦-અહી સમજવાનું છે કે એવું અભિમાન કરવામાં મગજ ઉન્નત રહે છે, પછી એ પરમાત્મા આગળ નમી શકતું નથી. મનમાં ઉત્કર્ષ આવ્યો એટલે પરમાત્માનું સેવકપણું શી રીતે આવે ? મનને જો એમ થાય કે 'હું તો પરમાત્માનો દાસ' તો તો એ ભાન રહે કે 'પરમાત્મા તો અનંત ગુણોના સ્વામી, ને હું અનંતા દોષોથી ભરેલો, તે હવે હું પ્રભુના દાસ બની અનંતા દોષોનો ખ્યાલ અને ભવાંતરે દોષોના નીપજતા દારુણ વિપાકની ભડક મનમાં રાખ્યા કરું, તો પ્રભુનાં આલંબને એ દોષો ટાળવાની મહેનત રહ્યા કરે. આમ પોતાના અનંતા દોષો ભય-ભડક સાથે નજર સામે તરવરતા રહેતા હોય તો પછી બીજી મામૂલી સારી સ્થિતિ પર ગુમાન શાનું આવે ?

**અભિમાન જાતના અનંતા દોષો વીસરાઇને આવે છે.**

**જાતના અનંતા દોષોના ખ્યાલ વિના પ્રભુના સાચા દાસ ન બની શકાય.**

**બેન પદ્મા વેશ્યા કેમ બની ?**

**પ્રભુનો દાસ બનવું છે એનાથી અભિમાન કેમ કરાય ?**

મણિકુંડલી વિદ્યાધર આગળ કહે છે મેં પ્રભુને પૂછ્યું, 'ભગવંત ! તો એ બે બેનો તો અહીં રાજપુત્ર તરીકે થઇ, પરંતુ ત્રીજી પદ્માબેન હાલ વેશ્યા તરીકે કેમ થઇ ?

અમિતયશ તીર્થંકર ભગવાને મને કહ્યું -

'એમાં જો, કે જીવ ઊંચા માર્ગે ચડી જાય છતાં જો સાવધાન ન રહે તો મોહની વિટંબણા કેવી નડી જાય છે ! એ પદ્મા, તારી શોક્ય રાણીની પુત્રીને પવિત્ર સાધ્વીજીનો સંપર્ક મળતાં જીવ વૈરાગ્યવાસિત થઇ ગયો, અને એણે રાજાશાહી સુખસંપત્તિ તથા ભવિષ્યની મહારાણી બની ઊંચા વૈભવ વિલાસમાં મહાલવાની આશા આસક્તિ  ફગાવી દઇને એણે ચારિત્ર લીધું.

**ચારિત્ર લેતાં સંસારસુખો સમજીને છોડ્યાં છે, તો ચારિત્ર જીવનમાં સુખશીલતા કેમ રખાય ?**

આ હિસાબે પદ્મા સાધ્વીએ સુખશીલતા ફગાવી દઇ કઠોર કષ્ટમય સંયમ પાળવા માંડ્યું અને એમાં ઉગ્ર તપસ્યા કરવા લાગી. પરંતુ એક વખતે એ બહાર સ્થંડિલ ભૂમિએ ગયેલી, ત્યાં નગર બહાર ઉદ્યાનમાં એક વેશ્યા ઊભેલી એનાં રૂપ લાવણ્ય પર મોહિત થઇ બે રાજપુત્રો એની સાથે પ્રેમ કરવામાં સ્પર્ધા કરી રહ્યા હતા. વેશ્યા એમને મનમાન્યું નચાવી રહી હતી. ત્યારે એ જોઇને પદ્માનું મન બગડ્યું.

પદ્માસાધ્વીના મનને એમ થયું કે વાહ ! આ વેશ્યા કેવી ભાગ્યશાળી કે મોટા-બળવાન રાજકુમાર જેવાને પણ દાસ જેવા બનાવી નચાવી શકે છે, ને એકેક સાથે ધાર્યું સુખ માણી શકે છે ! કેવી પોતાના એકેક એમના હાવભાવ પર મોટા રાજકુમાર જેવાને નચાવી એની સાથે સુખ ભોગવી શકે છે ! ત્યારે આ કષ્ટમય તપ-સંયમ સાધ્યાનું ફળ શું જો આવાં સુખ ન મળે તો ? બસ, મારા તપ-સંયમનો પ્રભાવ હોય તો હું આવતા ભવે આવાં અનેકો તરફથી સુખને પામું !'

બસ, પદ્માસાધ્વી ગબડી, એણે ભાવી ભવે વેશ્યા થવાનું નિયાણું કર્યું ! ને પાછું એ સમજે છે કે

**'તપના જોર વિના કંઇ ધાર્યું ન મળે.'**

તેથી એણે તપસ્યાનું જોર વધાર્યું. નિયાણાંની વસ્તુ તો પોતાના મનોમનની હતી એટલે ગુરુણી કે બીજી સાધ્વીઓને એની શાની ખબર જ પડે ? એ તો દેખે છે કે 'અહો ! આણે વળી ખૂબ તપસ્યા વધારી દીધી છે ! હોય બાઇ ! હોય, ઉંમર વધતી જાય છે, આયુષ્ય ટુંકુ થતું જાય છે, એટલે બને તેટલો શરીરનો કસ તો તપથી ખેંચી જ લેવો જોઇએ ને ? ધન્ય છે આને. એક વખતની રાજપુત્રી છતાં આજે આ ઘોર તપે છે !'





ગુરુણી કે સાધ્વીઓ તો તપ દેખે છે, પણ એના મનનું પાપનિયાણું દેખતી નથી એટલે એને શી રીતે નિયાણાથી રોકે ? તો પછી આ જીવને બચાવનાર કોણ ? કહો,

**મનના પાપથી કોઇ બચાવનાર નથી. એ તો જાતે બચીએ તો જ બચાશે. એ સમજી રાખવું જોઇએ.**

શાસ્ત્રોનો-જ્ઞાનીઓનો ઉપદેશ મનના પાપથી બચાવી શકે છે, પરંતુ તે ય આપણે મન પર લઇએ તો જ બચાવે. આપણે જો મન પર ન લેવો હોય તો ઉપદેશ પણ શે બચાવે ? આ ઉપરથી એ ધ્યાન રાખવા જોવું છે કે બને ત્યાં સુધી મનમાં પાપ ન ઘાલીએ, પાપના વિચાર ન કરીએ.

પ્ર૦-પણ મન છે એટલે પાપવિચાર તો સહેજે આવી જાય છે, શી રીતે બચાય ?

ઉ૦-બચવાનો રસ્તો એ છે કે આપણા મનને કિંમતી વસ્ત્ર કે રત્ન કરતાં ય વધુ કિંમતી સમજીએ, ને ભાવના કરી કરી નિર્ધાર રાખીએ કે મારે મારા અમૂલ્ય મનને બગડવા દેવું નથી. પાપવિચારથી મન બગડે છે, તો મારે પાપવિચાર જ ન જોઇએ.

**પાપ વિચાર પણ રાગ દ્વેષમાંથી જન્મે છે -**

તેથી પહેલાં તો વસ્તુના રાગ કે દ્વેષને જ મનમાં ન ઘાલું, ન ઊઠવા-મહાલવા દઊં. આ ભાવના નિશ્ચિતરૂપે મનમાં વારંવાર લાવવી જોઇએ. વૈરાગ્ય આટલા માટે ઉપયોગી છે કે એ જગતની વસ્તુ પ્રત્યે નફરત ઊભી રાખી એના રાગ-દ્વેષને ન ખીલવા દે. રાગ દ્વેષ ભયંકર લાગે, મનને ભલે બગાડનાર લાગે, ને એના પર અંકુશ આવે એટલે એમાંથી ઉઠતાં પાપ વિચાર પર અંકુશ આવે.

આ ચાવી છે-જેના વિચાર અટકાવવા હોય એના રાગ-દ્વેષ પર અંકુશ મૂકો, જેના રાગ-દ્વેષ પર અંકુશ મૂકવો હોય એ વસ્તુને મહત્ત્વ ન આપો.

જુઓ કોઇને દુશ્મન માન્યો એટલે દિલમાં એના પર દ્વેષ જાગે છે, ને દ્વેષના લીધે એના અંગે ખોટા ખરાબ વિચારો આવે છે. પરંતુ જો એ ધણીને મહત્ત્વ જ ન આપો, અર્થાત્ એ બિચારાની શી તાકાત હતી કે એ બિચારો મારું બગાડી શકે, જો મારાં તેવા અશુભ કર્મ ન હોય ? જાલિમ બગાડનાર મારાં પાપ કર્મ જ છે, તેથી જ પાપકર્મના ઉદયમાં બહારના માણસ બિચારાં નિમિત્ત થઇ જાય છે.

જેમ વ્યવહારમાં, કોઇને મારી નખાવવા રાજા ગુપ્ત મારા ગોઠવે, ને મારા એ કામ બજાવી આવે ત્યાં મારી નાખનાર ખરેખર રાજા જ ગણાય, મારા તો બિચારા ચિઠ્ઠિના ચાકર, એમ અહીં આપણું બગાડનાર તો આપણા અશુભ કર્મ જ ગણાય, બીજા તો એમાં નિમિત્ત માત્ર.

આમ મહત્ત્વ આપણાં અશુભ કર્મને આપીએ, પણ બાહ્ય દુશ્મનને નહિ, તો એ દુશ્મન પર એવો દ્વેષ નહિ સળગી ઊઠે, તે એના અંગે એવાં પાપ વિચાર નહિ ચાલે. વિચાર ચાલશે આપણાં કર્મ અંગે કે 'મે પૂર્વભવે કેવા પાપ આચર્યા હશે, કેવા બીજાને રંજાડ્યા હશે, તેથી આ દુઃખ આવ્યાં. માટે હવે અહીં એવાં પાપ ન કરું' આમ મહત્ત્વ કર્મને આપવાથી શુદ્ધ બુદ્ધિ ચાલશે.

જેવું દ્વેષમાં, એવું રાગમાં, રાગની વસ્તુને મહત્ત્વ જ ન આપીએ તો એના પર એવો રાગ અને રાગભર્યા વિચાર નહિ જળહળે. વસ્તુનું મહત્ત્વ આંકીએ છીએ એટલે જ એના પર રાગ સ્ફુરી ઊઠે છે દા.ત. 'બંગલો ભારે કિંમતી !' એમ મનને થયું તો એના પર રાગ જાગવાનો. પરંતુ જો મનને એમ થાય કે

'બંગલો શાનો કિંમતી ?' એ તો ભારોભાર અને વારંવાર રાગ કરાવી આત્માને ચિકણાં કર્મથી બાંધે છે, આત્માનું પોતાનું ભાન ભુલાવે છે કે 'મનેઃ આનાથી શો લાભ ?' તેમ પરમાત્માને ભુલાવે છે કેમકે બંગલો કિંમતી લાગ્યા પછી 'મંદિર કિંમતી' એવું મનને નથી થતું, મહાકિંમતી પ્રભુમંદિર બનાવવાનું નથી સૂઝતું પૂછો,-

પ્ર૦-તો પછી મહાન આત્માઓએ કિંમતી બંગલો બંધાવવા સાથે કિંમતી મંદિર શી રીતે બંધાવ્યા ?

ઉ૦-એ ય બંગલાને કિંમતી માનીને નહિ, કિન્તુ બંગલાને નકરું પાપઘર માનીને કિંમતી મંદિર બંધાવેલા. વાત આ છે,-

વ્યવહારથી બંગલો સામાન્ય મકાન કરતાં ભલે કિંમતી ગણાતો હોય, કિન્તુ પોતાનું મન બંગલાને કિંમતી ન ગણે, એને એવું મહત્ત્વ આપે, તો જ તરવાની બુદ્ધિએ મહાકિંમતી પ્રભુમંદિર બંધાવી શકે. લોકમાં માત્ર યશ ખાતર બંગલાની સાથે મંદિર પણ બંધાવે એની કિંમત નથી, તરવાની શુદ્ધ બુદ્ધિએ બંધાવે એની આ વાત છે, કે બંગલાને કિંમતી ન સમજે એ જ પરમાત્માને કિંમતી સમજી શકે. પરમાત્માને ન ભૂલે અને એમનું સુંદર ભવ્ય મંદિર બંધાવી શકે.

એટલે વાત આ છે કે દુન્યવી વસ્તુને મહત્ત્વ ન અપાય તો જ એના પર રાગ





નહિ ઉછળે એને મહત્ત્વ ન આપવા માટે 'એ સુખાકારી છે' એમ નહિ માનવું, પણ એમ માનવું કે

**દુન્યવી વસ્તુથી સુખ તો વસ્તુના લીધે નહિ પણ વાસના અને તૃષ્ણાને લીધે લાગે છે.**

જો ઘડીભર વાસના-તૃષ્ણા મટી ગઇ તો જીવને કશું સુખ નથી લાગતું. મીઠાઇ ગમે તેટલી સારી હોય, પરંતુ એ ખાતાં જ્યાં પેટ ચિકાર ભરાઇ ગયું. પછી એને ખાતાં કશું સુખ નથી લાગતું. કેમ વારુ ? કહો એટલા જ માટે કે પેટ ભરાયા પછી ભૂખ મટી ગઇ. ઘડીભર માટે એની તૃષ્ણા શમી ગઇ. સુખ તૃષ્ણાનું, તે તૃષ્ણા શમતાં સુખ અલોપ. ત્યારે,

જો પહેલેથી મીઠાઇની વાસના-તૃષ્ણા જ તત્ત્વ ચિંતન-વૈરાગ્ય દ્વારા મારી નાખી હોય તો એનું કશું મહત્ત્વ નહિ લાગે, ને એ કદાચ ખાવી પડતી હોય તો ય એનો કશો આનંદ આનંદ નહિ લાગે.

'પત્ની મારી બહુ સારી, મને બહુ સુખ આપે છે,' એવું શાથી લાગે છે ? શું પત્ની સુખ આપે છે ? ના, પોતાની કામવાસના-તૃષ્ણાને લીધે જ સુખ લાગે છે. એટલા માટે તો જ્યાં કોઇ નિમિત્તવશ પત્ની પર ક્રોધ ઊછળી આવ્યો, તો ત્યાં એ સુખકારી નથી લાગતી.

### પોટ્ટિલા કેમ દુઃખી ? -

પેલી પોટ્ટિલાની વાત ખબર છે ને ? સાધ્વીજીને એ ફરિયાદ કરતી હતી, 'મારા પતિ મને બોલાવતા નથી, હું બહુ દુઃખી છું, તમે એ ટાળવા કોઇ ઉપાય બતાવો ને ?'

ત્યારે સાધ્વીજીએ શું કહ્યું ? આ જ કે 'બેન ! તું એથી દુઃખી નથી, નહિતર તારે બંગલો, વાહન, ઝવેરાતનાં દાગીના, રેશમી કપડાં, ઉમદા ખાનપાન, દાસ-દાસીઓ વગેરે તો છે જ, એમાં માત્ર એક પતિ ન બોલાવતા હોય એથી શું કામ બહુ દુઃખ લાગે ? પણ તુ તારી કામવાસનાથી દુઃખી છે. તું વાસનાની ગુલામ છો, એટલે તને પતિ બોલાવે ચલાવે તો સુખ લાગે છે. ને ન બોલાવે-ચલાવે તો તને બહુ દુઃખ લાગે છે. 'આ સુખ-દુઃખ પતિથી નહિ, પણ તારી કામવાસનાના લીધે જ છે.

પણ હે ભાગ્યવતી ! તું કેમ ભૂલી જાય છે કે અનંત અનંત કાળથી વાસના સળગતી રહીને તું દુઃખી દુઃખી થતી આવી છે ? તો હજી પણ ક્યાં સુધી આ વાસનાને સળગતી રાખવી છે. આવા ઊંચા માનવ અવતારે પણ વાસનાની આગ સળગેલી રાખીને તો વાસનાના કુસંસ્કાર દ્રઢ થતા જાય છે, એ પછીથી આગળ પાર વિનાના હલકા અવતારોમાં તને કેવા ભયંકર સતાવશે ? **કાગડી-કૂતરી-ગધેડીની દશા જુએ છે ને કે ભોગના ભૂખારવાપણામાં એને ભોગનો કોઇ વિવેક નથી, સંતોષ નથી ? કેમ એમ ? એટલા જ માટે કે પૂર્વે એનેય માનવઅવતાર તો મળેલો, પણ ત્યારે કામ-વાસનાની આગ જાલિમ સળગતી રાખી, એના પર અંકુશ ન મૂક્યો, એને ઓલવી નહિ, તેથી એના વધુ દ્રઢ થયેલા કુસંસ્કાર તિર્યંચના અવતારે એને ભોગમાં વિવેકહીન-સંતોષહીન અને ભૂખારવી બનાવે છે. મૂળ, વાસના જ સુખ-દુઃખ લગાડે છે, વાસનાભોગથી ક્ષણભર શમે એટલે સુખ, ને પછી પાછી વાસના સળગે એટલે દુઃખ લાગે.**

**પતિ ન બોલાવે એમાં સુખ ક્યારે લાગે ? !-**

માટે હે વિવેકવંતી ! તું સમજી જા, કે તને તારા પતિ ન બોલાવે એથી તું દુઃખી નથી, પણ તારી વાસનાની આગથી તું દુઃખી છે, જો તું આ વાસનાની આગ ફગાવી દે, ઓલવી નાખે, તો પછી તને આ કશું દુઃખ નહિ લાગે, વાસનાની આગ જ નહિ હોય એટલે તો પછી પરમાત્માનું ભજન-ચિંતન ગમશે, ને એ કરવામાં, પતિ તને બોલાવતા નહિ હોય એ સુખરૂપ લાગશે કે 'હાશ ! ચાલો, મારા પ્રભુના ભજન-ચિંતનમાં એમની દખલ નથી થતી.'

બસ, પોટ્ટિલા સમજી ગઇ, વાસના દબાવી દીધી, પ્રભુભક્તિ વગેરેમાં લાગી ગઇ, ને મહાસુખી થઇ.

વાસનાનું આ ગણિત સમજાઇ જાય, તો પછી 'પત્ની બહુ સારી, મને બહુ સુખ આપે છે,' એવો અવિવેક નહિ રહે. ઝટ મનને થશે કે સુખ તો મારે વાસના હોય એના લીધે લાગે છે. જો મને વાસના ન સતાવતી-ન બાળતી હોય તો પત્નીમાં કશું સુખ નથી. માટે જો પત્ની સુખકારી નહિ, તો પત્નીને શાનું મહત્ત્વ આપું ?'

**દુન્યવી કોઇ પણ વસ્તુનું મહત્ત્વ મનને ન લાગે એ માટે આ સમજી રાખવાનું છે કે સુખ એનાથી નથી પણ વાસના-તૃષ્ણાથી છે.**

**તો, પાપવિચાર અટકાવવાની આ ચાવીઓ થઇ-**

(૧) મન નથી બગાડવું એ નિર્ધાર જોઇએ.





(૨) મનમાં દુન્યવી વસ્તુના રાગ-દ્વેષ ન ઉઠવા દેવા.

(૩) એ માટે મનથી વસ્તુને મહત્ત્વ નહિ આપવું.

(૪) એ માટે ચોક્કસ માનવું કે સુખ-દુઃખ વસ્તુના ઘરના નહિ, પણ વાસનાના ઘરના છે. તો જો વસ્તુથી સુખ નહિ, તો શા સારુ વસ્તુનું મહત્ત્વ આંકી એના પર રાગ ધરું ? તેમ

**'મારું બગાડનાર મારાં અશુભ કર્મ જ છે, પછી કોઇ વ્યક્તિને શા સારુ મહત્ત્વ આપી એને બગાડનાર માનું ? શા સારુ એના પર દ્વેષ ધરું ?'**

પાપવિચાર અટકાવવાની આ ચાવી કે વસ્તુના રાગ-દ્વેષ ઓછા કરો, ને એ ઓછા કરવા વસ્તુને નગણ્ય લેખો. આ બધું મનોમન કરવાનું છે, જાતે જ કરવાનું છે, ઉપદેશ તો પ્રેરણા આપે એટલું જ, પરલોકના ભય દેખાડે એટલું જ, પરંતુ એ પ્રેરણા-ભય ઝીલવાનું કામ પોતાના મનનું છે.

**પદ્માસાધ્વીએ વેશ્યા થવાનું નિયાણું કર્યું -**

પેલી પદ્માસાધ્વીએ ઉદ્યાનમાં વેશ્યાને બે રાજપુત્રોથી સરસાઇપૂર્વક ખેલાવાતી દેખી મન બગાડ્યું, વેશ્યા જેવી થવાનું નિયાણું કર્યું, બધું મનોમન, એટલે કોઇ એ જાણતું નથી, તો કોણ એને બચાવે ? એટલે જ કહેવાય છે ને કે **'રહે તો આપથી, ને જાય તો સગા બાપથી'.**

સાધ્વી ભૂલી પડી, નિયાણાનું પાપ મરતાં સુધી વોસિરાવ્યું નહિ, એટલે મરીને તપ-સંયમના પ્રભાવે સમૃદ્ધિવાળી દેવી તો થઇ, પરંતુ દેવલોકમાંથી ચ્યવ્યા પછી નિયાણાના પ્રભાવે અહીં અનંતમતિકા વેશ્યા થઇ.

**વિદ્યાધરનો બંનેને ઉપદેશ -**

પેલો મણિકુંડલી વિદ્યાધર વેશ્યા પાછળા ઘેલા થયેલા ઇન્દુષેણ-બિન્દુષેણને આ સમજાવી રહ્યો છે કે 'તમારા બાપ આ કારણે તો આપઘાત કરી મરી ગયા, પાછળ તમારી માવરો (માતાઓ મરી) છતાં તમે આ અપકૃત્યથી પાછા નથી હટતા ! પણ જાણી લો કે આ વેશ્યા પૂર્વભવે તમારી બેન હતી. ત્યારે હું તમારી માતા હતી, તમે બંને મારી દીકરીઓ હતી, અને આ વેશ્યા તમારી ઓરમાન માતાની દીકરી એટલે તમારી બેન પદ્મલતા હતી, પૂર્વે સાધ્વી થયેલી છતાં ભૂલી પડેલી તે અહીં વેશ્યા બનીને આવી છે. બેનના ઉપર કામરાગ ? શરમ નથી આવતી તમને ? આ તો અમિતયશ તીર્થંકર ભગવાન પાસેથી આ બધી પૂર્વભવની વિગત જાણી તમને

ખોટા માર્ગે જતા ને ખોટું લડતા દેખી એક તમારી પૂર્વની માતાના નાતે તમારી પાસે કહેવા-રોકવા આવ્યો છું. હવે પાપકૃત્યથી વિરામ પામો. 'આ મનુષ્યજનમ જેટલો સારો ઊંચો છે એટલા સારા ઊંચા કાર્ય કરો, નીચ કૃત્યોથી પાછા ફરો.'

મણિકુંડલી વિદ્યાધરે વિમાનમાં આવીને આ બંનેને આંજી દીધેલા, ને પછી આ બધી પૂર્વભવની વિગત કહીને શિખામણ દીધી, એટલે ઇન્દુષેણ-બિન્દુષેણ ઠરી ગયા, સ્તબ્ધ થઇ ગયા, લજવાઇ ગયા. તરત વિદ્યાધરના પગમાં પડી પસ્તાવાના આંસુ સાથે કહે છેઃ

**બે ભાઇની પસ્તાવાભરી વાણી -**

'ઓ અમારી પૂર્વની મા ! તેં તો અમારી આંતરચક્ષુ ખોલી નાખી ? કેવા નરાધમ અમે ? અધમ વેશ્યામાં ફસ્યા અમે ? તે પણ અમારી પૂર્વની બેન સાથે ! આના મોહમાં ઉપકારી પિતાની ઘણી ઘણી શિખામણ પણ અમે સાંભળી નહિ ? ને એથી જ એમણે ને એમની પાછળ માતાઓએ પ્રાણત્યાગ કર્યા ? કેટલા અધમાધમ અમે ? અમે હવે જીવવા લાયક નથી. પૃથ્વી અમારા જેવા ઘોર પાપીથી ભારે મરે છે. બસ અમે આત્મહત્યા કરી પૃથ્વીને હલકી કરીએ.'

ત્યાં વિદ્યાધર કહે છે, 'ધન્ય છે, ધન્ય છે તમને કે પાપ સમજી ગયા અને પાપથી વિરામ પામવા સજ્જ થઇ ગયા !' પરંતુ હવે હે મહાનુભાવો ! જે આપઘાતનો વિચાર કરો છો તે ખોટું છે. એથી કાંઇ ન તો તમારા માતાપિતા જીવંત થાય, કે ન તમારા પાપ માફ થાય.

**પ્રાણનાશ એ પાપનાશનું કોઇ પ્રાયશ્ચિત્ત નથી.**

**વિદ્યાધરનો અણમોલ ઉપદેશ -**

આત્મહત્યાથી તમે મરશો પણ તમારા પાપ નહિ મરે. પાપનો નાશ તો ધર્મથી થાય, પાપત્યાગથી થાય. ઘોરાતિઘોર પાપોનો પણ નાશ અહિંસા-સંયમ અને તપથી થાય છે, તે પાપ નષ્ટ થાય છે. તો એ પણ સમજી રાખો કે એ અહિંસાદિની ઉત્કટ સાધના મનુષ્ય જીવનમાં જ થઇ શકે છે. આ જીવન જ જો આત્મહત્યાથી ખત્મ કરશો ને પછી જીવન જો હાથમાં જ નહિ હોય, તો એ ઉત્કટ સાધના ક્યાંથી કરી શકવાના ? હજી તમારો મહાન પુણ્યોદય સમજો કે ઘોર પાપ કર્યા પછી પણ તમારે માનવઆયુષ્ય ઊભું છે, માનવજીવન હાથમાં છે તો એનો સુંદર ઉપયોગ કરી લો.





તમારા માતાપિતાએ તો બિચારાએ તો જીવન ગુમાવ્યું એટલે સારું કરવાની બધી તક એમને ગઇ જ્યારે તમારે તો જીવન હજી હાથમાં છે એટલે ઘણી સારી આરાધના કરી લેવાની તક છે. તમારા માતા-પિતા આ સમજ્યા નહિ, નહિતર શું કામ તમારા પાપ પર એ મરે ? પાપ નજરે જોવું નથી તો સર્વ પાપત્યાગનું જીવન લઇ ઘરમાંથી નીકળી જ ન જાય ? ઘરવાસત્યાગ અને અહિંસા-સંયમ-તપનો માર્ગ લીધા પછી ક્યાં તમારા પાપ જોવા બેસવાનું હતું જ ?

પણ માનવજીવનની આ કિંમત સમજાય કે 'જીવન સર્વેસર્વા પાપત્યાગ અને સર્વેસર્વા અહિંસા સંયમ-તપ માટેનું ઉંચું અને અનન્ય પાત્ર છે,' એ જ આ કરી શકે. બીજાનાં પાપે મરવું શા માટે ? મરીએ તો આપણે સાધી લેવાની અતિ દુર્લભ તક ગુમાવી. પરંતુ તમારા માતાપિતાને તમારાં પાપનો માથે એટલો ભાર ચડી ગયો કે એ બિચારા પોતાની આ તકનો વિચાર કરી શક્યા નહિ.

ખેર, તમારે હજી જીવન હાથમાં છે, તો માથું ફેરવીને મક્કમ નિર્ધાર કરો કે જેટલી હોંશ અને વેગથી પાપ કર્યાં છે એના કરતાં બેવડી-ચોવડી-દસ-ગુણી હોંશ-વેગ અને વીર્યોલ્લાસથી અમે અહિંસા સંયમ-તપની ઉત્કટ સાધના કરીશું, અને સમસ્ત પાપકર્મોનો ભુક્કો કરી નાખશું.

**વિવેકનું આ જ કર્તવ્ય છે કે આ ઊંચા જનમને છાજતા ઉચ્ચ ઉદ્દેશ રાખી ઉચ્ચ કાર્ય કરવા, ને તે કાર્યો સર્વ પાપત્યાગ અને ઉચ્ચ સાધના તથા સુકૃતો જ હોય.**

માટે હે વિવેકવંતા કુલીન પુત્રો ! વિવેકનાં આ કાર્ય કરો.

મણિકુડલી વિદ્યાધરની આ અમૃતવાણી ધ્યાન પર લેવી જેવી છે.

જીવનમાં વેશ્યાગમનની જેમ પરસ્ત્રીસંબંધ, પરસ્ત્રી રાગ, સ્વસ્ત્રીમાં પણ અંધરાગ અને અસત્ મોહચેષ્ટાઓ, ચોરી-વિશ્વાસઘાત-કુડકપટ, માતાપિતાનો દ્રોહ, ઉપકારી પ્રત્યે અપકાર, ઉપકારી કે ગુણિયલના અવર્ણવાદ, અઘટિત આરોપ-આક્ષેપ-અભ્યાખ્યાન વગેરે વગેરે પાપોને તિલાંજલિ આપવા જેવી છે.

એમ, ગુસ્સો અને અભિમાન, જેની તેની સાથે વેર ને વિરોધ, કર્મથી પીડાતા જીવો પર દ્વેષ ને ક્રૂરતા એમ, માયાવી સ્વભાવ અને જડની ભારે તૃષ્ણા-આસક્તિ -આકર્ષણ...વગેરે વગેરે પાપ પણ વોસિરાવવા જેવા છે.

એવાં, મહા આરંભ-સમારંભ ને કર્માદાનનાં ધંધા, સિનેમા-નાટક-જુગાર-

કૂથલી વગેરે મહા અનર્થદંડના અપકૃત્યો પણ ત્યજવા જેવા છે.

**'અનંતાભવ બગાડ્યા. આ ભવ મારે બગાડવો નથી'** એવા **આ નિર્ધાર પર પાપોને છોડી દેવાનું સહેલું છે.**

**સુદત્તમુનિનો પ્રસંગ -**

ત્યારે તો સમરાદિત્ય કેવળી ચરિત્રમાં પેલા સુદત્ત મુનિવર ઉપર રાજાએ શિકાર કરવા નીકળતાં એમને દેખી અપશુકન થયા માનીને એમના પર ગુસ્સાથી શિકારી કૂતરા છોડેલાનો એ પ્રસંગ આવે છે એમાં આ જોવા મળે છે. બે વિકરાળ કૂતરા ધડધડ દોડ્યા તો ખરા, પણ પાસે જતાં મુનિના ધર્મતેજથી અંજાઇ ગયા, તે શાંત બની જઇ મુનિના આગળ બેસી પડ્યા અને મુનિને જાણે માથું નમાવતા હોય અને પ્રેમથી મુનિનાં દર્શનનું અમૃત ઘૂંટઘૂંટ પીતા હોય એવી મુદ્રાએ મુનિની સામે બેસી પડ્યા !

રાજાને, દૂરથી એ જોઇ, શરમ આવી ગઇ, એમાં એક મિત્ર શ્રાવકે મુનિની ઓળખ કરાવી કે 'આ મુનિ તો રાજ્યપાટ છોડીને નીકળેલા તપસ્વી અવધિજ્ઞાની રાજર્ષિ છે. એમના પર તમે શિકારી કૂતરા છોડ્યા ?' ત્યાં રાજાને ખેદનો પાર ન રહ્યો. એ પહોંચ્યો મુનિવર પાસે, ને ક્ષમા માગતો કહે છે,

**રાજાની ક્ષમાયાચના -**

'ભગવંત ! હું આ કૂતરાથી પણ અધમ જીવ છું. કૂતરા આપના ભક્ત બની ગયા, ત્યારે મેં આપ જેવા મહર્ષિને આપના કશા ગુના વિના મારી નખાવવા ધાર્યું ! માફ કરજો મારા જેવા પશુથી પણ અધમ પ્રાણીને. હવે હું જીવતો રહેવા લાયક નથી. પ્રભુ ! મારા ઘોર પાપે મારાથી ધરતી ભારે મરે છે, તેથી હું જીવતો રહેવા લાયક નથી. બસ, હું આત્મહત્યા કરીશ' એમ કહીને આપઘાત માટે તલવાર કાઢીને તૈયાર થઇ જાય છે.

**મરવા માત્રથી પાપ ન મરે -**

મહાત્મા કહે છે 'રાજન્ ! તું મરીશ તેથી શું ? તેથી કાંઇ તારું પાપ માફ નહિ થાય, પાપથી આ ભવ બગડ્યો તે, મોત માત્રથી નહિ સુધરે. બગડ્યો જ રહેશે. પાપ કરી કરીને તો અનંતા મનુષ્યભવ પણ બગાડ્યા, તે હવે શું અહીં આ ભવ પણ બગડેલો રાખીને ચાલ્યા જવું છે ?

રાજા કહે 'પણ બાપજી ! આ ભવ ઘોર પાપથી બગાડી તો નાખ્યો, તે હવે શું સુધરે ?'





**મહર્ષિની અમર વાણી -**

મહર્ષિ કહે છે 'ભાગ્યવાન ! હજી જ્યાં સુધી જીવન હાથમાં છે ત્યાં સુધી પાપના પ્રાયશ્ચિત્તરૂપ સાધના કરી લે તો ભવ સુધરી જાય છે. જંગલમાં લૂંટારાથી અડધું લૂંટાયા, પરંતુ જો ત્યાં આવી ચડેલ કોઇ રક્ષકોથી રક્ષણ મળતું હોય તો કાંઇ બાકીનું હજી આપણી પાસે રહેલું અડધું ધન લૂંટારાને સુપરત ન કરાય. એ તો જો રક્ષણની સહાય લઇએ તો આ અડધું તો બચી જાય, વધારામાં લૂંટાયેલું પણ અડધું સહાયકથી પાછું મેળવી લેવાય. એવું અહીં સમજવાનું છે.

**અડધું લુંટાયા પછી પણ જો અડધું જીવનધન રક્ષક એવી સાધનાને સોંપાય તો એ અડધું જીવન તો સુધરી જાય, પરંતુ પાપોથી બગડેલું પૂર્વનું પણ સુધરી જાય.**

રક્ષક સાધના મળી શકે છે ત્યાં પૂર્વના બગડ્યા ભેગા બાકીના જીવનભાગનો નાશ ન કરાય.

મહષિ કહે છે,-'અરે રાજન્ ! સાધનાથી માત્ર આ જ જનમ સુધરવાની વાત કાં કરે ? પૂર્વજનમો પણ પાપથી બગડી ગયેલા અહીંની સાધનાથી સુધારી શકાય છે. માટે પાપોથી અત્યાર સુધીનો જનમભાગ બગાડી નાખ્યો એથી નિરાશ થઇ બાકીના જનમ ભાગને આત્મહત્યાથી ખોઇ નાખવાની વાત ન કર.'

મુનિપુંગવ રાજાને આ હિંમત આપવા પર રાજા હવે પૂછે છે, 'તો ભગવંત ! મેં આવા આપ સરખા જગતનો કલ્યાણભૂત યોગી મહાપુરુષનો ઘાત કરવાના પ્રયત્ન જેવું ઘોર પાપ કર્યું, શું તે પાપ એનાં ભયંકર પરિણામમાં નરકનાં દુઃખ ભોગવ્યા વિના નાશ પામી શકે ?'

સુદત્ત મહર્ષિ કહે છે, 'રાજન્ ! આટલું જ શું, આનાથી પણ ભયંકરમાં ભયંકર પાપો પણ ગુરુ સમક્ષ યથાર્થ આલોચન અને ગુરુદત્ત પ્રાયશ્ચિત્તનાં વહન અને સર્વપાપત્યાગરૂપ સંયમ તથા બાર પ્રકારના તપથી નાશ પામી શકે છે. એટલા માટે તો અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતોએ અહિંસા સંયમ અને તપનો માર્ગ ઉપદેશ્યો છે. એથી કાળજૂના ભયંકર પાપકર્મો પણ નાશ પામી જીવનો આ અનાદિ દુઃખમય સંસારથી મોક્ષ થઇ શકે છે. એટલે તો કહેવાય કે-

**અહિંસા-સંયમ-તપથી આ ભવ તો સુધરી જાય, પણ બગડેલા અનંતા ભવના પણ બગાડા નષ્ટ થઇ એ પણ સુધરી જાય !!!**

**રાજાનો હૃદયપલટો -**

રાજાને આ સાંભળી હિંમત આવી ગઇ કે 'તો પછી ફિકર નહિ, આ અને ભૂતકાળના ભવોના પણ પાપ નાશ પામી શકે છે અહિંસા-સંયમ-તપથી. તો હવે હું એ જ કરું. હજી ભવ હાથમાં છે એટલે એ અહિંસાદિ સાધવા શક્ય છે. માટે આપઘાતની કોઇ જરૂર નથી, અને હવે ભવની એક ઘડી પણ ન બગાડું બાકીના સમસ્ત ભવકાળને સુધારી લઉં. રાજ્યપાટ રાણીઓ-ખજાના અને માનસન્માન વગેરેના સંગ ભવને બગાડનારા જ છે, એ રાખીને કાંઇ અહિંસા સંયમ-તપની ઉચ્ચ સાધના ન થઇ શકે, તેથી હવે એક ક્ષણ પણ એનો મારે સંગ ન જોઇએ.'

રાજાએ પોતાની આ ભાવના મહર્ષિ આગળ મૂકીને પ્રાર્થના કરી કે 'પ્રભુ ! મારી યોગ્યતા લાગે તો મને શરણું આપો, સંયમ આપો, હવે મારે સર્વ પાપ અને સર્વ સંગનો ત્યાગ છે. મારે અહિંસા-સંયમ-તપની જ સાધના કરવી છે.'

❀ ❀ ❀ ❀ ❀ ❀

આ બધી ઘટનાના સમાચાર નગરમાં પહોંચી ગયેલા તેથી મંત્રી મંડળ અને રાણીઓ વગેરે પરિવાર ત્યાં આવી ચડેલ, જે રાણીઓ આ સાંભળીને સંયમ ન લેવા રાજાને કાલાવાલા અને કરુણ કલ્પાંત કરે છે. પરંતુ રાજા એમને કહે છે,-

**રાજાની રાણીઓને તત્ત્વવાણી -**

'અધીરા ન બનો. તમે મારા આત્માનો વિચાર કરો, મારા આત્માની ચિંતા કરો કે એણે જે ઘોર પાપ અહીં અને પૂર્વ ભવોમાં સેવ્યાં છે, એનું જો અહીં અહિંસા-સંયમ-તપથી નિરાકરણ ન કરાય, તો મારા આત્માની પરભવે દુર્દશા કેવી ? નરકાદિ દુર્ગતિઓમાં ફસામણ અને રિબામણ કેવી ? અહીં જો ન સુધાર્યું તો આગળ પર ક્યાં સુધારવાનું ? અનંતા જનમ તો બગાડ્યા, આ જનમ પણ જો જાણી જોઇને બગાડ્યો તો પછી પરલોકે જનમ સુધારવાને અવકાશ જ ક્યાં રહે ? માટે તમે મારા આત્માના પ્રેમી છો તો મારા આત્માની દયા ચિંતવો, અને ખોટો મોહ મૂકી દો.

**આપણો બેલી કોણ ? સગાં નહિ, ધર્મ -**

હવે રાણીઓ શું કહે ? શું એમ કહે કે 'પણ અમારું શું ? અમારો-કોણ બેલી ?' ના, એવું ન કહી શકે, કેમકે રાજાની વાણીમાં જે આત્માનો અને જનમ બગાડવા સુધારવાનો વિચાર બતાવવામાં આવ્યો છે, એ એટલો બધો સચોટ છે કે રાણીઓના પોતાના આત્માને ય લાગુ પડે છે, ને એમાં તે સર્વ જીવોને માટે બેલી





તરીકે અહિંસા-સંયમ-તપને જ દેખાડ્યા છે. તેથી રાણીઓ હવે રાજાને બેલી તરીકે ઘરમાં રહેવા શાનું માગી શકે ?

**રાણીઓ પણ સંયમાર્થી -**

રાણીઓ સ્પષ્ટ સમજી ગઇ કે 'આપણા પોતાના ય જન્મને હવે બગાડવો ન હોય, સુધારી લેવો હોય તો બેલી અહિંસા સંયમ-તપનો આશ્રય કર્યે છૂટકો છે, એમ વિચારીને રાણીઓ પણ રાજાની સાથે ચારિત્ર લેવા તૈયાર થઇ ગઇ. મંત્રી મંડળ ડાહ્યું હતું, એણે આખો કિસ્સો સાંભળી રાજાની ભાવનાનું સમર્થન કર્યું.

વિચારજો મહર્ષિની વાણી, રાજાની ચિંતવના, અને રાણીઓને રાજાનો ઉપદેશ. ખૂબ વિચારજો, અને મનમાં નિશ્ચિત ઉતારી દેજો. અમલમાં શક્ય પ્રયત્ન કરજો.

વાત આ હતી,-આપઘાત કરી દેવાથી પાપ નાશ પામે નહિ, ને અનંતા ભવ બગડ્યા એમ આ ભવ પણ બગડેલો જ પૂરો થાય. ત્યારે,

**આપઘાત ન કરતાં જીવન ઊભું રાખી ભવ સુધારવાના ઊપાય આદરાય, તો ભવ સુધરે.**

**શ્રીષેણનૃપના બે પુત્રોને વિદ્યાધર વિવેક -**

પેલા મણિકુંડલી વિદ્યાધરે શ્રીષેણરાજાના બે પુત્ર ઇન્દુષેણ-બિન્દુષેણને આ જ કહ્યું કે ''તમે આત્મહત્યા કરો તેથી કાંઇ વેશ્યાની લુબ્ધતા, એ માટે ભાઇ સાથે ઝગડો, અને એ જ નિમિત્તે પિતાએ કરેલ વિષપ્રયોગથી પોતાનું મોત, ઇત્યાદિ તમારાં પાપો નાશ નહિ પામે, એ તો જીવતા રહી અહિંસા-સંયમ-તપની ઉગ્ર સાધના કરી લેવાથી જ નાશ પામે.''

**બે પુત્રો કેવો ઉપકાર માને છે ! -**

ઇન્દુષેણ-બિન્દુષેણ સમજી ગયા, તરત પરસ્પરને ખમાવ્યા, અને વિદ્યાધરના પગમાં પડી ગદ્ગદ દિલે અને આંસુભરી આંખે અનહદ ઉપકાર માનતાં કહે છે, અહો ! તમે કેવા નરક તરફ મીટ માંડી ચૂકેલા અમને ઉગારી લીધા !! કેવી સુંદર સદ્ગતિના રાહને અમારા ગળે ઉતારી દીધો !! અહાહાહા ! જો આ ન બન્યું હોત અને અમે એક વાર પણ દુર્ગતિમાં ઉતરી ગયા હોત, તો તો ત્યાં પાપમય જ જીવન હોઇ આગળ પણ દુર્ગતિ, અને એમ દુર્ગતિના હલકા ભવોની પરંપરા જ ચાલત. આમાંથી બચાવી લીધા એ તમારો કેટલો બધો અનુપમ ઉપકાર ! બસ,

હવે અમે ચારિત્રમાર્ગ અપનાવી લઇએ છીએ.'

વિદ્યાધર ખૂબ ખુશ થયો, કેમકે એ પોતે એક ભવની એ બંનેની માતા હતી ને ? તેથી એને વિશેષ આનંદ થયો કે 'મારા આ એક વખતના સંતાન હવે મોક્ષમાર્ગે સંચરે છે ! એમનું અનંત કલ્યાણ થશે. ચાલો, મારું વાત્સલ્ય અને પ્રેરણા લેખે લાગી ગઇ.'

**ઇન્દુ-બિન્દુ ચારિત્ર માર્ગે :-**

ઇન્દુષેણ-બિન્દુષેણે તરત રાજ્યવ્યવસ્થા કરી ચારિત્ર લેવા તૈયારી કરી. ત્યારે મહાન પરાક્રમી અને પ્રભાવવંતા એમનું આ જોઇને ૪૦૦૦ જણ એમની સાથે દીક્ષા લેવા તૈયાર થઇ ગયા. મંદિરોમાં ભવ્ય જિનેન્દ્ર-ભક્તિ મહોત્સવ ઉજવાયા. યાચકાને યથેચ્છ દાન દેવાયાં. અને ભારે ઠાઠમાઠ સાથે ૪૦૦૦ દીક્ષાર્થી સાથે એ બંનેએ સદ્‌ગુરુ પાસે ચારિત્ર લીધું. ચારિત્ર પાળ્યું કેવું ?

ઇન્દુષેણમુનિ અને બિન્દુષેણમુનિની નજર સામે આ જીવનનાં મહાપાપ તરવરી રહ્યા છે એટલે એને ધોવા ભગીરથ ધર્મપુરુષાર્થ જોઇએ એમ સમજે છે. એટલે રાજાશાહી ઠાઠ-વૈભવ-વિલાસ સંદંતર ભૂલી જઇ, જાતની પૂર્વની બધી મોટાઇ ભૂલી જઇ, એ લાગી પડ્યા કઠોર સંયમ અને ઉગ્ર તપની ભારે કષ્ટમય સાધનામાં. કષ્ટ એમને ભારે નથી લાગતા, કેમકે સમજે છે કે જો પાપ ઊભાં રહી ગયા હોત તો એ પરભવે જે કારમી નરકવેદના આપત એની સામે અહીંના કઠોર પણ સંયમ-તપનાં કષ્ટ કશી વિસાતમાં નથી. આ હિસાબ છે,-

**નજર સામે પોતાનાં પાપ અને એનાં દુઃખદ ફળ તરવરે તો કઠોર ધર્મસાધનામાં જોમ આવે.**

આ હિસાબ છે,-

**પાપફળની પરભવની નરકવેદના સામે અહીંના પાપ ત્યાગનાં કષ્ટ અને પાપનાશક તપ સંયમનાં કષ્ટ વિસાતમાં ન લાગે, એ જિનવચનશ્રદ્ધા.**

નિરંતર પરલોકના ભયંકર દુઃખ વિચારો, પછી પાપનો પહેલેથી જ ત્યાગ કરવો ય સહેલો, અને થઇ ગયેલા પાપની સામે કઠોર કષ્ટમય ધર્મ કરવો ય સહેલો. આમાં જેટલી હોંશ અને જેટલો ભોગ આપીને પાપ સેવ્યા હોય એના કરતાં અતિશય ભારે હોંશથી અને ભારે ભોગ આપીને ધર્મસેવવાનું બની આવે. માત્ર, પરલોકના દુઃખ એટલે કે નજર સામે ચડતા બીજા જીવોની અને શાસ્ત્રે વર્ણવેલી નરકના જીવોની





ભયંકર ત્રાસજનક રિબામણ આંખ સામે તરવરતી રહેવી જોઇએ.

એમ કહેતા નહિ, કે

**પરલોકત્રાસથી ડરે એ કાયર નહિ ? -**

પ્ર૦-પરલોકના ત્રાસ જોઇ ધર્મ કરે એમાં કાયરતા છે એમ શું ન કહેવાય ? ને ધર્મ તાત્ત્વિક રીતે સમજીને કરવાનું ક્યાં રહે ?

ઉ૦-પહેલી વાત, કાયરતા ન આવે. જુઓ જગતમાં શું શું બને છે, એટલે આ સમજાઇ જશે.

વેપારી સમજતો હોય કે 'ગમે તેમ રેઢિયાળની જેમ વેપાર કરવાથી મોટી ખોટ આવી પડે !' તેથી એ દુઃખથી ડરીને જે વેપારી સાવધાની પૂર્વક વેપાર કરે તો એમાં એ થોડો જ કાયરતા કરે છે ? અથવા એક વેપાર કરતાં કરતાં ખોટ પડવા માંડી, તેથી એ છોડી બીજો તરતો વેપાર કરે એમાં એમ થોડું જ કહેવાય કે ખોટના દુઃખના ડરથી વેપાર બદલે છે. તો શું એ કાયર છે ?' ના, એમાં કાયરતા નહિ, પણ વિવેક ગણાય છે. નીડર-નફિકરો બની ખોટનો વેપાર ચલાવ્યે રાખે એ તો નર્યો અવિવેકી ગણાય, મૂઢતામાં જ એવો ખોટનો ધંધો ચલાવતો કહેવાય.

એમ અહીં પરલોકના મહાદુઃખને લાવનાર પાપ કાર્યો મૂઢતાથી બહુ કર્યે ગયા, પણ હવે ગુરુવચને સમજાયું કે પાપકાર્યોથી નરકાદિનાં દુઃખ આવે છે તેથી એ પાપ છોડી ધર્મ કરવા લાગે, તેમ બંધાઇ ગયેલ એવા દુઃખદાયી પાપોનો નાશ કરવા માટે ધર્મ કરે, એમાં એ કાયર થોડો જ કહેવાય ? એ તો વિવેકી ગણાય.

**દુર્ગતિ અને એનાં દુઃખથી ડરી ધર્મ કરવો એમાં વિવેક છે કાયરતા નહિ.**

વિવેક આ- પરલોકમાં આ પાપનાં દુર્ગતિમાં કારમા દુઃખ આવે અને વળી એના લીધે કશી ધર્મની સૂઝ-બુઝ ન રહે, એના કરતાં અહીં પાપત્યાગ અને તપ-સંયમ ધર્મની સાધનાનાં થોડાં કષ્ટ વેઠી લેવા સારાં, ને વળી એમાં અહીં ય ધર્મની સારી સૂઝ બુઝ-શુધ બુધ રહે, અને એથી પરલોકમાં પણ ધર્મની સૂઝ બુઝ મળે. બોલો, પાપ છોડ્યાં, ને ધર્મ કર્યો એ ભલે પરલોકના દુઃખ અને ધર્મવિહોણી દુર્ગતિથી ડરીને કર્યો, છતાં એમાં અહીં અને પરલોકમાં ધર્મની સૂઝબુઝ રહે એ દ્રષ્ટિ શું કાયરતાની છે ? કે વિવેકની ?

'દુઃખથી ડરીને ધર્મ કરવો એમાં કાયરતા છે' એવું કહેનારા અને તાત્ત્વિક સમજનો ઠેકો રાખનારાના હાલ જોવા જેવા છે. એમને જરાક તાવ, શિર દર્દ, પેટ કે

છાતીનું શૂળ કે એવું કાંક દુઃખ ઊભું થાય છે ત્યારે અંતરમાં કેટલી હોય વોય અને એ દર્દને નિવારવાના કેવા ચાંપતા ઇલાજ કરે છે ! એ જોવા જેવું છે. કેમ ભાઇ ! દુઃખનો ડર નથી, તાત્વિક સમજ છે, તો આટલા ધમપછાડા શા માટે ? જો આટલા અલ્પ દુઃખમાં હાય વોય વગેરે છે, તો જો નરકાદિમાં કારમા દુઃખ આવે તો કેટલી પોક મૂકશો ?

**અહીં જરાક દુઃખમાં સમાધિની અને દુઃખની બેપરવાહીના ફાંફા, તો પરલોકનાં ભયંકર સીતમ દુઃખોમાં એની બેપરવાહી અને સમાધિ ક્યાંથી લાવવાના ?**

જો એ નહિ, તો ધર્મની શા સુઝબુઝ રાખી શકવાના ?

સારાંશ, 'ધર્મ દુઃખના ડરથી કરવામાં કાયરતા છે,' એવું કથન સમજ વિનાનું છે, માલ વિનાનું છે, અજ્ઞાનતાનું કથન છે. પરલોકમાં કારમાં દુઃખ ન હોય તો ચિત્તની સમાધિથી ધર્મની સારી સૂઝબુઝ રહે ને ધર્મસાધના થાય, એ દ્રષ્ટિમાં વિવેક છે, કાયરતા નથી. બીજી વાત.

**તાત્વિક સમજથી ધર્મ ક્યારે ?**

પ્ર૦-ધર્મ દુઃખથી ડરીને કરતા રહેવામાં તાત્ત્વિક સમજથી કરવાનું શી રીતે આવે ?

ઉ૦-ધર્મ અને પાપત્યાગ દુઃખથી ડરીને કરે છે, એને જો ત્યાં અને પરલોકમાં ધર્મની સૂઝબુઝ રહે એ સોનાનું માને છે, ને અંતે એનો આનંદ છે, તો એ ધર્મતત્ત્વ સમજવા પ્રયત્ન કરશે, સદ્ગુરુ પાસે નિરંતર ધર્મનું શ્રવણ કરશે, એના પર ચિંતન-મનન કરશે, ને એથી એને ધર્મતત્ત્વ સમજાવા માંડશે.

**ધર્મતત્ત્વમાં શું શું સમજવાનું ?**

(૧) આત્માનું સ્વરૂપ, (૨) સંસારનું ને મોક્ષનું સ્વરૂપ, (૩) આત્માના સ્વભાવભૂત ગુણોને આવરનારા શુભાશુભ કર્મનું સ્વરૂપ, (૪) કર્મના બંધ-ઉદય સંક્રમણ વગેરેનું સ્વરૂપ, (૫) કર્મને બંધાવનારા આશ્રવોનું સ્વરૂપ, (૬) કર્મને રોકનારા સંવરનું સ્વરૂપ, ને (૭) કર્મનો નિકાલ કરનાર નિર્જરાનું સ્વરૂપ આવે. એ બધું એને સમજાવા માંડશે. પછી એ તાત્વિક સમજથી ધર્મ કરતો કેમ નહિ થાય ? પરંતુ

**ધર્મની તાત્વિક સમજ ગળે ઊતરવા માટે પહેલાં ધર્મનાં કષ્ટનો અભ્યાસ જોઇએ.**





અષ્ટાપદ પર રહેલા ૧૫૦૩ તાપસોને કૈલાસનાથ પરમાત્માનાં દર્શનની અભિલાષા હતી. એ માટે ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજીનાં ચરણ પકડ્યાં, ને ચારિત્ર લીધું. પણ પછી ગૌતમ મહારાજે પરમાત્મ સ્વરૂપ સમજાવ્યું, એ કેવું છે ? એ શી રીતે પ્રાપ્ત થાય ? ચારિત્રમાં એ માટે શું શું કરવું પડે ? ને એમાં કેવી કેવી ઉત્ક્રાન્તિ થતાં વીતરાગ-પરમાત્મભાવ સુધી પહોંચાય ?' વગેરે વગેરે સમજાવ્યું, તો એના પર ચિંતન-મનન કરતાં હવે ધર્મ દુઃખના ડરથી નહિ, પણ તાત્વિક સમજથી આત્મામાં ઓતપ્રોત કરતા ચાલ્યા. તે અંતે એ કેવળજ્ઞાન પામી વીતરાગ સર્વજ્ઞ બન્યા ને ? ધર્મ શું તાત્વિક સમજથી કર્યા વિના વીતરાગ પરમાત્મા થવાય ? કહેશો,

પ્ર૦-એટલા બધા ટૂંકા સમયમાં તાત્ત્વિક સમજ શી રીતે આવી ?

ઉ૦-પૂર્વે જે તાપસપણું પાળતા હતા, નિરાશંસભાવે માત્ર

**કૈલાસનાથને ભેટવાની જ ઇચ્છાથી કઠોર તપ-આસન વગેરે કષ્ટ સહર્ષ સહતાં હતાં, એમાં પરમાત્મ-ભાવની તાત્વિક સમજની ભૂમિકા બંધાતી હતી.**

ભૂમિકા બંધાયા પછી તો સહેજ પ્રકાશ મળે એટલે મહાવિકાસ કરી લેતાં વાર ન લાગે. આગની એક જ ચિનગારી મોટી ઘાસની ગંજીમાં મહાનલ પ્રગટાવી દે છે ને ? કારણ ? સૂકા ઘાસમાં આગની ભૂમિકા યાને આગની યોગ્યતા બંધાઇ ચૂકેલી છે, તેથી આગની એક ચિનગારી બસ છે, મહાનલ પ્રગટાવી દે.

**નિરાશંસભાવે વધાવતા ધર્મનાં કષ્ટનું આ મહત્વ છે કે એ આત્મામાં મહા વિકાસની ભૂમિકા સરજી દે.**

તમે દુનિયાનાં-સંસારનાં કષ્ટ ઉઠાવવા તૈયાર ! પણ ધર્મનાં કષ્ટથી પાછા પડો છે ને ? આ મહાલાભ નથી વિચારતા, કે ભલે દુર્ગતિ પતનનો ભયથી, પણ ધર્મનાં કષ્ટ સહવાનો અભ્યાસ રખાય,-જે કષ્ટ દુર્ગતિનાં ત્રાસની સામે અતિ અલ્પ છે.-એ કષ્ટ સહનનો અભ્યાસ ધર્મની તાત્ત્વિક સમજ હૈયે સ્પર્શી જવાની ભૂમિકા ઊભી કરે છે.

આજે નિશ્ચયનય, તાત્વિક સમજ, વગેરેના બણગા ફુંકાય છે, એ ફુંકનારાને આ ક્યાં સમજવું છે કે ધર્મનાં એટલે કે ત્યાગ-તપ-સેવા ભક્તિ સંયમ વગેરેનાં કષ્ટ સહ્યા વિના, ને એનો અભ્યાસ પડ્યા વિના તાત્વિક સમજ ક્યાં રેઢી પડી છે એ એ અંતરાત્માને સ્પર્શી જાય ?

**બુદ્ધિથી સમજી લેવું જુદું, ને હૈયે સ્પર્શી જવું જુદું.**

**ધર્મકષ્ટ સહ્યા વિના તત્ત્વસમજની આંતર સ્પર્શના મોંઘી.**

થોડામાં મહાવિકાસની આ ભૂમિકા છે એ લક્ષમાં નથી એટલે ધર્મકષ્ટથી પાછા પડવાનું થાય છે. માટે ધર્મનાં કષ્ટ બહુ ઉપાડો એટલે મહાવિકાસની ભૂમિકા સર થતી આવે.

**ભૂમિકા સરજ્યા વિના મહાવિકાસ નહિ થાય.**

પેલા ઇન્દુષેણ-બિન્દુષેણે ચારિત્ર લઇને તપ-સંયમનાં કઠોર કષ્ટ ઉપાડ્યાં. હવે એની આગળ બાંધેલા કર્મ શી વિસાતમાં ? '**કર્મ ખપાવે ચિકણાં, ભાવ મંગળ તપ જાણ,' તપ ચિકણાં કર્મનો પણ ક્ષય કરી દે છે,** માટે તો તપ એ ભાવ મંગળ છે, દુનિયાનાં મંગળ એ દ્રવ્ય મંગળ, એ વિઘ્નભૂત કર્મ હટાવે, ન ય હટાવે. આ ભાવમંગળ સ્વરૂપ તપ કર્મોનો નાશ અવશ્ય કરે. ત્યારે તો ભગવાને કહ્યું

**'एवं खलु भो गोयमा ! कडाणं कम्माणं नत्थि मोक्खो अ-वेयइत्ता, तवसा वा अ झोसइत्ता ।'**

**હે ગૌતમ ! બાંધી મૂકેલાં કર્મોનો કાં ભોગવીને કે કાં તો તપથી છૂટકારો થાય, આ બે વિના છૂટકારો નહિ.**

આ તપમાં ઉપવાસ વગેરે તપસ્યા આવે, રસત્યાગ આવે, વૃત્તિઓ પર અંકુશ આવે, કાયકષ્ટ આવે, મન-વચન-કાયા-ઇન્દ્રિયો અને કષાયોના સંગોપન નિગ્રહ આવે. તેમ, આલોચના-પ્રાયશ્ચિત્ત વિનય-વૈયાવચ્ચ અને શાસ્ત્રસ્વાધ્યાય, ધર્મધ્યાનાદિ ને કાયોત્સર્ગ આવે.

પેલા ઇન્દુષેણ બિન્દુષેણને વિદ્યાધરે બુઝવેલા, તે હવે સાધુપણે બંને જણ તપમાં લાગી પડ્યા, અને સમસ્ત કર્મોનો ક્ષય કરી મોક્ષ પામ્યા.

**પુત્ર-પિતા વચ્ચે અંતર -**

ખૂબી જુઓ, આ બંનેના પિતા આમના વેશ્યા પરની આસક્તિના પાપનું અને પરસ્પર ઝગડવાના પાપનું દુઃખ કરનાર હતા ને પિતા આપઘાતથી મરીને યુગલિક મનુષ્ય તરીકે જન્મે છે, ત્યારે આ પાપ કરનાર ખુદ ઇન્દુષેણ-બિન્દુષેણ પોતે કર્મક્ષય કરી મોક્ષે જાય છે ! દીકરા પાપી છે, ને પિતા પાપના ખેદ પાપની ઘૃણાવાળા છે.

❀ ❀ ❀ ❀ ❀ ❀





**પાપી તરે ? કે પાપની ઘૃણાવાળો તરે ? કહો, જાતના પાપની ઘૃણા કરી, એ પાપ તોડવાના પુરુષાર્થવાળો હોય એ તરે.**

પિતા રાજા શ્રીષેણ શાન્તિનાથ ભગવાનનો જીવ છે. એમને દીકરાનું આ વેશ્યાસક્તિ અને કલહનું પાપ ગમ્યું નહિ એ વાત સાચી, 'દીકરા ભલે બિચારા વેશ્યાનો આનંદ ભોગવે' એવા પુત્રમોહમાં ન પડ્યા, અને પાપની ઘૃણા રાખી એ વાત સાચી. પરંતુ એમાં માત્ર સામાના એક-બે પાપનો વિચાર હતો, કિન્તુ પોતાનાં ૧૮ પાપસ્થાનકનો, પોતાના જન્મ-જન્માન્તરનાં પાપોનો વિચાર નહોતો કે 'હું દીકરાનાં આ પાપને રોઉં છું, પણ મારા પાપભરેલા આત્માનું શું ?' આવો સ્વાત્માનો સ્વપાપોનો વિચાર નહોતો.

**શું વિચારવું જરૂરી-બિનજરૂરી ? !-**

એમને તો 'આ છોકરા આવું પાપ કરે છે ! તે ય મારા પુત્રો થઇને ? મારાથી આ જોતા બેસાય નહિ. આ જોતાં જીવતા રહેવું એના કરતાં મરવું સારું, માટે મરું' આટલો વિચાર આવ્યો, પણ 'છોકરા પાપી ત્યારે મારો આત્મા ય ક્યાં સર્વથા પાપમુક્ત છે ? છોકરાને પાપમુક્ત કરવામાં મારું ચલણ નથી, પરંતુ મારા આત્માને પાપમુક્ત કરવાનું મારા હાથમાં છે. અગર જો પાપની ઘૃણા છે, તો બીજાનાં પાપ કરતાં મારા પાપ પ્રત્યે વધુ ઘૃણા જોઇએ, તેમજ બીજાને પાપમુક્ત કરવાનું પછી, પણ જાતને પાપમુક્ત કરવાનો ભગીરથ પુરુષાર્થ જોઇએ. માટે લાવ, આ પુરુષાર્થ કરું.

**બીજાઓ પાપ કરે છે એ નથી ગમતું, તો મારાં પાપ મને ન ગમે, માટે જાતે પાપોનો ત્યાગ કરું.**

આવો વિચાર ન આવ્યો. નહિતર એ પુત્રોનાં પાપ પર જાતની હત્યા કરવાને બદલે જાતનાં પાપથી ઉભગી જઇ જાતના પાપોનો ભુક્કો કરવાના પુરુષાર્થરૂપે અહિંસા-સંયમ-તપમય ચારિત્ર જીવનમાં લાગી પડત.

શ્રીષેણ રાજાએ એ પુરુષાર્થ ન કર્યો તેથી સંસારમાં અટકી પડ્યા, ભલે પુત્રનાં પાપની ઘૃણા કરીને આત્મહત્યાનું મહાકષ્ટ ઉપાડ્યું છતાં ભવની કેદ ઊભી રહી, ત્યારે એજ પાપી પુત્રો ઇન્દુષેણ-બિન્દુષેણે મોકો મળ્યે જાતના પાપની ઘૃણા કરીને એ તોડવા માટે અહિંસા-સંયમ-તપના ભારે કષ્ટ ઉપાડવા ભગીરથ પુરુષાર્થ કર્યો, તો ભવની કેદથી મુક્ત થયા. સંસાર તરી ગયા.

આ સૂચવે છે કે

**તરવું હોય તો જાતનાં પાપની ભારોભાર ઘૃણા કરી હતાશ ન થતાં એ પાપ તોડનારા તપ-સંયમ ધર્મનો જ પુરુષાર્થ કરો.**

**વાલીની રાવણનાં પાપ પર જાતનાં પાપની ઘૃણાની ભવ્ય વિચારણા-**

રાવણ ખોટું અભિમાન અને લડાઇનું પાપ કરી રહ્યો હતો એની સામે વાલિરાજાએ એનો મદ ઉતાર્યો, એને જીતીને એને નરમઘેંસ બનાવી તો દીધો, એ અભિમાન અને યુદ્ધના પાપથી એને વાલિએ મુક્ત તો કર્યો, પરંતુ એટલા માત્રમાં અટકી ન પડ્યા, કિન્તુ એનાં દ્રષ્ટાન્તથી જાતનો વિચાર કરતા થયા. 'હું રાવણનાં પાપને રોઉં છું કે એ પુણ્યોદયના ખોટા ભરોસે રહી અહંકારાદિનાં પાપમાં ફસાઇ માર ખાઇ રહ્યો છે, પણ હું ય ક્યાં બચેલો છું ? હું પણ અખૂટ બળ, બુદ્ધિ, રાજ્યપાટ અને આયુષ્યના પુણ્યોદયના ખોટા ભરોસે રહી 'હું બળવાન, હું સમૃદ્ધ', વગેરે અહંકારમાં તણાઇ પ્રતિયુદ્ધ અને આરંભ સમારંભ, પરિગ્રહ તથા વિષયવિલાસોના ઘોર પાપમાં સબડી રહ્યો છું, મરી રહ્યો છું. આમ પુણ્યોદયના ખોટા ભરોસે રહેવામાં એકાએક એ પૂરો થઇ જતાં, આયુષ્ય સમાપ્ત અને એની સાથે જ બળ-બુદ્ધિ રાજ્યપાટ વગેરે બધું જ ઉડી જશે, ને આરંભાદિનાં પાપો માથે રહી જશે ! એથી ભવની કેદ અને દુર્ગતિભ્રમણ સલામત બની જશે !

જ્યારે, હજી જ્યાં સુધી આ માનવઆયુષ્ય મારા હાથમાં છે ત્યાં સુધી આ પાપોની ઘેરિ લીલા બંધ કરી દેવાની, સર્વથા પાપમુક્ત થવાની અને જનમ-જનમનાં પાપ તોડનારી અહિંસા-સંયમ-તપની પ્રખર સાધના કરવાની સોનેરી તક હાથમાં છે. તો શા સારુ પુણ્યોદયના ફળના ગોઝારા સંગમાં ફસ્યો રહું ? ને આ સાધનાની સોનેરી તક શા સારુ ગુમાવું ?'

બસ, વાલિરાજાએ ત્યાં જ રાવણ પર પોતાની જિત વખતે જ સર્વ પાપોના ત્યાગરૂપ ચારિત્રને સ્વીકારી લીધું ! અને સર્વ પાપોના નાશને કરનારા તપ-સંયમમાં ઉત્કટ પુરુષાર્થ આદરી દીધો. તે એવો કે માસખમણો સુધીના તપ તથા લગભગ નિરંતર કાયોત્સર્ગધ્યાન તેમજ ભારે પરીસહ-સહન આદરી ઠેઠ કેવળજ્ઞાન અને મોક્ષ સુધી પહોંચી ગયા. શું આ ?

**તરવાનું જીવનસૂત્ર -**





'તરવું હોય તો બીજાનાં પાપની ઘૃણાથી વિશેષરૂપે જાતનાં પાપની ઘૃણા કરો, અને બીજાને પાપથી મુક્ત કરવાના પુરુષાર્થથી વિશેષ પુરુષાર્થ જાતને પાપ મુક્ત કરવાનો કરો' આ જીવનસૂત્ર જોઇએ. એ સૂત્ર પર વાલિ રાજા તરી ગયા.

**ચંદનબાળામાં આ સૂત્ર ક્યારે લાગ્યું ?**

ચંદનબાળા મહાસાધ્વીજીએ મૃગાવતી સાધ્વીજીએ મુકામમાં મોડા આવવાનું પાપ કર્યું, એની ઘૃણા રાખીને મૃગાવતીને એ પાપથી બચાવવા ઠપકો શિખામણ આપી. હજી પોતે જાતના સમસ્ત પાપોની ઘૃણા અને એ પાપો તોડનારા ભગીરથ પુરુષાર્થમાં નથી, તો એ એમ જ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકની પાયરી પર ઊભા છે, ત્યારે મૃગાવતી ગુરુણીના ઠપકા પર જાતના પાપની અતિ તીવ્ર ઘૃણા કરનાર બન્યા, અને સર્વ પાપનાશક ધર્મધ્યાન-શુકલધ્યાનના ભગીરથ પુરુષાર્થમાં લાગી પડ્યા, તો ઠપકો દેનાર ગુરુણીને સૂતા રાખીને ઠપકો ખાનાર પોતે ૮-૯-૧૦-૧૨ મા ગુણસ્થાનકની પાયરીએ ચડી સમસ્ત ઘાતી કર્મોનો નાશ કરનારા અને ૧૩મે ગુણસ્થાનકે ચડી કેવળજ્ઞાન પામનારા બની ગયા ! જાતના પાપોની ઘૃણા અને પાપત્યાગના પ્રખર પુરુષાર્થનું કેટલું ઉંચું ફળ ? ગુરુણી કરતાં શિષ્યા વધી ગઇ !

પછી તો ચંદનબાળા પણ એમને કેવળજ્ઞાની બની ગયેલા જાણી જાતના પાપની તીવ્ર ઘૃણા અને પાપનાશક શુભ ધ્યાનના ભગીરથ પુરુષાર્થમાં ચડી, ત્યાં જ એ પણ કેવળજ્ઞાન પામ્યા. વાત આ છે,-

તરવું છે ? તો જાતના પાપની ઘૃણા કરો, ને પાપત્યાગના ભગીરથ પુરુષાર્થ કરો.

**ખંધક મુનિ કેમ તર્યા ? -**

ખંધક મુનિની વગર ગુને ચામડી ઉતરાવનાર રાજા કેવો પાપી ? ઘોર પાપી ને ? મહાત્માને એનાં પાપ પર ઘૃણા અને એના પર ભરપૂર ભાવદયા ન આવે ? આવે તો ખરી, પરંતુ ખંધકમુનિ એના પર જરાય વજન ન દેતાં, પોતાના પાપોની દુષ્કૃતોની નિદા પાપઘૃણા અને સમત્વયોગના તીવ્ર જાત-પુરુષાર્થમાં ચડ્યા, તો જ ત્યાં કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા.

પછી તો અલબત મહાપાપી પણ રાજા જો જાતના પાપની ઘૃણા અને પાપ તોડનારા જબરદસ્ત સંયમ તપના પુરુષાર્થ આદરનાર બન્યો, તો એ પણ સર્વ કર્મક્ષય કરી એ જ ભવે મોક્ષ પામ્યો.

ત્યારે શ્રીષેણ રાજા આ કરી શક્યો નહિ, એથી કેવળજ્ઞાન નહિ પણ સર્વ પાપત્યાગરૂપ ચારિત્ર પણ ન પામ્યા. નહિતર તો જો એણે પુત્રોનાં પાપની ઘૃણા કરી પછી એ વિચાર્યું હોત કે 'આ સંસાર જ વિચિત્ર છે, ગોઝારો છે, કે જ્યાં સારા કુળમાં જન્મેલા પણ છોકરાઓ આવું અજુગતું કામ કરે છે ! તો પછી મારે સંસારવાસમાં પડી રહેવાનું શું કામ છે ? ઉઠ ઉઠ જીવ, ઉઠ સંસારથી નીકળી જઇ સર્વ પાપત્યાગરૂપ ચારિત્ર પંથે ચાલવા દે' જો આવું વિચાર્યું હોત તો તો આપઘાત ન કરતાં ચારિત્રમાર્ગે નીકળી પડત. તો કેમ એમ ન વિચાર્યું ?

**મુંઝવણમાં હિતકર વિચારણા મોંઘી છે, પરંતુ જરા ઠરીને એ હિતકર માર્ગ જ શોધી કાઢવાનું વિચારવા જેવું છે.**

રાવણના પૂર્વજોને લંકામાંથી હાંકી કઢાયેલા અને વૈશ્રવણને લંકાની ગાદી પર બેસાડાયેલો પછી રાવણે મોટો થતાં લંકા પર ચડાઇ કરી, અને યુદ્ધમાં વૈશ્રવણ હાર્યો. ત્યાં વૈશ્રવણને વિચાર આવ્યો કે ''હવે શું મોઢું લઇને દુનિયામાં ફરું ? લોક આંગળી જ કરે કે જુઓ, જુઓ આ રાવણને કહેતો હતો 'જાઓ જાઓ નાદાનો ! ઘર ભેગા થાઓ, નહિતર યુદ્ધમાં મરશો ?' લ્યો, આ તો નાદાનોથી જ હાર્યો. લે બતાવ ને હવે બળ ?' આવું મશ્કરીનું સાંભળવું પડે, અપમાન સહવાં પડે. આ જોવા જીવતા રહેવું, એના કરતા મરી જવું સારું ! બસ, આપઘાત કરું એમ મુંઝવણ થઇ. એમાં આત્મહત્યાનો વિચાર આવ્યો ખરો, પરંતુ તરત જ પોતે હિતકર વિચારણા શરૂ કરી, કે

**આપઘાતથી મરવામાં કેટલું ગુમાવવાનું ?**

**આટલા અપમાન ખાતર મરી જવામાં તો જીવતા રહીને સુલભ એવા બીજા મહાન લાભો ગુમાવવાનું થાય !**

જેવા કે સર્વ પાપત્યાગ ચારિત્ર ગ્રહણ અહિંસા સંયમ-તપ સ્વરૂપ ઉત્કૃષ્ટ ધર્મમંગળની સાધના, નવકારસ્મરણ અરિહંતધ્યાન, પ્રબલ કર્મક્ષય, કુસંસ્કારક્ષય, વગેરે વગેરે ગુમાવવાનું થાય. એમ જ મરી ગયા તો અપમાન જોવું મટ્યું, એટલો જ લાભ, પરંતુ એના બદલે જો જીવતા રહ્યા તો સર્વપાપત્યાગ વગેરે મહાન લાભ ! અને અપમાન ન જોવું પડે એ શું કોઇ મોટો લાભ નથી. જ્યારે સર્વપાપત્યાગપૂર્વક અહિંસા-સંયમ-તપની સાધના મળે એ જબરદસ્ત આત્મહિતકર લાભ છે. માટે આ જ કરું.'

આમ વૈશ્રવણે મુંઝવણમાં સહેજ કરીને વિચાર્યું તો આત્મહિતકર માર્ગ





શોધી કાઢ્યો, ને ત્યાં યુદ્ધભૂમિ પર સંસારત્યાગ કરી ચારિત્ર લઇ લીધું.

**શ્રીપાલના કાકાએ શું કર્યું ? -**

શ્રીપાલકુમારના રાજ્યને બથાવી પાડનાર કાકા અજિતસેનને શું થયેલું ? આવું જ, શ્રીપાળકુમાર બહાર મોટા થઇને લહાવલશ્કર લઇને આવી કાકાને કહેવરાવે છે -

'કાકાજી ! અત્યાર સુધી તમે મારા રાજ્યને સંભાળ્યું એ તમારો મોટો ઉપકાર માનું છું. હવે હું મોટો થયો છું તેથી રાજ્ય સંભાળી શકીશ. તેથી તમને હવે એ રાજ્ય સંભાળવાનું કષ્ટ શા માટે આપું ? એટલે હવે રાજ્ય મને સોંપી દો, અને તમે નિવૃત્તિનો આનંદ ભોગવો.'

આમાં જુઓ શ્રીપાળકુમારે અભિમાન નથી બતાવ્યું, તેમજ કાકાને રાજ્ય બથાવી પાડનારા તરીકે ખોટા નથી ચિતર્યા. ઊલટું નમ્રતા દાખવી ઉપકાર માન્યો છે. છતાં કાકો અભિમાનમાં છે, તે શ્રીપાળને વળતા જવાબમાં કહેવરાવે છે,-

'જા રે જા નાદાન ! રાજ્ય તારું શાનું ? રાજ્ય તો પુણ્ય અને પરાક્રમથી મળે છે. તારું પુણ્ય કેટલું અને પરાક્રમ કેટલું, તે અહીં રાજ્ય લેવા આવ્યો છે ? તું તો બચ્ચું છે, કચડાઇ મરશે ! છતાં રાજ્ય જોઇતુ હોય તો યુદ્ધમાં મળશે. પરંતુ એમ કરવા જતાં અલ્પપુણિયો તું યુદ્ધમાં વહેલો મરે એના કરતાં અહીંથી ચાલતો થઇ જા, ને સુખે જીવ.'

આ કેવાં અભિમાનનાં વચન છે ? પણ શ્રીપાળ કુમારે યુદ્ધ આપ્યું ને કાકા હાર્યા-ત્યાં એમને ભારે નાલેશી લાગી, 'હવે જગતને મોઢું શું બતાવું !' એમ મનને થયું તો ખરું, પરંતુ પછી તરત જ

**માનવ જનમની મહાન તકો આપઘાતમાં સદંતર બરબાદ થઇ જતી જોઇ.**

તેથી આત્મહત્યા ન કરતાં યુદ્ધભૂમિ પર જ ચારિત્ર સ્વીકારી લઇ કાયોત્સર્ગધ્યાને ઊભા રહી ગયા, મુંઝવણમાં આત્મહિતકર માર્ગ તરફ દ્રષ્ટિ નાખી, ને તરત જ એ માર્ગ આદરી વધાવી લઇ મુંઝવણનો ઉકેલ કાઢી લીધો. સાધુવેશે કાઉસ્સગ્ગધ્યાને ખડા રહી ગયા.

અહીં શ્રીપાળકુમારને કાકાના અંતરની ખબર નથી એટલે સમજે છે કે એ રીસમાં આમ કરે છે, તેથી ક્ષમા માગીને કાકાને કહે છે, આમ ન કરો, જાઓ સુખેથી આ રાજ્ય ભોગવો. હું તો બીજે ગમે ત્યાં રાજ્ય કરી લઇશ.

પરંતુ સાચેસાચ વૈરાગી થયેલ અને માનવજનમની ઉચ્ચ તકો સાધી લેવાના નિર્ધારવાળા બનેલ અજિતસેન શાના હવે સ્વીકારેલા ચારિત્રથી પાછા હટે ? એ તો ધર્મધ્યાન ધ્યાવતાં સ્થિર ઊભા જ રહી ગયા. એ જોઇ શ્રીપાલકુમારે હવે એમની ગુણસ્તુતિ કરી કે અહો ! આપ કેવા ખરા પરાક્રમી કે મોહ-મૂઢતાને ફગાવી દીધી ! ત્યારે અમે હજી મોહ-મૂઢતામાં ફસેલા છીએ. ધન્ય છે આપના ઉચ્ચ આત્માને ! મારા અવિનય-અપરાધની ક્ષમા માગું છું.

**આત્મહિતકરમાર્ગ તરફ દ્રષ્ટિથી કુપુત્રો ચડી ગયા. પિતા એ દ્રષ્ટિ વિના અટકી ગયા.**

વાત આ છે, મુંઝવણમાં આત્મ હિતકરમાર્ગ તરફ દ્રષ્ટિ નાખવી જોઇએ. એ દ્રષ્ટિ નાખ્યા વિના સાહસ કરી નાખે તો મરે અને સાધનાની તકો ગુમાવે. રાજા શ્રીષેણે સાહસ કરી નાખ્યું તો આપઘાતમાં મરી યુગલિક તરીકે જન્મ્યા, અને સંસારમાં અટકી પડ્યા ! ત્યારે એમના ગુનેગાર વેશ્યાલુબ્ધ બે પુત્રો ઇન્દુષેણ-બિન્દુષેણ આત્મહિતકરમાર્ગ તરફ દ્રષ્ટિ નાખી, સોનેરી તકો ઓળખી, ને ચારિત્રપંથે પ્રયાણ કર્યું, તો સાધનાઓ કરી મોક્ષે ગયા !

અહીં શાન્તિનાથ ભગવાનનો પહેલો ભવ શ્રીષેણ રાજા તરીકેનો, એ ભવના પ્રસંગોના રહસ્યોનો વિચાર પૂરો થાય છે. એમાં આ માનવજનમ જો ઉંચો, તો એને યોગ્ય ઉંચા કાર્ય કેવા કેવા હોય એની ય વિચારણા આવી. હવે આગળના ભવનાં રહસ્યો વિચારીશું.

***-: પ્રથમ ભવ સમાપ્ત :-***

## શાન્તિનાથભગવાન ૪થા ભવે રાજા અમિતતેજ

**આપણે એ વિચારી રહ્યા છીએ કે,-**

**માનવભવ જેવો ઊંચો, એવો એનો ઉદ્દેશ ઊંચો અને કાર્યવાહી ઊંચી જોઇએ.**

આ વસ્તુ શાન્તિનાથ ભગવાનના ૧૨ ભવના **ચરિત્રમાંથી સારી સમજવા** મળે છે તેથી એ ચરિત્રના આધારે એને વિચારીએ છીએ. એમાં ૧લો ભવ રાજા શ્રીષેણનો જોયો. એ મરીને **યુગલિક મનુષ્ય** તરીકે થયા **એ ૨જો ભવ,** અને ત્યાંથી મરીને **દેવ તરીકે** જન્મ્યા એ ૩જો ભવ, હવે એ દેવલોકમાંથી આવીને **૪થા ભવે** વિદ્યાધર રાજા **અમિતતેજ** થાય છે એનો એનાં રહસ્ય સાથે વિચારવાનો છે. એમાં આ જોતા રહેવાનું છે કે ભવ ઊંચો તો ઉદ્દેશ અને કાર્યવાહી ઊંચી જોઇએ.





**માનવભવ કેમ ઉંચો ? -**

એમાં કીડા-મંકોડા પશુ-પંખી વગેરે જીવોના અવતાર કરતાં મનુષ્યનો અવતાર ઊંચો ! કેમ ? વિશિષ્ટ શરીર, વિશિષ્ટ બુદ્ધિશક્તિ , વિશિષ્ટ ભાષા વ્યવહાર, વગેરેને લીધે. તો એવા ઊંચા ભવમાં ઊંચો ઉદ્દેશ અને ઊંચી કાર્યવાહી જોઇએ ને ? પહેલા નંબરમાં માણસ પાસે બુદ્ધિશક્તિ ઊંચી, તો એ ઉંચી બુદ્ધિ આ વિચાર કરાવે કે નહિ ? કે 'હું ઊંચી બુદ્ધિ શક્તિથી આ કેટલું જોઉં છું કે આ જનમમાંથી સાધી જવાનો ઉંચો ઉદ્દેશ કેટલો ખ્યાલમાં લઉં છું ? ક્યારે એનો ખ્યાલ કરું છું ?

જનમનો ઉદ્દેશ એટલે જનમ પસાર કરતાં જે કાંઇ મન-વચન-કાયાની પ્રવૃત્તિ ચાલે, અર્થાત્ જે કાંઇ કરાય-બોલાય-વિચારાય, એ બધું શાને ઉદ્દેશીને ? શું સિદ્ધ કરવા માટે ?

**જનમના ઉદ્દેશનો ખ્યાલ જ ન હોય તો વિચારકતા નથી, મૂઢતા છે, ને અધમ ખરાબ ઉદ્દેશ રાખ્યો હોય તો અધઃપતન છે.**

ઉદ્દેશનો ખ્યાલ તો રહેવો જોઇએ કે 'આ કાંઇ પણ શા માટે કરું છું ? કોઇ ઊંચા ઉદ્દેશ માટે ને ?' માણસ ઘરેથી બહાર નીકળે તો ખ્યાલ હાય છે કે 'મારે બજારે જવું છે કે અમુક સ્નેહીને મળવા જવું છે' એ ઉદ્દેશ ખ્યાલમાં છે તેથી પગલાં એ તરફ મંડાય છે. એમ ઊંચા માનવ જનમનો ઊંચો ઉદ્દેશ ખ્યાલમાં નહિ ? કેટલાય માણસ સારું સારું ખાવા-પીવા-મોજ કરવાનો ઉદ્દેશ સમજે છે. એ તો જનાવર જેવો અધમ ઉદ્દેશ છે. ઊંચો ઉદ્દેશ હોય તો પ્રયત્ન-પ્રવૃત્તિ એ સિદ્ધ કરવા તરફની થાય. જોવાય કે એ ઉદ્દેશ સિદ્ધ થતો આવે છે ને ? ઉદ્દેશ સિદ્ધ ન થતો આવતો હોય તો સારી પણ ધાર્મિક પ્રવૃત્તિ શા કામની ? એ એળે ગઇ. ધાર્મિક કશું કરીએ કરીએ ને ઉંચા ઉદ્દેશ તરફ પગલાં ન મંડાય તો એ કર્યું ફોગટ ગયું !

દાન દીધું, શા માટે ? સામે તે તે પાત્રની તેવી તેવી કદર કરવા અને ધનની મૂર્ચ્છા ઉતારવાના હેતુએ, આ એનો ઉદ્દેશ કહેવાય, એ લક્ષમાં જોઇએ.

મુનિ મહાત્માને વહોરાવ્યું, ક્યા ઉદ્દેશથી ? એ જોવાનું. મુનિમહારાજ પર ભક્તિ ભાવ વધે, એ આપણા કરતાં ઉંચું જીવન જીવનારા તરીકે અને આપણા કરતાં ઉંચા તરીકે એમના પર બહુમાનભાવ વધે, એ ઉદ્દેશથી વહોરાવાય. એનો જો ખ્યાલ હોય તો આપણા દિલમાં એ જોવાય કે મુનિ મહારાજ પ્રત્યે ભક્તિ ભાવ એમના પર અને સંયમજીવન પર બહુમાનભાવ વધે છે ને ? આપણો માલ ગુમાવીએ ને પામીએ કશું નહિ ? અગર થોડું પુણ્ય પામીએ એટલે બસ !

**પુણ્ય તો ભોગવાઇને પતી જશે, પણ સાધુ પ્રત્યે ભક્તિ -બહુમાનભાવ વધારાયેલો આગળ ચાલશે, ને ઉંચા કાર્ય કરાવતો રહેશે.**

ઉદ્દેશશુદ્ધિ યાને લક્ષ્યશુદ્ધિ આ મહાન લાભ આપે છે. ખાલી પુણ્યનો ઉદ્દેશ આ નહિ કરી આપે. એ તો થોડી માટીની માયા પકડાવી દેશે, પણ એ વખતે સાધુભક્તિ -બહુમાન નહિ સ્ફુરે, કેમકે ઉદ્દેશ તરીકે મનમાં એનો ખ્યાલ મળેલો ન હતો એ નહિ એટલે પૂણ્યના મળેલા માલ પર રંગરાગ અભિમાન પાપાચરણ વગેરે મહાલ્યા કરશે.

**મજૂરણના છોકરાને ઉંચો ઉદ્દેશ -**

ત્યારે જો દાનથી સાધુભક્તિ -બહુમાન વધારવાનો ઉદ્દેશ સિદ્ધ થતો હશે તો આગળ એનાં મહાન ઉંચા પરિણામ આવશે. શાલિભદ્રનો જીવ પૂર્વભવે મજૂ-રણનો છોકરો. એણે એ રીતે દાન કરેલું, તો સાધુભક્તિ ગુરુભક્તિ કેવી વધી ગઇ ? દાન દેવાની, મજૂરણના છોકરાને જે રાતે મરવા પડ્યો છે, એવા અવસરે પણ હાય, વોય' નથી કે વહાલસોયી માતાનું સ્મરણ નથી, કિન્તુ 'અહો ! અહો ! કેવા ઉપકારી ગુરુ મળી ગયા ! કેવો સરસ ત્યાગ થઇ ગયો ! એ ભાવમાં રમે છે, જે સુંદર મનુષ્યભવની સદ્ગતિ અપાવે છે ! ને એ મનુષ્યભવે ત્યાગના સુસંસ્કારે દેવતાઇ ૯૯ પેટીનો માલ બીજે દિવસે એંઠવાડિયા કૂવામાં પધરાવે છે. વળી ભગવાન મહાવીર પરમાત્માને એવા ગુરુ તરીકે લક્ષમાં લેવડાવે છે કે મોકો આવ્યો ત્યારે 'મારો માલક શ્રેણિક શાનો ? માલિક તો એક, ભગવાન મહાવીર' ઊઠ્યા, દીક્ષા લીધી.

**આ સહેલું છે ?**

રોજની દેવતાઇ નવાણું પેટી માલ સાથે ઉતરતી હોય ત્યાં એ મૂકી દેવાનું ને ગુરુને પકડવાનું સૂઝે ? પણ પૂર્વભવેથી ખીર કરતાં ઘણા ઘણા ઉત્તમ સાધુ મહારાજ મળ્યા, તો ખીરનો ત્યાગ કરી દઇ, મનમાં સાધુમહારાજ, ગુરુમહારાજને સારા વધાવી લીધા વસાવી લીધા છે, એટલે અહીં પ્રભુને કેમ વધાવી ન લેવાય ? ખીરપ્રેમ જતો કરીને જ ગુરુપ્રેમ હૈયે વસાવ્યો છે, એટલે એના શુભ સંસ્કારના ફળમાં દેવતાઇ માલના પ્રેમને જતો કરીને ગુરુ મહાવીર પ્રભુનો પ્રેમ કેમ ન કરાય ?





જો જો ભગવાનની ભક્તિ કરવાનો અવસર મળ્યો હોય ત્યારે ભગવાન કરતાં નાણાં વધુ વહાલા કરી એ નાણાંને ભક્તિ માં જોડવાનું નથી કરાતું. એ સૂચવે છે કે મનમાં બેઠું છે.

**'નાણાં જેટલા કામના છે એટલા એ નાણાં ખરચીને ભગવાન દિલમાં વસાવેલા કામના નહિ' પરંતુ આ ઝેરી ભાવ છે.**

તમને લાગતું હશે કે

પ્ર૦-અમે ભગવાનને તો દિલમાં વસાવીએ જ છીએ અને એ વસાવેલા કામના એટલે કે લાભકારી માનીએ છીએ, પછી એવું ક્યાં માનવાનું આવ્યું કે ભગવાન દિલમાં વસાવેલા કામના નહિ ?' અમે કાંઇ એવું માનતા નથી.

ઉ૦-વાત ઠીક છે કે મનને એમ લાગે કે અમે ભગવાન દિલમાં વસાવેલા કામના માનીએ છીએ. પરંતુ એ ઉપલક દ્રષ્ટિએ લાગે છે. અંદર દ્રષ્ટિ નાખીને જોઇએ તો જરૂર દેખાશે કે 'નાણાં જેટલા કામના લાગે છે એટલા ભગવાન નહિ' કેમકે

**ભગવાનને દિલમાં વસાવવાનું બે રીતે થાય -**

એક તો કશી ભગવાનની ભક્તિનો ખર્ચ કર્યા વિના મિત્ર સ્નેહીની જેમ ભગવાનને દિલમાં વસાવ્યાનું મનાય અને

બીજુ, પત્ની પુત્રાદિના પ્રેમની જેમ પ્રભુની ભક્તિ ખાતર પૈસાનો ખાસો ભોગ આપીને દિલમાં વસાવ્યાનું મનાય.

આમાં પહેલામાં જોશો તો દેખાશે કે હૈયે પૈસા એવા વસાવ્યા છે કે પત્ની-પુત્રાદિની વાત આવે ત્યાં તો મન કહે છે કે 'એમની ખાતર તો ખર્ચ કરવો જ જોઇએ, નહિતર પૈસા એમને મૂકીને બીજા કોના માટે છે ? એ પત્ની-પુત્રાદિ આપણા જ છે એટલે પૈસા ટકા બધું એમના માટે જ છે, આમાં પત્ની પુત્રાદિને દિલમાં આ રીતે વસાવેલા છે કે પૈસા એમના માટે જ લાગે છે. પૈસા કામના લાગે એના કરતાં એ પત્ની પુત્રાદિ વધુ કામના લાગે છે.

પરંતુ કોઇ મિત્ર સ્નેહી માટે આવું થતું નથી કે 'એ આપણા જ છે, તે આપણા પૈસા એમના માટે જ છે' તેથી જો કે એમને દિલમાં વસાવાય છે કે 'આ મારા મિત્ર છે સ્નેહી છે', પરંતુ તે ઉપરછલ્લું, કેમકે એમની પાછળ પૈસાનો ભોગ નથી અપાતો. પત્ની પુત્રાદિને સારાં કપડાં, દાગીના, ખાનપાન મોજ શોખનાં સાધન, સગવડ, વગેરે બધું અપાય છે, એવું મિત્રસ્નેહીને નહિ.

આ પરથી આ તારવણી નીકળે છે કે

**(૧) મિત્ર સ્નેહી દિલમાં કેવા વસાવેલા ? -**

(૧) આપણા પૈસા જેટલા કામના છે, એટલા આ મિત્રસ્નેહી કામના નહિ. માટે, એમની ખાતર પૈસા ખોઇને (ખરચીને) એમને આપણા કરાય નહિ. અલબત મિત્રસ્નેહી આપણા છે, આપણા દિલમાં વસાવેલા છે, એટલે એમના પર પ્રેમ રાખવાનો, અરસપરસનું કામ કરવાનું, એ આપણું કરે, આપણે એમનું કરીએ, પરંતુ એમનો આપણા પૈસા પર કશો હક્ક નહિ. એમની ખાતર પૈસા ખરચવાથી કાંઇ વિશેષ નહિ.

**(૨) પત્નીપુત્રાદિ દિલમાં કેવા વસાવેલા ? -**

(૨) ત્યારે, પત્નીપુત્રાદિ માટે ઊલટી માન્યતા છે. એવી કે પૈસા જેટલા કામના છે એના કરતાં આ પત્નીપુત્રાદિ વધારે કામના છે. માટે, એમની ખાતર પૈસા ખરચીને એમને આપણા કરી રાખવા જોઇએ. એ આપણા છે. આપણા દિલમાં એવા વસાવેલા છે કે એમનો આપણા પૈસા પર હક્ક છે. એમની ખાતર આપણા પૈસા ખરચવાથી એમનો આપણા પર પ્રેમ જળવાય છે, ને પ્રેમ વધે છે.

બસ, ભગવાનને દિલમાં વસાવી શકાય એ કાં તો પત્નીપુત્રાદિની જેમ, યા મિત્રસ્નેહીની જેમ. તો હવે વિચારો કે,

**ભગવાન આપણા દિલમાં વસાવ્યા છે તે પત્ની-પુત્રાદિની જેમ ? કે મિત્રસ્નેહીની જેમ ?**

કહોને, ભગવાનને મિત્રસ્નેહીની જેમ દિલમાં વસાવ્યા છે, એટલે એમ થાય છે કે ભગવાનનો આપણા પૈસા પર હક્ક નથી. મન કહે છે 'મિત્રસ્નેહી પાછળ પૈસા ખરચીએ તો ય તે કાંઇ જીવનભર પત્ની પુત્રાદિની જેમ કામમાં આવે એમ નથી. એમ, ભગવાનની પાછળ પૈસા ખરચીએ તો ભગવાન પણ કાંઇ એવા કામમાં આવે એમ નથી.' આવું કાંઇક મનમાં વસી ગયું છે તેથી ભગવાન કરતાં પૈસા વધુ વહાલા કરાય છે.

કેવી દુર્દશા ગણાય ? અસલ તો સંસારમાં ભટકતાં જ્યારે અનાર્યદેશમાં કે આર્યદેશના હલકા કુળોમાં યા મિથ્યામતી કુળોમાં જનમ મળ્યો ત્યારે વીતરાગ અરિહંત ભગવાન જ મળ્યા નહોતા. હવે જ્યારે અહીં મહાપુણ્યે એ ભગવાન મળી ગયા છે ત્યારે પણ એમની પ્રત્યે કોઇ વિશિષ્ટ સત્કાર વ્યવહાર કરવાનું આવડતું





નથી, યા ખપતું નથી, જરૂરી લાગતું નથી.

**અરિહંતપ્રભુ પ્રત્યે જેમ જૈનેતરને રોજિંદો વિશિષ્ટ સત્કાર ન આવડે એમ જે જૈનને ન આવડે, એ જૈન કેટલો અભાગિયો ?**

જૈનને તો પત્ની-પુત્રાદિના સત્કાર કરતાં ય અરિહંત પ્રભુ પ્રત્યે રોજિંદો સત્કાર ઊંચો કરવાનો હોય. જૈનને અરિહંત ભગવાન પત્નીપુત્રાદિ કરતા ઊંચે સ્થાને કિંમતી-મહત્ત્વની સાથે દિલમાં વસેલા હોય. ત્યારે એટલે ઊંચે તો નહિ, પણ પત્નીપુત્રાદિની હરોળમાં ય અરિહંતને દિલમાં વસાવતાં ન આવડે, એ જૈન ભગવાનને પત્ની-પુત્રાદિના કરતાં વિશિષ્ટ રીતે તો શે દિલમાં વસાવી શકે !

વાંધો આ છે કે 'પૈસા કરતાં પત્ની વધારે કામની છે, એમ હૈયે બેઠું છે તેથી જરાક સારું કમાયો, તો બજારમાંથી સોનાનો નેકલેસ લાવી બૈરીના ગળે પહેરાવી ખુશી થાય છે, એવું ભગવાન માટે નથી કે પૈસાને પત્ની કરતાં પ્રભુ વધારે કામના છે,' તે નેકલેસ લાવીને પત્નીને બદલે પરમેશ્વરના ગળે પહેરાવી દે.

ત્યારે પત્ની પણ એવી જ મળી છે. ભાગ્યે જ કોઇ પત્ની વિરોધ કરતી હશે કે 'અમારા ગળામાં ઘાલવા શું આવ્યા ? મારા ગળે પહેરાવીને તમે પુણ્ય નહિ બાંધો, પાપ નહિ ખપે, સદ્ગતિ નહિ મળે. એ તો પ્રભુના ગળે પહેરાવો તો તમારું ને મારું બંનેનું કલ્યાણ થશે. મને પહોરાવવામાં તો તમારું ને મારું બંનેનું અહિત છે, આવું કહેનારી શ્રાવિકા કેટલી જોવા મળે ? આ તો સરખેસરખાનો યોગ મળ્યો !

**'જૈસે કું તૈસા મિલા, બંમનકું મિલ્યા નાઇ,** એકને દિખાઇ આરસી, તો દુસરેને તાલી બજાઇ !

આવો સરખેસરખાનો યોગ મળ્યો હોય ત્યાં કોણ કોનું ભલું કરે ? કોને ભગવાન યાદ આવે ? પત્ની માનતી હોય કે 'પતિ મને બહુ સુખ આપે છે માટે એ મારા પરમ ઊપકારી છે' ને પતિ માનતો હોય કે 'પત્ની મને બહુ સુખ આપે છે માટે એ મારી પરમ ઉપકારિણી છે,' ત્યાં હવે ભગવાનને પરમ ઉપકારી કોણ માને ? એ જો નહિ, તો જાતને ને આ માનેલા ઉપકારીને મૂકી ભગવાનને પૂજવાનું શણગારવાનું મનમાં ય શાનું સ્ફુરે ? વાત આ છે, કે

**ભગવાન પર હેત કેમ નહિ ? -**

પ્ર૦-પૂર્વભવે દાન દીધેલું એટલે અહીં પૈસાટકા વગેરે મળતું રહે છે, પરંતુ

ત્યાં હવે ભક્તિ માટે ભગવાન મુખ્યપણે કેમ યાદ નથી આવતા ? ભગવાન પર એટલું બધું હેત કેમ ઉભરાતું નથી ? બહુમાન આદર કેમ નહિ ? કે મળેલું મોટા ભાગે ત્યાં જ ધરાય ?

ઉ૦-આનુ સમાધાન આ છે કે 'પૂર્વે દાન તો દીધેલું પરંતુ ઉદ્દેશશુદ્ધિ નહોતી. સારા ઉદ્દેશથી દીધું નહોતું. ઉદ્દેશ મલિન એટલે અહીં પૈસા-પત્ની પરિવાર ઉપર જ ખાસ હેતનો મલિન ભાવ રહ્યા કરે છે. દાનની ઉદ્દેશશુદ્ધિ આ, કે

**પ્રભુને યા સાધુને દાન કરાય તે એમના પર અતિશય હેત-ભક્તિ બહુમાન વધારવાના ઉદ્દેશથી યા એ હેત વગેરેને ચરિતાર્થ કરવાના ઉદ્દેશથી.**

'પ્રભુ ! તમારી પૂજામાં મારા કિંમતી દ્રવ્ય લાવું છું. તેના ફળમાં તમારા પર મારા હૈયે અત્યંત હેત બહુમાન વધો' યા 'હેત છે તે ચરિતાર્થ થાઓ.' આ પ્રાર્થના કરાય. અથવા આ ઉદ્દેશ માટે જ સ્વદ્રવ્યાર્પણ થાય.

આ જો ઉદ્દેશશુદ્ધિ હોય, તો એની તીવ્ર અભિલાષા ઉભી થવાથી એના સંસ્કાર સરજાય, ને ભવિષ્યમાં એ જીવનમાં ખીલી ઉઠે. પ્રભુ પ્રત્યે એ વિશિષ્ટ પ્રેમ બહુમાન જગાવે. પૂર્વે જો દાનનો આ ઉદ્દેશ જ ન રાખ્યા હોય, તો અહીં પૂર્વે દાનથી પૈસાદિ મળવા છતાં ભગવાન પર વિશિષ્ટ હેત-ભક્તિ -બહુમાન ક્યાંથી લાવવા ?

**કુમારપાળને પૂર્વે ઉદ્દેશશુદ્ધિ**

કુમારપાળ મહારાજા એક વાર પ્રભુને આરતિ ઉતારતા સંકલ્પ કરે છે કે 'પ્રભુએ મને ૧૮ દેશનું સામ્રાજ્ય આપ્યું, ને હું પ્રભુને શું માત્ર એક જ ઋતુનાં ફૂલ ચડાવું ? ના, જ્યાં સુધી પ્રભુને છ ઋતુનાં ફૂલ ન ચડાવું ત્યાં સુધી મારે ચારે આહારનો ત્યાગ.'

ક્યાંથી આટલી બધી ભક્તિ ઉભરાઇ ? કહો પૂર્વ જનમમાં પ્રભુને માત્ર ૫ કોડીની કિંમતના ફૂલ ચડાવેલા, પરમ પાત્ર પ્રભુને માત્ર એટલું દાન જે કરેલું, તે આ પ્રભુભક્તિના ઉદ્દેશથી 'અહો ! આવા પ્રભુ મને મળ્યા, તો મારું સર્વસ્વ પાંચ કોડી, ને પ્રભુને એનાં ફૂલ ચડાવું. જેથી પ્રભુ પર મને ખરેખરો પ્રેમ વધે ! પ્રભુ પર મારો પ્રેમ સાર્થક થાય.' આવો કોઇક ઉદ્દેશ રાખ્યો હશે એટલે એના સંસ્કારે અહીં કુમારપાળ સમ્રાટને એ પ્રેમ ઊભરાતાં, થાય છે કે 'મારા પ્રભુને છ ઋતુનાં ફૂલ ચડાવું નહિ ત્યાં સુધી ભોજન-પાણી બંધ' પ્રભુપ્રેમ કેટલો બધો કે એ પ્રેમમાં વિશિષ્ટ ભક્તિ ન થાય ત્યાં સુધીના માટે ભોજનપાણી બંધ કર્યા ?

કુમારપાળ મહારાજાને જૈનધર્મ મળ્યા પછી જીવનનો ઉદ્દેશ નક્કી થઇ ગયો





કે હૈયામાં પરમાત્મા પ્રત્યેની પ્રીતિ-ભક્તિ -બહુમાન સારા વિકસી ઊઠવા જોઇએ, એવા કે 'એની આગળ સંસારના પદાર્થ તુચ્છ લાગે.' આ ઉચ્ચ ઉદ્દેશ પણ કાંઇ બેસી રહેવાથી સિદ્ધ ન થાય, કિન્તુ એને યોગ્ય ઉચ્ચ કાર્યવાહી જોઇએ, એટલે એ અવસરે અવસરે એવી પ્રવૃત્તિ કરતા રહે છે. એ સમજે છે કે

**અનંત જન્મોમાં દિલ તો અનંતી વાર મળ્યાં, પણ એ દિલમાં વિષયો જ વસાવ્યા, વીતરાગ નહિ ! એથી જ ભટકતા છીએ.**

**મોંઘેરું માનવ દિલ, એ વીતરાગને જ વસાવવા માટે -**

અહીં અનંત પુણ્યરાશિએ વીતરાગ પ્રભુ ઓળખવા મળ્યા તો હવે દિલમાં વીતરાગને જ સર્વેસવા વસાવી લઉં, જેથી ભવમાં ભટકવાનું મટે. ભવમાં ભટકવાનું રાગથી થાય છે, ને રાગ વીતરાગનાં આલંબને જ નષ્ટ થાય. દિલમાં જો વીતરાગને ધારણ કરીએ, તો એ સામે જડ પદાર્થો પરનો રાગ મોળો પડી જશે. 'મોંઘેરું માનવદિલ વીતરાગને જ વસાવવા માટે છે.' આ જો મનને નક્કી થઇ ગયું, તો પછી મનને એમ સહેજે થાય કે 'વીતરાગ ભગવાને તો રાગ-દ્વેષ-કામ-ક્રોધ-લોભ, મદ-માયા-મત્સર ભયશોક-ખેદ... વગેરે દોષોને તો ખાસ પ્રયત્નપૂર્વક 'હટાવી દીધેલા છે, તો જ એ વીતરાગ જગત્પૂજ્ય બનેલા છે, ને એટલે જ હું એમને માનું છું, તો પછી મારે એમને નજર સામે રાખી, એ દોષોને હટાવવાના.'

આ કાર્ય કરવું હોય તો વીતરાગની ભક્તિનાં કાર્ય ખૂબ કરતા રહેવું જોઇએ, અને એ રાગ-દ્વેષાદિ દોષોને પોષનારી પ્રવૃત્તિ ઓછી કરતા રહેવું પડે એમ, વીતરાગની ભક્તિની આડે આવે એવી કોઇ પણ વ્યક્તિ કે વસ્તુને મહત્ત્વ ન અપાય.

**વીતરાગ દિલમાં વસ્યા એ, કે જ્યાં એમને ભુલાવે એવી કોઇપણ વસ્તુ-વ્યક્તિને એવું મહત્ત્વ ન અપાય.**

આ હિસાબ પર જ મહારાજા કુમારપાળ છ ઋતુનાં ફૂલથી વીતરાગની ભક્તિ કરવા ચાહે છે. તો એ ન થાય ત્યાં સુધીના માટે ચારે આહારનો ત્યાગ કરી દીધો ! કેવો ભીષ્મ ત્યાગ ! શું કર્યું એમણે ? કાયા અને આહારપાણીને મહત્ત્વ ન આપ્યું, પ્રભુની ભક્તિને મહત્ત્વ આપ્યું. અરે ! આમાં તો આહારપાણી વિના મૃત્યુને ય ભેટવાનું થાય ને એમાં તો રાજ્યપાટ વગેરેનાં સુખ-સન્માન પણ જાય ! જાય તો ભલે જાય, વીતરાગની ભક્તિ આગળ એ તુચ્છ છે. કોણ એને મહત્ત્વ જ આપે છે ?

**મહત્ત્વ વીતરાગનું એમની ભક્તિનું પણ દુન્યવી વસ્તુ કે એના સુખનું નહિ.**

વીતરાગ ભગવાનને દિલમાં વસાવવા માટે આ માનવભવ અને માનવદિલ-માનવબુદ્ધિ મળી છે. તેથી આ ઉંચા માનવ ભવ-દિલ-બુદ્ધિ મળ્યાનો ઉંચો ઉદ્દેશ આ, કે દિલમાં વીતરાગ વસી જાય.

આ ઉંચા ઉદ્દેશને સિદ્ધ કરવા માટે ઉંચી કાર્યવાહી આ, કે વીતરાગની ભક્તિ-ના કાર્ય ખૂબ કરવાનાં ને એની આડે આવનારા તન-મન-ધન અને સગાઓ તથા સત્તા-સન્માનને મહત્ત્વ નહિ દેવાનું.

જુઓ વીતરાગના ભક્તિનાં કાર્યો જુઓ. તો એમાંથી આ સમજાશે કે એમણે વીતરાગની ભક્તિ ને મહત્ત્વ આપી કોઇએ તનને, કોઇએ ધનને, કોઇએ સગાને, તો કોઇએ સત્તા-સન્માનને કેવા ગૌણ લેખી મહત્ત્વ વિનાના લેખી ભક્તિ ખાતર એનો ત્યાગ કરી દીધો !

**રામચંદ્રસૂરિએ તન જતું કર્યું -**

કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજના પટ્ટધર આચાર્ય શ્રી રામચંદ્રસૂરિજી મહારાજે એ ખાતર તનની આહુતિ આપી દીધી. વીતરાગ પ્રભુના સ્થાપેલા ગુરુની ભક્તિ એટલે વીતરાગની ભક્તિ . ગુરુ ભક્તિ ખાતર ગુરુનું વચન અખંડપણે પાળ્યું.

રાજા અજયપાલ કહે છે 'આ બાલચંદ્ર મુનિને આચાર્યપદ આપો, નહિતર આ ધગધગતી લોખંડી તવા પર બેસી જાઓ.

ગુરુ બાળચંદ્ર મુનિને આચાર્યપદ દેવાની મના કરી ગયા છે, તો એ આજ્ઞા પાળવા ખાતર એને એ આચાર્યપદ નહિ આપતા એ ધગધગતા તવા પર બેસી ગયા ! ગુરુભક્તિ એટલે વીતરાગની ભક્તિ . દિલમાં ગુરુ વસાવ્યા એને મહત્ત્વ આપી તનને મહાત્ત્વ ન આપ્યું, તન શેકાઇ જવા દીધું.

**(૨) વીતરાગ દિલમાં રાખી ઇંદ્રભૂતિએ મન જતું કર્યું -**

જુઓ, ઇંદ્રભૂતિ ગૌતમ વિદ્વાન બ્રાહ્મણ વીતરાગ મહાવીર ભગવાન સાથે વાદ કરીને જીતવા આવ્યા હતા કે 'તમે સર્વજ્ઞ નહિ, હું સર્વજ્ઞ' પરંતુ પોતાના મનનો સંશય ભગવાને કહી આપ્યો એટલામાં તો એમણે એ વીતરાગ ભગવાનને દિલમાં એવા વસાવી લીધા કે હવે વાદ કર્યા વગર જ ભગવાનને સર્વજ્ઞ માની લીધા ! અને પોતાને અલ્પજ્ઞ માની પ્રભુની પાસે સમજવા બેસી ગયા. શું કર્યું આ ? ભગવાનને દિલમાં વસાવી પોતાના મનને મહત્ત્વ ન આપ્યું 'હું જ સર્વજ્ઞ' એવા





અભિમાનવાળું મન જતું કર્યું. અરે ! આગળ વધીને સંશય છેદાઇ જતાં 'હું ચુસ્ત બ્રાહ્મણ, હું યજ્ઞ કરનારો, હું ગૃહસ્થ' આવું મન પણ ખત્મ કર્યું, અને ત્યાં ને ત્યાં જ ભગવાનના શિષ્ય મુનિ બનીને બેસી ગયા ! ભગવાનને દિલમાં વસાવ્યા પછી કેવું કેવું મન જતું કર્યું !

**ગૌતમે અભિમાની મન કેવી રીતે મારી નાખ્યું ?**

ભગવાન કહે છે 'ગૌતમ ! આનંદશ્રાવકને મિચ્છામિ દુક્કડં દઇ આવો.' તો ગૌતમ મહારાજ તરત જ ખુશીથી આનંદશ્રાવક પાસે જઇ મિચ્છામિ દુક્કડ દે છે ! કોણ ? ભગવાનના ૧૪૦૦૦ શિષ્યોમાં વડેરા પ્રથમ ગણધર ! તે પણ સ્વયં અંતર્મુહૂર્ત માત્રમાં દ્વાદશાંગી ચૌદપૂર્વની રચના કરનારા ! તે પણ વળી મહાઅવધિ-જ્ઞાન ધરનારા ! આટલા બધા ઊંચા પદે રહેલા એક ગૃહસ્થની સામે જઇ મિચ્છામિ દુક્કડં દે ? પણ એમણે અનાદિનું અભિમાની મન કેટકેટલું મારી નાખ્યું હોય ત્યારે આ બને ? કેવી રીતે મન મારી નાખ્યું ? ભગવાનને દિલમાં વસાવીને, અથવા દિલમાં વસાવવાનો ઉદ્દેશ સિદ્ધ કરવો છે માટે મન મારી નાખ્યું !

**'મારે ભગવાન દિલમાં વસાવવા છે. એ ભગવાનના કહ્યા મુજબ મારી ભૂલનો બહુ નીચા માણસ આગળ પણ મિચ્છામિ દુક્કડં કરી લઉં તો જ બને.**

આ ભાવ હૈયે રાખ્યો હોય તો જ અહંત્વવાળા મનને ખત્મ કરાય.

ભગવાન દિલમાં પૂરા વસાવવા છે,

માટે એમની અંતિમ દેશના વખતે ગૌતમસ્વામીએ શું કર્યું ? સોળ પહોરની પ્રભુની મધુરી દેશના ચાલી રહી હોય ત્યાં એમને વચમાં જ ઉઠાડીને પ્રભુ જવાનું કહે તે એમના મનને ગમે ?

શું એમ કહેવાનું મન ન થાય કે 'પ્રભુ ! જરાક દેશના પૂરી થાય પછી જાઉં તો ? એટલામાં દેવશર્મા ક્યાં ભાગી જવાનો હતો ?' ના,

**પ્રભુને દિલમાં પૂરેપૂરા વસાવવા છે તો પ્રભુના બોલ આગળ આપણા મનની રૂચિ-ગણતરી, આપણુ મન, બાજુએ મૂકવું જોઇએ.**

બસ, ગૌતમ મહારાજે પોતાની રુચિનું મન જ મારી નાખેલું, તેથી મધુરી દેશના જ સાંભળવાના મહાઆનંદવાળા મનને ફગાવી દીધું અને પ્રભુની આજ્ઞાના પાલનનું મન ઉત્તેજિત કરી લીધું, કેમકે એનું જ મહત્ત્વ રાખેલું, તે ઝટ ઉઠ્યા અને ચાલ્યા દેવશર્માને પ્રતિબોધ કરવા.

અરે ! એમને એટલો પણ વિચાર ન આવ્યો કે 'પ્રભુ અત્યારે જ કેમ આવી આજ્ઞા કરે છે ? લાવ જોઉં અવધિજ્ઞાનથી, યા વિશિષ્ટ શ્રુતજ્ઞાનથી.' જોયું હોત તો જેમ ઇન્દ્રને અવધિજ્ઞાનથી પ્રભુનો નિર્વાણ સમય જણાઇ ગયો, ને ત્યાં એણે પ્રભુને અંતર્મુહૂર્ત આયુષ્ય વધારવા પ્રાર્થના કરી, એમ ગૌતમસ્વામીને પણ પ્રભુનો નિર્વાણસમય દેખાઇ જાત ! તો તો પ્રભુને પ્રાર્થના જ કરત ને કે 'આવા સમયે બાપજી ! કાં મોકલો ?' પરંતુ ના, પ્રભુની આજ્ઞા પર એમને પોતાના મનથી વિચાર જ નથી કરવો કે 'પ્રભુ અત્યારે મને કેમ આવો આદેશ કરે છે ? લાવ જોવા દે અવધિજ્ઞાનથી' પ્રભુની આજ્ઞા આગળ પોતાનું મન, પોતાનો વિચાર જ મારી નાખ્યો છે, આપમતિ ખતમ કરી દીધી છે.

**વીતરાગને દિલમાં વસાવવા છે ? તો એમની આજ્ઞા આગળ મનનો ભોગ આપી આપમતિ ખતમ કરો.**

**(૩) વીતરાગ દિલમાં વસાવવા ધરણાશાહનો ધનભોગ -**

વીતરાગને દિલમાં વસાવવા છે ને ? તો તનના ને મનના ભોગની જેમ ધરણાશાહે ધનનો ભોગ કેવો આપ્યો એ વિચારો, ને વિચારીને ધનભોગ આપતા ચાલો. શું થયું ધરણશાહને ? માત્ર એક સ્વપ્નું આવ્યું, નલિનીગુલ્મ વિમાનનું. એટલા માત્ર સ્વપ્ના પર કોડ જાગ્યો કે 'આવું મારા પ્રભુનું દેરાસર કરું તો કેવું સારું !' પાછા કોડ કરીને માંડવાળ ન કરી કે 'ભાઇ ! કોડ તો કરીએ છીએ પણ આપણું શું ગજું ?' કેમ માંડવાળ નહિ ? કારણ છે, 'વીતરાગ ભગવાન દિલમાં વસાવવા છે તો એમની ભક્તિ ખાતર ધનનો રાગ પડતો મૂકી ધનનો ખાસો ભોગ આપવો જોઇએ' આવું ધરણશાહ સમજે છે.

ધનનો ભોગ કેટલો મોટો ? તે માત્ર એક જિનમંદિર ખાતર ! ક્યું મંદિર ? આજે રાણકપુરમાં છે તે. ખર્ચ કેટલો ? તે કાળના નવાણું કરોડ રૂપિયા ! પહેલાં તો કારીગર કહે છે 'શેઠ ! તમે કાંઇ સમજો છો ? કે આવા વિમાન જેવા મંદિરને બંધાવવા ખર્ચ કેટલો ?'

પરંતુ શેઠ કહે 'ભલા આદમી ! ખર્ચની ચિન્તા તું શું કામ કરે ? ખર્ચના પૈસા મારા અને મહેનત કારીગરી તારી.' શું ? પૈસા 'મારા'. સમજ્યાને ? સંઘમાં ટીપ-ટપ્પો નહિ કરવાનો. માત્ર પોતાનો જ ખર્ચ. જિનભક્તિનો લહાવો લેવો છે ને ? પ્રભુને ખરેખર દિલમાં વસાવ્યા હોય કે વસાવવા હોય ત્યારે ભારે ભોગ આપીને ભક્તિ કરતાં સંકોચ ન થાય. વિના સંકોચ કચવાટ ૯૯ ક્રોડ ખરચી





લીધા !

પ્ર૦-માત્ર એક મંદિર પાછળ આટલો મોટો ખર્ચ ?

ઉ૦-હા, એનું કારણ છે. એક ભવ્ય મંદિરને નિહાળવા ત્યાં પ્રભુના દર્શન અર્થે, પૂજન અર્થે, સેંકડો વરસ આ મંદિર રહે. ત્યાં સુધી કેટલા લોકો આવવાના ? લાખો ક્રોડો લોકો ! એટલા બધા લોકોના દિલમાં કેવાં કેવાં દર્શન-પૂજનાદિ થાય ? એમાં અંતરમાં કેવા કેવા શુભ ભાવો જાગે ?

**જીવનમાં શુભ ભાવોનું ઘણું ઉંચું મહત્વ છે. મરુદેવાદિને વૈરાગ્યના શુભ ભાવ -**

માતા મરુદેવા, ભરત ચક્રી, પૃથ્વીચંદ્ર-ગુણસાગર વગેરે વિલક્ષણ સંયોગમાં પણ શુભ ભાવથી ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા !

મુનિને કાયોત્સર્ગમાં શુભ ભાવ વધી જતાં અવધિજ્ઞાન થયું ! કાયોત્સર્ગ તો આપણે ય કરીએ છીએ, ને એમણે પણ પહેલાં અનેકાનેક વાર કાયોત્સર્ગ કરેલા, પરંતુ કેમ અવધિજ્ઞાન નહિ. એ તો અહીં શુભ ભાવ વધી ગયા, તો એણે અવધિજ્ઞાનાવરણ કર્મ તોડયા, ને અવધિજ્ઞાન પ્રગટ થઇ ગયું.

**શુભ ભાવની બલિહારી છે.**

**ઋષિઘાતકને પશ્ચાત્તાપનો ને રોહીણિયાને કૃતજ્ઞતાનો શુભ ભાવ -**

એટલા માટે તો ઝાંઝરિયા ઋષિનો ઘાતક પણ રાજા પાપના ઘોર પશ્ચાત્તાપના શુભ ભાવ પર આગળ વધતાં વધતાં ત્યાં જ કેવળજ્ઞાન પામી ગયો ! તો રોહિણિયો ચોર સીધો ચારિત્રમાર્ગે ચડી ગયો. શી રીતે ? આવા કોઇક શુભ ભાવ જગાવવા પર, 'અહો ! વર્ધમાનસ્વામીનાં ત્રણ વચને મને જીવતદાન આપ્યું, તો એમના આ ઉપકારથી હવે બાકીનું જીવન એમને ચરણે જ ધરી દેવું. આ નવું જીવન એમણે આપ્યું, તો હવે આ જીવન પર હક એમનો, જીવન એમને જ સોંપ્યું. એ કૃતજ્ઞતાનો શુભ ભાવ છે. એ શુભ ભાવે ચોરપણું મુકાવી, માત્ર શાહુકાર-ગૃહસ્થપણું ન લીધું. માત્ર શાહુકાર શ્રદ્ધાળુ શ્રાવકપણું નહિ, કે વ્રતધારી શ્રાવકપણું જ નહિ, કિન્તુ સીધું સાધુપણું જ સ્વીકારી લીધું.

આ વિચાર કેટલો સુંદર છે !

**પ્રભુએ જીવતદાન અર્થાત્ નવું જીવન આપ્યું, તો કૃતજ્ઞ બની, જીવન પ્રભુચરણે.**

**અર્ણિકાપુત્રને દયાનો શુભ ભાવ -**

એકેક શુભ ભાવ અનેરી પ્રાપ્તિ કરાવે છે. અણિકાપુત્ર આચાર્યને નદી પર દેવતાના ભાલે વિંધાતાં જીવદયાનો શુભ ભાવ ઉલ્લસિત થયો, 'અરેરે ! આ બિચારો ભાલા વિંધનાર જીવને ભયંકર પાપ બંધાવાથી ભાવી કેટલી દુઃખદ દશા ! અને નીચે પડતા મારા લોહીથી પાણીના અસંખ્ય જીવોને, કેવું ભયંકર મરણાન્ત દુઃખ !' આ શું છે ? પોતે એકને પાપમાં નિમિત્ત થવાનો, બીજાને દુઃખમાં નિમિત્ત થવાનો સંતાપ છે, દયાર્દ્રતા છે, દયા છે, એમાં એકના પર ભાવદયાનો, ને બીજા પર દ્રવ્યદયાનો શુભ ભાવ છે, પાપ બાંધે છે એની ભાવદયા, ને મરણાન્ત દુઃખ વેઠે છે એની દ્રવ્યદયા.

**અર્ણિકાપુત્રને શરીર પર અનાસક્તિનો શુભભાવ**

એમને દયાનો ભાવ આવવા પર એ જીવોને પાપમાં દુઃખમાં પોતાનું શરીર નિમિત્ત બની રહ્યું જોઇ શરીર પર ઘૃણા થઇ કે, અરે ! આ મારું શરીર ગોઝારુ કે એ છે તો એક જીવ એમાં ભાલો વિંધવાનું પાપ કરે છે, ને આ જ મારું શરીર છે તો એનું લોહી નીચે પડીને અસંખ્ય જીવોને જાનથી હણે છે !' એમ પોતાના શરીર પર ઉત્કટ ઘૃણા થતાં એના પરથી આસક્તિ ઉઠી ગઇ, અનાસક્તિનો શુભ ભાવ પ્રગટ્યો.

આમ અર્ણિકાપુત્ર આચાર્યને દયા-અહિંસાના અને અનાસક્તિના શુભ ભાવ જાગ્યા. એણે કેવળજ્ઞાન અપાવ્યું.

**અશુભ ભાવ કર્યે શું આપત્તિ ટળે ?**

બોલો, શુભ ભાવમાં કશો ધનવ્યય કે કષ્ટ છે ? ના, છતાં એનો પ્રભાવ કેટલો બધો ! કે ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચાડે. ધ્યાન રાખજો, અર્ણિકાપુત્ર આચાર્યે આવા શુભ ભાવ ન જગાવ્યા હોત અને 'ના આવું તે કેમ સહન થાય ? એના બાપનું મેં શું બગાડ્યું હતું ? હરામી ! પાપી ! હાય કેટલું દુઃખ આમ અશુભ ભાવ જગાવ્યા હોત તો ય કાંઇ ભાલે વિંધાયાની ઘોર પીડા અટકવાની-મટવાની નહોતી. એ કષ્ટ તો રહેવાનું જ હતું. હવે દયા-અનાસક્તિ નો શુભ ભાવ કરવાથી શું નવું કષ્ટ વહોરવાનું હતું ? એના બદલે ભાલે વિંધનાર સામા જીવ પર દ્વેષ હિંસા ચિંતવ્યે, એ કષ્ટ ક્યાં મટવાનું હતું ? ભાલાની વિંધામણ તે ઠેઠ મોત સુધી પહોંચાડનાર હતી જ. એટલે

**શુભ ભાવ કોઇ નવું કષ્ટ કે કષ્ટમાં વૃદ્ધિ કરતા જ નથી, બલ્કે કષ્ટની**





**મનોવેદનામાં રાહત આપે છે ને જીવને ઊંચે ચડાવે, એ જુદું.**

શુભ ભાવમાં કષ્ટ નહિ, ધનખર્ચ નહિ, છતાં ફળમાં કષ્ટમાં રાહત અને ઠેઠ કેવળજ્ઞાન પ્રગટે.

તમને ખપે આવો શુભ ભાવ ?

આજના અનેક પ્રકારના કષ્ટોમાં મનોવેદના-મનઃસંતાપ કેટલા ? અને એ કેવા લાંબા ચાલનારા ?

કષ્ટ વખતે મનમાં શુભ ભાવ મનમાં લાવો તો મનને વેદના ન રહે, રહે તો ઓછી રહે.

**કુમારપાળને વિષપ્રયોગ છતાં શુભ ભાવ -**

કુમારપાળ રાજાને અજયપાળે પ્રપંચ કરીને ઝેર અપાવ્યું. ઝેર શરીરમાં પજળ્યું, ને વેદના ઊભી થઇ. મનને થયું કે 'અરે ! મને ઝેર ચડ્યું છે ? લાવ એને વિષહર મણિથી ઉતારી નાખું' આ શું થયું ? મનને વેદના થઇ 'અરેરે ! મને ઝેર ?' પછી ખજાનચી પાસે એ મણિ માગ્યો. ખજાનચી તપાસ કરી આવી કહે છે, 'મહારાજા ! મણિ ચોરાઇ ગયો. લાગે છે !'

હવે અહીં કુમારપાળને શું થાય ? એક તો ઝેર ચડ્યાનું કષ્ટ તો હતું જ, એમાં આવો મહામૂલ્યવાન અને જીવતદાન આપે એવો વિષહર મણિ ચોરાયાનું બીજું કષ્ટ આવ્યું. મનોવેદના કેટલી બધી વધી જાય ?

'હાય' આવો મણિ ચોરાયો ? કોણ હરામી એ ઉઠાવી ગયો ? અથવા આ ખજાનચીએ જ ચોર્યો ન હોય ? લાવ લાવ એને કોરડા મરાવીને એની પાસેથી મણિ કઢાવું !'...આ બધું શું છે ? મનને સંકલેશ, મહાસંકલેશ. એ મનોવેદના જ છે. પરંતુ મહારાજા કુમારપાળને આ કાંઇ થતું નથી. 'તો હાય ! હું મરી જઇશ ? આ ઝેરની કેટલી બધી વેદના ? નસો ખેંચાઇ રહી છે. ઓય વોય ! સહન થતું નથી,' આવું ય કશું થતું નથી. કેમ એમ ? કહો,

**શુભ ભાવ કષ્ટમાં મનોવેદનાને હટાવે છે -**

મહારાજા કુમારપાળ તરત જ શુભ ભાવમાં વળી ગયા. એ ચિંતવે છે, 'વર્ષોના વફાદાર ખજાનચી પર આરોપ ચડાવવો નકામો છે. જે અજયપાળે આ ઝેર અપાવ્યું લાગે છે, એણે જ પહેલેથી જ વિષહર મણિની ચોરીનો પેંતરો રચ્યો હોવાનો સંભવ છે, અને હવે અજયપાળને પકડાવી દંડવાનો અવસર નથી, કેમકે ઝેરની અસર વધતી જાય છે, એમાં હમણાંજ મોત આવી જશે, ને આ ઘડભાંગમાં અંતિમ

આરાધના કરી લેવાનું રહી જશે, ને હું દુર્ગતિમાં ચાલ્યો જઇશ. પછી ત્યાં તો આવો ધર્મસમજ અને ધર્મવાળો મનુષ્યભવ જ નથી, એવી બુદ્ધિ જ નહિ, તેથી આરાધના જ કરી લઉં' શું આ ? શુભ ભાવ.

**કુમારપાળની અંતિમ આરાધના -**

ખેર, ઝેર મળ્યું, હીરો ગયો, એ બધું મારા અશુભ કર્મનો જ પ્રભાવ છે. એમાં ખજાનચી કે અજયપાળને દોષ દેવો નકામો છે. ભલું થાઓ અજયપાળનું. એ બિચારો પાપથી બચો. સર્વ જીવોને ખમાવું છું એમાં એનો વિશેષે કરીને ખમાવું છું. 'ભાઇ ! તારા પર મને દ્વેષ આવી ગયો. તેની ક્ષમા માગું છું.' હવે હું જન્મ-જન્માન્તરના મારાં દુષ્કૃતોની નિન્દા કરું છું. મિચ્છામિ દુક્કડં, મિચ્છામિ દુક્કડં, મિચ્છામિ દુક્કડં. હવે મારે ચારનું જ શરણ છે અરિહંતો મે સરણં, સિદ્ધા મે સરણં, સાહૂ મે સરણં, જિણધમ્મો મે સરણં, એજ મારા તારણહાર, એજ મારા રક્ષણહાર, એજ મારું શુભ કરનારા. બસ, નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં...''

રાજા કુમારપાળ આ શુભ ભાવમાં ચડી ગયા, ત્યાં હવે મનોવેદના ક્યાં ઊભી રહે ? ગઇ મનોવેદના, ગઇ ચિત્તની અસ્વસ્થતા-અસમાધિ. સમાધિમાં કાળ કરીને સ્વર્ગમાં લગભગ ૮૨,૦૦૦ વર્ષના આયુષ્ય ને દેવઅવતાર પામી ગયા ! પૂછો

પ્ર૦-કુમારપાળ દેવ થયા એમનું લગભગ ૮૨૦૦૦ વર્ષનું આયુષ્ય શી રીતે ?

ઉ૦-એનું આ ગણિત છે, શ્રેણિક મહારાજા આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થવાના છે, ને કુમારપાળનો જીવ એમના ગણધર તરીકે થનાર છે. એટલે બંને એક કાળમાં થવાના. હવે શ્રેણિક રાજા મરીને નરકમાં ગયા ત્યાં એ ૮૪૦૦૦ વર્ષનું નરક આયુષ્ય ભોગવીને તીર્થંકરના ભવમાં આવવાના. કુમારપાળ રાજા વિક્રમની બારમી સદીમાં થયા, અને વિક્રમસંવત્સર વીરનિર્વાણ પછી ૪૭૦ વર્ષ શરૂ થયો. શ્રેણિક રાજા મહાવીર પ્રભુના સમયમાં એટલે એમની પછી કુમારપાળ લગભગ ૧૭૦૦ વરસ પછી, અર્થાત્ મોટા આંકડામાં લગભગ ૨૦૦૦ વરસ પછી થયા. તેથી એમનું દિવ્ય આયુષ્ય અંદાજ ૮૨૦૦૦ વર્ષ હોય, તો એ શ્રેણિક-પ્રથમ તીર્થંકરના સમકાળમાં ગણધરનો ભવ પામી શકે. અસ્તુ

વાત આ છે કુમારપાળને અંતિમ વિષપ્રયોગ થતાં ભયંકર શારીરિક વેદના વખતે પણ મનોવેદના અટકી, કારણ ? એ શુભ ભાવમાં આવી ગયા.